પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૩-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

દુનિયામાં સૌથી મુશ્કેલ કામ, કામથી કામ રાખવું એ છે...

ન્યુ રીનોવેટેડ A/c. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

## હિન્દી-ચીની ભાઈ-ભાઈ!!!

# ૬ વર્ષ પછી લીપુલેખ વિસ્તારમાંથી ભારત-ચીન વેપાર કરશે

## સરહદી તણાવની સ્થિતિ વચ્ચે વેપાર માટે વિદેશ મંત્રાલયની મંજૂરીઃ જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલશે ટ્રેડ સેશન

**અબતક, નવી દિલ્હી**

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલા લિપુલેખ પાસ દ્વારા ભારત અને ચીન વચ્ચેનો સરહદી વેપાર છ વર્ષના લાંબા વિરામ બાદ આ વર્ષે ફરી શરૂ થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારના નિર્દેશો બાદ જિલ્લા પ્રશાસને આગામી જૂનથી સપ્ટેમ્બર મહિના વચ્ચે ચાલનારા આ વેપાર સત્ર માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિદેશ મંત્રાલય દ્વારા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા બાદ આ વેપાર માર્ગ ફરી ખુલવાનો રસ્તો સાફ થયો છે.



જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગાઈએ જણાવ્યું હતું કે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઉત્તરાખંડના મુખ્ય સચિવ આનંદ વર્ધનને પત્ર લખીને હિમાલયન પાસ દ્વારા વેપાર પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે. આ પત્રમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ગૃહ મંત્રાલય તેમજ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જરૂરી મંજૂરીઓ આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૨૬ની ટ્રેડ સીઝન માટે તમામ વિભાગોને સંકલન સાધીને સંપૂર્ણ તૈયારીઓ કરવા સૂચનાઓ આપી દેવાઈ છે અને બંને પક્ષો વચ્ચે બહેતર સંકલન માટે સ્થાનિક અધિકારીઓની વિગતો ચીની અધિકારીઓ સાથે પણ શેર કરવામાં આવશે.

આ સરહદી વેપારને સુચારુ રૂપથી ચલાવવા માટે વેપાર પાસ આપતી સત્તામંડળો, કરન્સી એક્સચેન્જ સંભાળતી બેંકો, કસ્ટમ વિભાગ અને ધારચુલા વહીવટીતંત્રને એક વ્યાપક એક્શન પ્લાન તૈયાર કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ પ્લાનમાં ટ્રાન્ઝિટ કેમ્પ, સંચાર સુવિધાઓ, બેંકિંગ સેવાઓ, સુરક્ષા વ્યવસ્થા અને વેપારીઓ માટે તબીબી સહાય જેવી તમામ જરૂરી વ્યવસ્થાઓનો સમાવેશ કરવામાં આવશે જેથી વેપારીઓને ટ્રેડ સેશન દરમિયાન કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

નોંધનીય છે કે તિબેટ સાથે લિપુલેખ માર્ગે થતો આ વેપાર અગાઉ લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ ૧૯૯૨માં ફરી શરૂ થયો હતો, પરંતુ ૨૦૧૯માં કોવિડ-૧૯ મહામારીના કારણે તેને અટકાવી દેવામાં આવ્યો હતો. પિથોરાગઢમાં સીમાંત વ્યાપાર સંગઠનના પ્રમુખ જીવન સિંહ રોંકલીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે આ માર્ગ ફરી ખૂલવાથી વેપારીઓને મોટો ફાયદો થશે. ૨૦૧૯માં વેપાર બંધ થયો ત્યારથી તિબેટના તાકલાકોટના ગોડાઉનમાં ફસાયેલો તેમનો માલસામાન હવે પરત લાવી શકાશે.

ભારત-ચીન બોર્ડર ટ્રેડ શરૂ કરવા (અનુ. આઠમા પાને)

આવકજાવક ટ્રેનમાં, પ્રવાસ કન્ફોર્મ
બ્રેકફાસ્ટ-લંચ-ડીનર-હોટેલ
Dt.May 5,12,19,26
કાશ્મીર
શ્રીનગર-વૈષ્ણોદેવી ગુલમર્ગ-સોનમર્ગ
દિઃ૧૧ 22,500/-
દિઃ૧૬ કાશ્મીર સાથે મનાલી 36,000/-
સિમલા મનાલી
ડેલ્હાઉસી,ખજીયાર અમૃતસર,વાઘાબોર્ડર
દિઃ૧૧ 22,500/-
વૃંદાવન યાત્રા સંઘ M: 98983 50096



રાજકોટની નામાંકિત
આરાધના હોસ્પિટાલીટી પ્રા. લી.
ની સુપ્રસીધ્ધ બ્રાન્ડ
ZAF'S tea
250gm-500gm & 1kg ના
પેકિંગ ચા ની પતિનું બહોળું વેચાણ કરવા માટે
જુના તથા નવા રાજકોટ વિસ્તાર માટે
ડીસ્ટ્રીબ્યુટર નિમવાના છે
ઈચ્છુક વેપારીઓએ તેઓની વિગત, અનુભવ
તથા રોકાણ ક્ષમતાં વગેરે માહિતી સાથે સંપર્ક કરવો.
આરાધના હોસ્પિટાલીટી પ્રા. લી.
એ-૨૧૨, ૯સ્કવેર, નાનામૌવા રોડ, મારવાડી બિલ્ડીંગ પાસે, રાજકોટ.
9259292924 - 7575032929



મલબાર ગોલ્ડ & ડાયમંડ્સ
the Big Brilliant Sale
આ સિઝનની સૌથી રોમાંચક ઑફર્સ સાથે ચમકવાનો સમય છે
જેને તમે ચૂકવા નહીં માંગો.
ફ્લેટ 8%* મેકિંગ ચાર્જ- પ્લેન ગોલ્ડ જ્વેલરી માટે
30%* સુધી ની છૂટ ડાયમંડ વેલ્યુ પર
40%* સુધી ની છૂટ અનકટ, એન્ટિક ગોલ્ડ અને જેમસ્ટોન જ્વેલરીના મેકિંગ ચાર્જીસ માટે
ઑફર્સ 31 માર્ચ 2026 સુધી લંબાવવામાં આવી છે.
વેડિંગ એડવાન્સ પ્લાન

| AMOUNT PAYABLE (%) | BOOKING PERIOD |
|---|---|
| 10 | UP TO 30 DAYS |
| 20 | UP TO 90 DAYS |
| 30 | UP TO 120 DAYS |
| 50 | UP TO 180 DAYS |
| 100 | ABOVE 180 DAYS |

FREE* SILVER COIN WITH AKSHAYA TRITIYA ADVANCE BOOKING AT 10% ONWARDS
0% DEDUCTION ON OLD GOLD EXCHANGE
SELL YOUR OLD GOLD TO GET MAXIMUM CASH VALUE & ASSURED SAME-DAY PAYMENT
ડી.એચ. કોલેજ પાસે, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ.
સાથે જ: સીજી રોડ, અમદાવાદ । સેટેલાઇટ રોડ, અમદાવાદ । વડોદરા । સુરત । વાપી । ભાવનગર
09562 916 916 | BUY ONLINE AT: malabargoldanddiamonds.com | 14 દેશોમાં 425 થી વધુ શૉરૂમ્સ

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે



પ્રસ્તુત છે
અમૂલ ગાયનું દૂધ
હવે નવા પૅકમાં
Amul Cow Milk
500 mL : ₹29*
અમૂલ દૂધ
અમૂલ દૂધ પીતા હૈ ઇંડિયા



Kaneriya Oil Industries
www.ranioil.com
Since 47 Years
મૂલ્યવાન ભરોસો,
મૂલ્યવાન તેલ
RANI®
GOLD સિંગતેલ
કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી
તૈયાર થતું કોઈપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થય અને ચયાપચય સાથે
અદ્દભૂત તાલ મિલાવે છે.
કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- યુનિટી પ્લસ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

કુટિર એવમ નાના નાના ઔદ્યોગિક એકમથી લઈને તમામ પ્રકારના હસ્ત કલાના એકમના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા હળવું હળવું લાભદાયક નીવડશે. અગ્નિ તત્વને સંબંધિત કોઈ ને કોઈ નાનું મોટું વિઘ્ન આવવાની પૂરી શક્યતા. રસાયણના જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું જણાશે. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડે તેવા સંયોગ. સર્વિસ બિઝનેસના જાતક માટે સાનુકૂળ સપ્તાહ. સરકારી કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ, સાથે બદલીના સંયોગ. ખાનગી કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે સાનુકૂળ સપ્તાહ ૨૭, ૨૮ માર્ચ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ એવમ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ પણ સાવ સરેરાશ નીવડશે અથવા હળવું પ્રતિકૂળ નીવડશે. કાપડ સંબંધિત ઉદ્યોગ-ધંધા, વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે, આ સપ્તાહે પણ અણધાર્યા ફાયદા થવાની સંભાવના. મધ્યમ કદના વ્યાપાર વણિજ ધરાવતા જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સરેરાશ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સારુ રહેશે. કેવળ, ૨૩ માર્ચ સામાન્ય જણાશે.

## મિથુન — ક,છ,ઘ

પેટ્રોકેમિકલ્સ, પેટ્રોલિયમ તથા અન્ય, પ્રવાહી જવલનશીલ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, ધંધા ઉદ્યોગમાં નવી નવી તક આવવાની પણ સંભાવના. ધંધા વ્યવસાયના અધૂરા તથા પેન્ડિંગ રહી ગયેલ કાર્ય પૂરા થઈ જશે તેવી પૂરી શક્યતા અને સંયોગ પણ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ સાથે બઢતીના સંયોગ. સગા સાથે સુમેળ થવાના સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ૨૪ માર્ચ મધ્યમ રહેશે.

## કર્ક — ડ,હ

જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યક્તિ, તેમજ અન્ય, સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. પશુ આહાર, શાકભાજી, પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ સંબંધિત કૃષિ વિષયક ધંધા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે અણધાર્યા ફાયદા થવાના સંજોગ. મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભકારી જણાશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૫ માર્ચ મધ્યમ રહેશે.

## સિંહ — મ,ટ

ઉચ્ચસ્થ એવમ સ્વગૃહી સૂર્ય વાળા જાતક આ સપ્તાહ પ્રગતિકારક નીવડશે. સરકારી વિદ્યાલયના શિક્ષક તેમજ ખાનગી વિદ્યાલયના શિક્ષક તેમજ અન્ય કર્મચારી માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજના જાતક તથા છૂટક વ્યાપારી કે ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. નાની અમથી બાબતમાં સગા તથા સ્નેહીજનો વચ્ચે હળવો ખટારાગ થઈ શકે તેવા સંયોગ આથી સમજ અને નિયંત્રણથી વ્યવહાર કરવો. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે ઉતમ સપ્તાહ. ૨૭ માર્ચ મધ્યમ રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાયમાં અત્યાધિક લાભ મળવાની પૂર્ણ સંભાવના. તમામ પ્રકારના કન્સલ્ટીંગ અથવા પરામર્શ પ્રદાન કર્તા એકમના જાતક તેમજ તમામ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકર્તા નીવડશે. કેમિકલ્સ એકમ તેમજ ફાર્મા કેમિકલ એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી જણાશે. નાના એવમ છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. ૨૪ માર્ચ સાધારણ જણાશે.

## તુલા — ર,ત

નાના નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી નીવડશે સાથોસાથ અનેક નવી તકોના સંયોગ. જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જથ્થાબંધ ગ્રેઈન ગ્રોસરીના વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. આ સિવાયના અન્ય, વ્યાપાર વાણિજ્ય તેમજ વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ હળવુ લાભકારક નીવડશે. પરિશ્રમ વાળા ધંધા વ્યાપારના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકારી જણાશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ આંશિક કે અર્ધ પ્રતિકૂળ નીવડે પૂર્ણ શક્યતા. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ અથવા સામાન્ય નીવડશે. ગૃહિણી, મહિલા કર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે. ૨૮ માર્ચ અર્ધ-પ્રતિકૂળ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહે અધૂરા રહી ગયેલા કામકાજ પૂર્ણ થઈ જવાના સંયોગો. ધંધા ઉદ્યોગમાં અનેક નવી નવી તક મળવાની સંભાવનાઓ. ઈલેક્ટ્રીસીટી-ઈલેક્ટ્રોનિક્સ, સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે સાથે ભાગદોડ પણ જણાશે. આ સિવાયના,અન્ય, ઔદ્યોગિક એકમ તથા વાણિજયના એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગ. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ જણાશે. સગા, સ્નેહી તથા મિત્ર સાથે સુમેળ થઈ જવાના સંજોગ. મહિલા કર્મીઓ, ગૃહિણી તથા નિવૃત્ત, તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયી જણાશે. ૨૨ માર્ચ મધ્યમ જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

પોલીમર્સ તેમજ તેને રીલેટેડ પ્લાસ્ટીક, સ્પોંજ તથા ફોર્મનાં ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અને સામાન્ય નીવડે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય, તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. જથ્થાબંધ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. છૂટક વ્યાપારી તેમજ પરિશ્રમ વાળા+ફેરી કરતા વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૫ માર્ચ સામાન્ય રહેશે.

## મકર — ખ,જ

પબ્લીક ફિગર્સ તથા સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આયુર્વેદ ઉત્પાદ/ આયુર્વેદ ફાર્મસી તથા હર્બલ ફાર્માસ્યુટીકલના જાતક એવમ યોગના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. તમામ કન્સલ્ટિંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહેશે. વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી અથવા સાનુકૂળ જણાશે. ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી રહેશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૨ તથા ૨૪ માર્ચ સાધારણ નીવડશે.

## કુંભ — ગ,શ,ષ

સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ દરમિયાન ભાગદોડ રહેવાની પૂર્ણ સંભાવના. કોટન તથા તેના રેડીમેડ ક્લોથ્સના તમામ ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય રહે તેવી પૂરી શક્યતા. મશીનરીઝ ઉદ્યોગ સમેત મોટા ઉદ્યોગ-વ્યાપાર-વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે ન નફો ન નુકસાન વાળું આ સપ્તાહ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે બઢતી બદલીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે હળવું સાનુકૂળ સપ્તાહ. કુટુંબીજન સાથે થયેલા વિખવાદનો સુખદ અંત આવશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. ૨૪ માર્ચ અર્ધ-સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ

આ સપ્તાહે જેટલી આવક થશે તેટલી જ જાવક રહેવાની પૂર્ણ સંભાવના, આથી સમજી વિચારીને ખર્ચ કરવા. મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મ્સ તેમજ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અતિ દોડધામ વાળું નીવડશે. ખાદ્ય તેલ તેમજ પ્રવાહી જવલનશીલ પદાર્થ તથા કોલસા સંબંધિત ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. આ સિવાયના,અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૨૭ માર્ચ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).

---

### આજે વિશ્વ કવિતા દિવસ

# હ્રદયના ઊંડા ખુણે છુપાયેલા ભાવોને બહાર લાવવા માટેનું એકમાત્ર માધ્યમ એટલે "કવિતા"

## શબ્દોમાં વિશ્વ, કવિતામાં આત્મા: કવિતાની સર્વવ્યાપકતા અને તેની અંદરની આત્મીય શક્તિને ઉજાગર કરે છે: કવિતાનો ઉત્સવ જ ભાવનાની અભિવ્યક્તિ છે, તે માનવતાનું સંગીત છે


નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કવિતા એટલે ભાવનાઓ, વિચારો અને કલ્પનાઓને સુંદર, લયબદ્ધ અને કલાત્મક શબ્દોમાં વ્યકત કરવાની સાહિત્યિક શૈલી. તેમાં શબ્દોની પસંદગી, છંદ, તુક અને અભિવ્યકિત દ્વારા વાંચકના હ્રદયને સ્પર્શવાનો પ્રયત્ન થાય છે. કવિતા માત્ર શબ્દોનો સમૂહ નથી, પરંતુ લાગણીઓની અભિવ્યક્તિ છે. માણસ પોતાના આનંદ, દુઃખ, પ્રેમ, પ્રકૃતિપ્રેમ કે વિચારોને સામાન્ય ભાષા કરતા વધુ અસરકારક અને સૌંદર્યપૂર્ણ રીતે રજૂ કરે તેને કવિતા કહેવાય છે. કવિતાને સંવાદ અને સાંસ્કૃતિક વિવિધતાના માધ્યમ તરીકે પ્રોત્સાહન આપવા, યુનેસ્કોએ ૧૯૯૯માં પેરીસમાં આ દિવસ શરૂ કર્યો હતો.

કવિતામાં સામાન્ય રીતે લય (રિધમ), તુક (રાઈમ), છંદ અને કલ્પના મહત્વના હોય છે, પણ દરેક કવિતા માટે આ બધું હોવું જ જરૂરી નથી. કેટલીક કવિતાઓ મુક્ત છંદમાં પણ લખાય છે, જેમાં વિચારોને સ્વતંત્ર રીતે રજૂ કરવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો કવિતા એ હ્રદયની લાગણીઓને શબ્દોના રૂપમાં એવી રીતે વ્યક્ત કરવાનું કળા છે કે જે વાંચનાર અથવા સાંભળનારના મનને સ્પર્શે. આજના દિવસનું મહત્વમાં કવિતા લોકોને પ્રેરણા, શાંતિ અને એકતા આપે છે, ભાષાઓની વિવિધતા જાળવે છે.આ વર્ષની ઉજવણી થીમમાં ઘણીવાર વ્યાપક સાંસ્કૃતિક અર્થઘટન લે છે, ત્યારે વિશ્વ કવિતા દિવસ ૨૦૨૬ ની ભાવના પ્રેરણા, ઉપચાર અને એકતા માટે શબ્દોની શક્તિ પર કેન્દ્રિત છે. કવિતા એક એવું માધ્યમ છે જેના દ્વારા લોકો ઓળખ, સમાજ, પ્રેમ, પ્રકૃતિ અને ન્યાય પર ચિંતન કરે છે. ભાષા, સંસ્કૃતિ અને લાગણીઓને જાળવવામાં કવિતા અર્થપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે સામાન્ય વાણીમાં વ્યક્ત કરવા મુશ્કેલ હોય તેવા વિચારોને અવાજ આપે છે અને પ્રતિબિંબ અને સંવાદ માટે સર્જનાત્મક જગ્યા પ્રદાન કરે છે. શાળાઓમાં, કવિતા કલ્પના, સહાનુભૂતિ અને ભાષામાં આત્મવિશ્વાસનું પોષણ કરે છે. સમાજમાં, તે માનવ અનુભવોને યાદગાર અને ગતિશીલ રીતે દસ્તાવેજીકૃત કરવામાં મદદ કરે છે.

કવિતા એ માનવીના હ્રદયની સૌથી સમીપની લાગણી છે. આ લાગણી જયારે અક્ષર દેહે કાગળ પર લખાય ત્યારે કવિતા-ગઝલનો થાય ઉદય થાય છે. ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા માધ્યમોની પોસ્ટમાં તસવીર સાથે લખાયેલા વાકયો મનને પ્રફુલ્લિત કરે છે.આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં કવિતાનો ઓછો ઉપયોગ થાય છે, પણ સોશિયલ મીડિયામાં લખાયેલી એક-બે લાઈન દિલ જીતી લે છે. આજે તો કવિતા વાંચન, લેખન અને પઠન સાથે કવિ સંમેલન મુશાયરા પણ યોજાય છે.



**લાગણી જયારે અક્ષર દેહે કાગળ પર લખાય ત્યારે કવિતા-ગઝલનો થાય ઉદય: ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા માધ્યમોની પોસ્ટમાં તસવીર સાથે લખાયેલા વાકયો મનને પ્રફુલ્લિત કરે છે: આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં કવિતાનો ઓછો ઉપયોગ થાય છે, પણ સોશિયલ મીડિયામાં લખાયેલી એક-બે લાઈન દિલ જીતી લે છે**

કવિઓની ઉર્મિસભર રચનાઓને પ્રોત્સાહીત કરવા આજનો દિવસ છે. પ્રેમ અને ભકિતના સમન્વયથી રચાયેલી ઉમદા કવિતા માનવ જીવનનું આભુષણ છે. મીરાબાઈની દરેક રચનામાં કૃષ્ણ ભકિત અને પ્રેમ ભકિતના વિવિધ પાસાઓને શબ્દ દેહે શણગાર્યા છે.

આજનો દિવસ પ્રેમ હુંફ અને લાગણીઓ સાથે કલ્પનાની દુનિયા ઉમેરાય અને કવિના શબ્દો થકી પ્રેમ કાવ્ય, વિરહમાં ગઝલ રચાય જાય છે. આજનો દિવસ જીવનમાં કવિતાઓનું મહત્વ સમજાવવા દર વર્ષે ઉજવાય છે. આ ઉજવણીની શરુઆત વિશ્વમાં પ્રથમવાર પેરીસ શહેરથી કરવામાં આવી હતી. પ્રાચિન કાળથી કૃષ્ણ ભકિતના મીરાબાઈની ઘણી રચના જોવા મળે છે. પ્રેમ અને સુંદરતાની રજુવત કરવા કવિતાથી સારુ માધ્યમ કોઈ નથી. બધા જ કવિઓએ સ્ત્રીની સુંદરતા, ચહેરા, આંખ, કેશ, હોઠ, ગાલ જેવા વિવિધ અંગોની સુંદરતા પર કવિતા લખ્ય છે. દરેક કવિ પોતાના મનમાંથી કવિતાનું સર્જન કરીને તેને જન્મ આપે છે. યુનેસ્કો દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી કરીને કાવ્યાત્મક અભિવ્યકિત અને વિવિધ ભાષાકિય વિવિધતાને સપોર્ટ કરીને લુપ્ત થતી ભાષાઓની રચનાને સાંભળવવાની તક પુરી પાડે છે. કવિતા દિવસ એટલે વૈશ્વિક કાવ્ય લેખન, લેખન, વાંચન, પ્રકાશન અને તેના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. કવિના હ્રદયમાં ઉદભગતી લાગણીઓ અને તેને શબ્દોનું લેખન સાથે તેનો અલંકારીક શણગાર એક પ્રેમમય કાવ્ય બનાવે છે. કવિતા સાક્ષરતાના પ્રસાદ પહેલા પણ અસ્તિત્વમાં હતી જ, કવિતા માનવ જાતિના અસ્તિત્વની મુંઝવણો સાથે પડઘો પાડીને અંદરના વિચારોને બહાર કાઢે છે. વિશ્વ કવિતા દિવસને કાવ્ય દિવસ કે અંગ્રેજીમાં વર્લ્ડ પોએટરી દિવસ પણ કહેવાય છે.

'કવિતા' એ હ્રદયની સૌથી સમીપની લાગણી છે એક પાનામાં વ્યકત કરી ન શકીએ ત્યારે કવિ માત્ર એક બે વાકયોમાં હ્રદય પીગળી જાય તેવા શબ્દોમાં કરી જાય છે. કાવ્ય દ્વારા દેશના દરેક નાગરીકના હૈયામાં દેશભકિતનું નિરુપણ પણ કરી શકાય છે. હ્રદયના ઊંડા ખુણે છુપાયેલા ભાવોને બહાર લાવવા માટેનું એક માત્ર સાધન એટલે કવિતા છે. આજના ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં પણ પૃથ્વી પરના દરેક માનવીના મનમાં, આત્મામાં એક સુંદર કવિતા ઝંખે છે. કવિતા આંતરિક શકિત પણ છે, સાથે કવિ તેની રચના દ્વારા અંધારામાંથી પણ અજવાળા તરફનો માર્ગ શોધી લે છે.

---



## તા.૨૨-૩ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ ચોથ વિનાયક ચોથ
**નક્ષત્ર** ભરણી
**યોગ** વૈધૃતિ **કરણ:** વણિજ
**સુર્યોદય** ૬.૫૦ **સુર્યાસ્ત:** ૬.૫૯
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૮ | | | | ૩ | |
| | | | | | | | ૬ | |
| ૮ | ૫ | ૭ | | ૪ | | ૧ | ૯ | |
| | ૭ | ૧ | ૯ | | | ૨ | | ૩ |
| ૩ | | | | ૧ | ૨ | ૯ | | ૬ |
| | | | | | | | ૧ | ૫ |
| | ૩ | | | ૮ | ૧ | | | ૯ |
| ૨ | ૧ | | | | | ૬ | ૫ | ૭ |
| | ૯ | ૪ | | | ૭ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૮૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૮ | ૩ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૩ | ૯ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ | ૨ | ૯ |
| ૮ | ૨ | ૪ | ૩ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૩ | ૯ | ૧ | ૫ | ૨ | ૪ | ૬ | ૭ | ૮ |
| ૬ | ૭ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૧ | ૮ | ૬ | ૭ | ૫ | ૩ | ૯ | ૨ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૪ | ૩ | ૮ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ | ૭ |

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૨૧-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (આજ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૪૦ પોડકાસ્ટ (મેન્ટલ હેલ્થ)
૦૪:૪૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૨-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્કુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૪:૦૦ પાટડી : પરમ શ્રધ્ધેય શ્રી જગાબાપાની ૧૩મી પુણ્યતિથિએ ભવ્ય સંતવાણી (લાઈવ)

**તારીખ ૨૩-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૨.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ ચોથ, ભરણી નક્ષત્ર, વૈધુતિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
**વૃષભ (બ,વ,ઉ) :** આવક જાવકનો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
**મિથુન (ક,છ,ઘ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
**સિંહ (મ,ટ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.
**કન્યા (પ,ઠ,ણ) :** માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
**તુલા (ર,ત) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.
**વૃશ્ચિક (ન,ય) :** તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.
**મકર (ખ,જ) :** તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદમાં વીતે.
**કુંભ (ગ,સ,શ) :** નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

---

## નાડી જ્યોતિષ પ્રમાણે આ છ ગ્રહો સાથે પરિણામ આપતા જોવા મળે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ વાટાઘાટ અને અર્થવ્યવસ્થાના સ્વામી બુધ મહારાજ ૨૧ માર્ચ થી માર્ગી બની રહ્યા છે જે ૨૧ તારીખ કે એના પછી વાટાઘાટોના દરવાજા ખોલી આપશે અને અર્થવ્યવસ્થા માટે પણ સારું કામ કરશે. ગોચર ગ્રહોની વાત કરીએ તો એક અલગ જ ભાત ગોચર ગ્રહોમાં જોવા મળે છે અને ત્રણ ગ્રહો મંગળ બુધ અને રાહુની યુતિ કુંભ રાશિમાં જ્યારે સૂર્ય શનિ શુક્રની યુતિ મીન રાશિમાં જોવા મળે છે અગાઉ લખ્યા મુજબ મીન જળતત્વની રાશિ છે માટે જળતત્વમાં વિશેષ હલચલ જોવા મળે જયારે વાયુતત્વમાં મંગળ બુધ અને રાહુ એરસ્પેસ બાબતે વીટમ્બણાઓ સર્જે અને એક બીજા દેશ ફાઈટર જેટના એરસ્પેસ બાબતમાં સેન્સેટિવ બને. ત્રણ ત્રણ ગ્રહોની યુતિ બાજુ બાજુની રાશિ કુંભ અને મીન માં છે જે અલગ જ પેટર્ન બનાવે છે અને નાડી જ્યોતિષ પ્રમાણે આ છ ગ્રહો સાથે પરિણામ આપતા જોવા મળે જેમાં રાહુ અને મંગળનો પ્રભાવ વિશેષ જોવા મળે છે જે વધુ ઉશ્કેરણી બતાવે પરંતુ બુધના માર્ગી થવાથી વાતચીતનો દોર શરુ થતો જોવા મળશે જે આશાનું કિરણ ગણી શકાય.

# એક તરફી પ્રેમીની જેમ યુદ્ધ જીતી ગયાનો ટ્રમ્પનો દાવો

## ટ્રમ્પે ઈરાન યુદ્ધ 'સમેટી લેવા'ના સંકેત આપ્યા, પરંતુ સીઝફાયરનો ઈનકાર કર્યો

### અમેરિકા અને યુરોપના લશ્કરી થાણા પર મિસાઈલ મારો કરતું ઈરાન

ઈરાને તાજેતરમાં હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના અત્યંત સુરક્ષિત ગણાતા 'ડિએગો ગાર્સિયા' લશ્કરી બેઝ પર બે બેલેસ્ટિક મિસાઈલો છોડીને દુનિયાને ચોંકાવી દીધી છે. આ હુમલો દર્શાવે છે કે ઈરાન પાસે હવે ૪,૦૦૦ કિલોમીટરથી વધુ દૂર પ્રહાર કરવાની ક્ષમતા છે, જે યુરોપિયન દેશો અને અમેરિકી હિતો માટે મોટો ખતરો છે. પેન્ટાગોનના અહેવાલ મુજબ, એક મિસાઈલને હવામાં જ તોડી પાડવામાં આવી હતી, જ્યારે બીજી મિસાઈલ લક્ષ્ય ચૂકી ગઈ હતી.

માત્ર અમેરિકા જ નહીં, પરંતુ ઈરાને તેના સાથી સંગઠન હિઝબુલ્લાહ દ્વારા લેબનોન સરહદેથી ઈઝરાયેલ પર હજારો રોકેટ છોડ્યા છે. ઈઝરાયેલ દ્વારા લેબનોન અને સીરિયામાં કરવામાં આવતી એરસ્ટ્રાઈકના જવાબમાં ઈરાને તેની મિસાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈઝરાયેલના સંરક્ષણ કવચ 'આયર્ન ડોમ'ને પડકાર ફેંક્યો છે. બીજી તરફ, ઈરાનના સેનાપતિઓએ ચેતવણી આપી છે કે જો યુરોપિયન દેશો અમેરિકાને સાથ આપવાનું ચાલુ રાખશે, તો તેમના દૂતાવાસો અને લશ્કરી મથકો પણ સુરક્ષિત રહેશે નહીં.

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ કોઈ 'એક તરફી પ્રેમી' જેવું જોવા મળી રહ્યું છે. એક તરફ તેઓ ઈરાન સાથેના યુદ્ધને સમેટી લેવાની વાતો કરી રહ્યા છે, તો બીજી તરફ સામા પક્ષની સંમતિ વગર જ પોતે 'યુદ્ધ જીતી ગયા' હોવાનો એકતરફી દાવો કરી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, ટ્રમ્પ યુદ્ધ રોકવા માંગે છે પણ તેઓ વિધિવત 'સીઝફાયર' (યુદ્ધવિરામ)ના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા તૈયાર નથી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે અમેરિકા તેના સૈન્ય લક્ષ્યો પ્રાપ્ત કરવાની ખૂબ જ નજીક છે. તેમણે પત્રકારોને રોકડું પરખાવતા કહ્યું કે, ''મને લાગે છે કે અમે જીતી ગયા છીએ. જ્યારે તમે સામેવાળા પક્ષને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરી રહ્યા હોવ, ત્યારે સીઝફાયર કરવાની કોઈ જરૂર રહેતી નથી.'' ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન હજુ પણ નમતું જોખવા તૈયાર નથી અને વળતા પ્રહારો કરી રહ્યું છે.

ઈરાનનો વળતો પ્રહાર ''દુશ્મન બઘવાઈ ગયો છે''

બીજી તરફ, ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ નવરોઝ (પારસી નવું વર્ષ) ના અવસરે આપેલા સંદેશમાં ટ્રમ્પના દાવાઓને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે ઈરાને દુશ્મનને એવો 'ચકરાવે ચડાવી દે તેવો ફટકો' માર્યો છે કે હવે અમેરિકી નેતૃત્વ વિરોધાભાસી અને અર્થહીન વાતો કરી રહ્યું છે. તેહરાનમાં હજુ પણ વિસ્ફોટોના અવાજો સંભળાઈ રહ્યા છે, જે દર્શાવે છે કે જમીની હકીકત ટ્રમ્પના દાવા કરતા અલગ છે.

આ એકતરફી દાવાઓ વચ્ચે વિશ્વના અન્ય દેશો ભારે કિંમત ચૂકવી રહ્યા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ૩.૩ ટકાનો નો ઉછાળો આવ્યો છે અને તે ૧૧૨.૧૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. વોલ સ્ટ્રીટ પર રોકાણકારોમાં ફાળ પડી છે અને શેરબજારના તમામ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા છે.



ટ્રમ્પે એવી પણ ધમકી આપી છે કે જો ઈરાન હોર્મુઝનો રસ્તો ખુલ્લો નહીં કરે, તો અમેરિકા ઈરાનના મુખ્ય તેલ હબ 'ખાર્ગ આઈલેન્ડ' પર કબજો મેળવી શકે છે અથવા તેની નાકેબંધી કરી શકે છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ અમેરિકી ગ્રાઉન્ડ ટ્રૂપ્સ (પાયદળ) મોકલવા માંગતા નથી, પરંતુ ૨,૫૦૦ વધારાના મરીન સૈનિકો વિસ્તારમાં મોકલી દેવામાં આવ્યા છે. અંતે, ટ્રમ્પ ભલે પોતાની જીતના નગારા વગાડતા હોય, પરંતુ સીઝફાયરના અભાવે અને ઈરાનના અડગ વલણને કારણે આ યુદ્ધ ક્યારે શાંત થશે તે અંગે હજુ પણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

### હોર્મુઝ અમારો માર્ગ નથી, હવે જે વાપરે તે જ રક્ષણ કરે ટ્રમ્પ થાક્યા

ટ્રમ્પે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અમેરિકા હવે ઈરાન વિરુદ્ધના યુદ્ધને 'ધીમે-ધીમે સમાપ્ત' કરવાની તૈયારીમાં છે. જોકે, આ દરમિયાન તેમણે વિશ્વના અન્ય દેશો અને ખાસ કરીને નાટો (સાથી દેશો પર આકરી ટીકા કરી છે.

ટ્રમ્પે પત્રકારો અને સોશિયલ મીડિયા પર ભારપૂર્વક જણાવ્યું કે, ''સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝની સામુદ્રધુની) માંથી અમેરિકાનો માલ પસાર થતો નથી. અમે હવે ઉર્જા ક્ષેત્રે સ્વનિર્ભર છીએ.'' તેમણે તર્ક આપ્યો કે ચીન, જાપાન અને યુરોપિયન દેશો આ માર્ગનો સૌથી વધુ ઉપયોગ કરે છે, તેથી ત્યાં પેટ્રોલિંગ અને સુરક્ષાની જવાબદારી પણ હવે તેમણે જ ઉઠાવવી જોઈએ.ટ્રમ્પે સાથી દેશોની નિષ્ક્રિયતા પર ગુસ્સો ઠાલવતા તેમને 'ડરપોક' ગણાવ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે અમેરિકા લડી રહ્યું હોય ત્યારે બધા જોયા કરે છે, પરંતુ હવે જ્યારે જવાબદારી વહેંચવાની વાત આવી ત્યારે સાથી દેશો પીછેહઠ કરી રહ્યા છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં યુદ્ધ વચ્ચે ભારતના ૨ ગેસ ટેન્કર રવાના

**અબતક, રાજકોટ**


દુનિયામાં દરિયાઈ માર્ગે થતા કુલ ઓઈલ અને ગેસના વેપારનો આશરે ૨૦% હિસ્સો માત્ર એક જ સાંકડા માર્ગ 'હોર્મુઝ સ્ટ્રેટ' પર નિર્ભર છે. ઈરાન અને ઓમાનની વચ્ચે આવેલી આ જળધારા સાઉદી અરેબિયા,યુએઈ, કુવેત અને ઈરાક જેવા દેશો માટે તેલ નિકાસનો એકમાત્ર રસ્તો છે. જો આ રસ્તો બંધ થાય તો વિશ્વના પાંચમા ભાગનો ઈંધણ પુરવઠો ખોરવાય તેમ છે, જેના કારણે ભારત જેવા દેશોમાં તેલની કિંમતો આસમાને પહોંચી શકે છે.ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના વધતા તણાવને લીધે સ્થિતિ ગંભીર બની છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાની ચીમકી ઉચ્ચારી છે. આ ધમકીના પરિણામે સેંકડો જહાજોની અવરજવર થંભી ગઈ છે અને છેલ્લા કેટલાક સમયથી એક પણ મોટું જહાજ ત્યાંથી નીકળી શક્યું નથી. આમ, આ અત્યંત મહત્ત્વનો દરિયાઈ માર્ગ અત્યારે વ્યવહારિક રીતે સંપૂર્ણપણે બંધ જેવો જોવા મળી રહ્યો છે.

ભારતની ચિંતામાં વધારો થયો છે કારણ કે હાલમાં ખાડી વિસ્તારમાં ભારતના ૨૨ જહાજો ફસાયેલા હોવાના સમાચાર મળી રહ્યા છે. આ જહાજોમાં ભારત માટે અત્યંત મહત્ત્વના ગણાતા એલપીજી ટેન્કરો, 'પાઈન ગેસ' અને 'જગ વસંત'નો પણ સમાવેશ થાય છે, જે રસોઈ ગેસ લઈને ભારત આવી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિ મુજબ, આ બંને ટેન્કરો અત્યારે યુએઈના શારજાહ પાસે લંગર નાખીને ઊભા રાખવામાં આવ્યા છે. જોકે, લેટેસ્ટ રિપોર્ટ્સ અનુસાર, આ જહાજો શનિવારે પોતાની આગળની મુસાફરી શરૂ કરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળે છે.

# જો યુદ્ધ વકરે તો ભારત, પાક., સાઉદી અરેબિયા અને ગલ્ફ સહિતના દેશોમાં ઈન્ટરનેટ ઠપ્પ થઈ જશે

## ફેસબુકની પેરન્ટ કંપની 'મેટા'એ આફ્રિકા અને ગલ્ફ દેશોને જોડતા ૪૫ હજાર કિમી લાંબા ઈન્ટરનેટ કેબલ પ્રોજેક્ટનું કામ હાલ પૂરતું રોક્યું

**અબતક, દિલ્હી**



અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની સૌથી મોટી અસર હવે તમારા મોબાઈલ અને કોમ્પ્યુટરના ઈન્ટરનેટ પર પડી શકે તેમ છે. લાલ સમુદ્ર અને હોર્મુઝની સામુદ્રધુનીમાં બિછાવવામાં આવેલા દરિયાઈ કેબલ જો યુદ્ધની ઝપેટમાં આવ્યા, તો આખી દુનિયાનું ડિજિટલ જોડાણ તૂટી શકે છે.

ફેસબુકની પેરન્ટ કંપની 'મેટા' એ આફ્રિકા અને ગલ્ફ દેશોને જોડતા ૪૫,૦૦૦ કિમી લાંબા '૨' ઈન્ટરનેટ કેબલ પ્રોજેક્ટનું કામ હાલ પૂરતું રોકી દીધું છે. કેબલ નાખવાનું કામ કરતી કંપની એ હાથ ઊંચા કરી દીધા છે. તેમનું કેબલ નાખતું ખાસ જહાજ ' ' હાલ સાઉદી અરેબિયાના દરિયાકાંઠે ફસાઈ ગયું છે. દુનિયાનું ૯૫% ઈન્ટરનેટ ટ્રાફિક જમીન પરથી નહીં, પણ દરિયાની નીચે રહેલા ફાઈબર ઓપ્ટિક કેબલ્સ દ્વારા ચાલે છે.

(અનુ. આઠમા પાને)

# ઔદ્યોગિક ડીઝલના ભાવમાં ૨૫ ટકાનો જબરદસ્ત વધારો

## બલ્ક ડીઝલ ૨૨ રૂપિયા મોંઘું થયું, પ્રીમિયમ પેટ્રોલ પણ મોંઘુઃ એસટી બસોને રાહત પણ અન્ય બલ્ક વપરાશકર્તાઓ માટે ખર્ચ વધ્યોઃ સામાન્ય પેટ્રોલ-ડીઝલના ભાવ યથાવત




**અબતક, નવી દિલ્હી**

ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાની અસર હવે ભારતીય ઉર્જા ક્ષેત્ર પર દેખાવા લાગી છે. સરકારી ઓઈલ કંપનીઓએ બલ્ક ખરીદદારો માટે ડીઝલના ભાવમાં પ્રતિ લિટરે ૨૨ રૂપિયા એટલે કે લગભગ ૨૫% નો તોતિંગ વધારો ઝીંક્યો છે. જોકે, રાહતની વાત એ છે કે આ વધારામાંથી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એસટી બસો)ને બાકાત રાખવામાં આવ્યા છે. આ સાથે જ પ્રીમિયમ પેટ્રોલના છૂટક ભાવમાં પણ પ્રતિ લિટરે ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

સામાન્ય જનતા માટે રાહતની વાત એ છે કે રેગ્યુલર પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં ઈન્ડિયન ઓઈલના પ્રીમિયમ પેટ્રોલની કિંમત હવે ૯૯.૮૯ રૂપિયાથી વધીને ૧૦૧.૮૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. બીજી તરફ, બલ્ક વપરાશકર્તાઓ માટે

(અનુ. આઠમા પાને)


ગુજરાત સરકાર


આદિજાતિ વિસ્તારમાં પહોંચ્યા વિકાસના લાભ અપાર





આદિજાતિ વિકાસ વિભાગ માટે ₹5,425 કરોડની જોગવાઈ

- અંદાજે 2 લાખ 35 હજાર વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા ₹909 કરોડની જોગવાઈ
- 665 આશ્રમ શાળાઓના 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ₹595 કરોડની જોગવાઈ
- સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મૉડલ રેસિડેન્શિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામ માટે ₹679 કરોડની જોગવાઈ
- આદિજાતિ વિસ્તારમાં ઉદ્વહન સિંચાઇ યોજના માટે ₹485 કરોડની જોગવાઇ
- આદિજાતિ વિસ્તારના કુલ 14 જિલ્લાઓના 651 ગામોને આવરી લેતી 26 જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે ₹280 કરોડની જોગવાઇ
- આદિવાસી વિસ્તારોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને રોજગારી વધારવા 5 GIDCની સ્થાપના કરાશે
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશિયાલિટી/મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલ/ જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ ₹22 કરોડની જોગવાઈ

વિકસિત ભારત ગુજરાત બજેટ વિકસિત ગુજરાત





"આદિજાતિ બંધુઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારને પ્રાધાન્ય આપતું આ બજેટ 'આદિજાતિ બંધુઓને દ્વાર પહોંચ્યા વિકાસના લાભ અપાર' એ સંકલ્પને ખરા અર્થમાં સાર્થક કરશે. આદિજાતિ સમાજના સર્વાંગી ઉત્કર્ષ થકી જ આપણે એક મજબૂત અને વિકસિત ગુજરાતનું નિર્માણ કરી રહ્યા છીએ."

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# મિલેટ મહોત્સવનો પ્રારંભ: ‘આહાર એજ ઔષધ’ના મંત્ર સાથે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન

## નાના મવા સર્કલ ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ડો. દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં બે દિવસીય મેળાનો ધમધમાટ: મિલેટની વાનગીઓ અને ઓર્ગેનિક કઠોળ બન્યાં આકર્ષણનું કેન્દ્ર



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટના નાના મવા સર્કલ ખાતે ૨૦ અને ૨૧ માર્ચ એમ બે દિવસ માટે ‘મિલેટ મહોત્સવ’ અને ‘પ્રાકૃતિક ફાર્મર માર્કેટ’નું અત્યંત પ્રભાવશાળી આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ખેતીવાડી ખાતા દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવાનો અને સામાન્ય જનતાને જાડા ધાન્ય (મિલેટ)ના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓથી માહિતગાર કરવાનો છે. આ મહોત્સવના ઉદઘાટન પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, અને ભાજપ અગ્રણી માધવ દવે સહિતના રાજકીય અને સામાજિક મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

### પ્રાકૃતિક ખેતી એ ઝેરમુક્ત આહારનો સંકલ્પ:નિધિ કલોલા



ઓર્ગેનિક ખેતી સાથે જોડાયેલા નિધિ કલોલાએ ભાર મૂકતા કહ્યું કે, ‘‘અમારો હેતુ ’આહાર એ જ ઔષધ’ છે. કેમિકલ અને દવા વગર પકવેલા ઓર્ગેનિક મગ, ચણા અને ચોખા ખાવાથી શરીર લાંબા સમય સુધી સ્વસ્થ રહે છે અને બીમારીઓ દૂર રહે છે. આ માર્કેટ દ્વારા ખેડૂતોને તેમના શુદ્ધ ઉત્પાદનોનું સીધું વેચાણ કરવાની તક મળી છે, જેનાથી ગ્રાહકોને પણ વિશ્વાસપાત્ર વસ્તુઓ પ્રાપ્ત થઈ રહી છે.‘‘

### સ્વાદ અને સ્વાસ્થ્યનો અનોખો સંગમ:તૃપ્તિબેન



મેળામાં વિવિધ સ્ટોલ્સ દ્વારા મિલેટની અનેકવિધ વાનગીઓ પીરસવામાં આવી રહી છે. મિલેટ એક્સપર્ટ તૃપ્તિબેને જણાવ્યું કે, મિલેટ સલાડ, સૂપ, ઈડલી, ખીચડી, પુલાવ અને મિલેટ બાસુંદી જેવી વાનગીઓ માત્ર સ્વાદિષ્ટ જ નહીં પરંતુ ડાયાબિટીસ અને વજન ઘટાડવા માંગતા લોકો માટે આશીર્વાદ સમાન છે. આહારમાં ફદીનો, કોથમરી અને બાફેલા કઠોળનો ઉપયોગ કરીને તેને વધુ હેલ્ધી બનાવવામાં આવે છે, જે બહારના જંક ફૂડ કરતા ઘણું શ્રેષ્ઠ છે.

### મિલેટ પ્રત્યે જાગૃતિ એ સમયની માંગ: ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા



અબતક સાથેની ખાસ વાતચીત દરમિયાન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, ‘‘વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ જાડા ધાન્યને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ શરૂ થયો હતો. હાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ મિશનને આગળ ધપાવી રહ્યા છેઅને તેના માટે વિશેષ બજેટની પણ ફાળવણી કરવામાં આવી છે. મિલીટના ઉપયોગથી લોકોની તંદુરસ્તી જળવાય અને ખેડૂતોના ઉત્પાદનને યોગ્ય પ્લેટફોર્મ મળે તે માટે આ મેળાનું આયોજન સમગ્ર રાજ્યમાં કરવામાં આવી રહ્યું છે.

---

### વિશેલિવ ફાઉન્ડેશન આયોજીત

# દિવ્યાંગતા ક્ષેત્રમાં પરિવર્તન લાવનાર ૮૯ નાયકોને કાલે ગાર્ડિયન એન્જલ એવોર્ડથી સન્માનીત કરાશે

## વિશેલિવ ફાઉન્ડેશન છેલ્લા છ વર્ષથી દિવ્યાંગ વ્યકિતઓના જીવનને સક્ષમ બનાવવા મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે

**અબતક, રાજકોટ**

વિશેલિવ ફાઉન્ડેશન દ્વારા કાલે રાજકોટની સયાજી હોટેલ ખાતે પ્રતિષ્ઠિત ગાર્ડિયન એન્જલ એવોર્ડ ૨૦૨૬ની ૬ઠ્ઠી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમારોહમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા (દિવ્યાગતા) ક્ષેત્રમાં અસાધારણ સમર્પણ અને કરુણા સાથે કાર્ય કરનાર ગુજરાતભરના ૮૯ એવોર્ડ વિજેતાઓ સમાનિત કરવામાં આવશે.



તસવીર: શૈલેષ વાડોલીયા

વિશેલિવ ફાઉન્ડેશન છેલ્લા ૬ વર્ષથી આ પ્રતિષ્ઠિત સન્માન સમારોહ દ્વારા એવા નિ:સ્વાર્થ સેવકોને બિરદાવે છે જેઓ દિવ્યાંગ વ્યક્તિઓના જીવનને સમૃદ્ધ અને સક્ષમ બનાવવા માટે રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. આ એવોર્ડનો મુખ્ય હેતુ એક એવા સમાવિષ્ટ (Inclusive) સમાજનું નિર્માણ કરવાનો છે જ્યાં દરેક વ્યક્તિને સન્માન અને સમાન તકો મળે. આ એવોર્ડ

નિષ્ણાત તબીબો: ડોકટરો, મનોચિકિત્સકો અને ન્યુરોલોજીસ્ટ થેરાપિસ્ટ અને શિક્ષકો: ફિઝિયોથેરાપિસ્ટ, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અને વિશેષ શિક્ષકો સમાજ સુધારકો: સમાવિષ્ટ શિક્ષણના હિમાયતીઓરોલ મોડેલ્સ, સશક્તિકરણ એમ્બેસેડર્સ અને લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ વિજેતાઓ ને મળશે.

બૌલ્પિક અક્ષમતા કે ન્યુરોડાયવર્સિટી ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસમાત્ર સહાનુભૂતિથી નહીં, પરંતુ વાલીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારના મજબૂત સંકલનથી જ શક્ય છે. માતા-પિતા બાળકની પ્રથમ રક્ષક અને સંભાળ રાખનાર કડી છે, જ્યારે વિશેલિવ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ વાલીઓ અને સરકારી યોજનાઓ વચ્ચે એક સેતુ બનીને કામ કરે છે. કોઈ એક સંસ્થા એકલી શિક્ષણ, સ્વાસ્થ્ય અને કાળજીની તમામ જરૂરિયાતો પૂરી નથી કરી સકતી, પરંતુ જો એનજીઓ અને સરકાર સાથે મળીને કાર્ય કરે, તો તે આ બાળકોના ઉત્થાન માટેનું વિશ્વનું શ્રેષ્ઠ મોડલ બની શકે છે.

‘‘બૌદ્ધિક અક્ષમતા કે ન્યુરોડાયવર્સિટી ધરાવતી વ્યકિતઓનું સશકિતકરણ એ આપણી સામૂહિક જવાબદારી છે. તેમને સ્વતંત્ર જીવન અને રોજગાર માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા તેમજ સમાજમાં તેઓ ગરિમાપૂર્ણ

(અનુ. આઠમા પાને)

---

# કષ્ટભંજન દાદાને સુખડીનો ભોગ ધરાવાયો

**અબતક, રાજકોટ**



સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે બિરાજમાન કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે તારીખ ૨૧- ૩-૨૦૨૬ શનિવારના રોજ ૫.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને વિશેષ વાઘા ધરાવી, કષ્ટભંજનદેવ દાદાને સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.વહેલી સવારે ૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી અને સવારે ૭ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. દાદાના આરતીનો લાભ લેવા માટે વહેલી સવારથી જ હજારો હરિભક્તો ઉમટી પડ્યા હતા.

---

### ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના માર્ગદર્શન હેઠળ

# શાપર-વેરાવળમાં શ્રમયોગી આરોગ્ય સંજીવની રથ સેવાનો શુભારંભ

## ઔદ્યોગીક વિસ્તારના શ્રમિકોને ઘર આંગણે મળશે નિ:શુલ્ક આરોગ્ય સેવા



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓના આરોગ્ય સુરક્ષા અને સુખાકારીને પ્રાથમિકતા આપતા ‘‘શ્રમયોગી આરોગ્ય સંજીવની રથ’’ જેવી લોકહિતકારી યોજનાનો પ્રારંભ રાજ્યભરમાં કરવામાં આવ્યો છે. તેના અનુસંધાને શાપર-વેરાવળ ઔદ્યોગિક વસાહત માટે આ મહત્વપૂર્ણ આરોગ્ય સેવાનો શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના કાર્યાલય ખાતે ભવ્ય રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ આયોજનમાં શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ


(અનુ. આઠમા પાને)

---

# કાલે વિશ્વ જળ દિવસ: સંકલ્પ કરો પાણી બચાવી જીવનને બચાવીશું

## સરદાર સરોવર ડેમ ગુજરાતની જળસુરક્ષા અને વિકાસનો આધાર

**અબતક, રાજકોટ**



દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ વિશ્વને યાદ અપાવે છે કે, પાણીનો સંયમપૂર્વક ઉપયોગ અને જળસંસાધનોનું સંરક્ષણ માનવજાતના ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે.ગુજરાત માટે પાણીનું મહત્વ વિશેષ છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં વર્ષો સુધી પાણીની તંગી અને દુષ્કાળની સમસ્યા જોવા મળતી હતી. પરંતુ નર્મદા નદી પર નિર્મિત સરદાર સરોવર નર્મદા

(અનુ. આઠમા પાને)

### વીજ ઉત્પાદન: ગ્રીન એનર્જી તરફનું મહત્વપૂર્ણ પગલું

સરદાર સરોવર ડેમ વીજ ઉત્પાદન માટે પણ મહત્વપૂર્ણ સ્ત્રોત છે. આ પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા લગભગ ૧૪૫૦ મેગાવોટ છે. રિવર બેડ પાવર હાઉસ અને કેબલ હેડ પાવર હાઉસ દ્વારા અત્યાર સુધીમાં ૬૯,૦૦૦ મિલિયન યુનિટથી વધુ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નર્મદા નહેર પર ૧૮નાના હાઇડ્રોપાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમની કુલ ક્ષમતા લગભગ ૮૫.૪૬ મેગાવોટ છે. કેનાલ ટોપ અને કેનાલ બેંક પર ૩૫ મેગાવોટ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે પર્યાવરણમિત્ર ઊર્જા ઉત્પાદનનું ઉત્તમ ઉદાહરણ છે.

### વિશ્વસ્તરની નહેર નેટવર્ક વ્યવસ્થા

સરદાર સરોવર પ્રોજેક્ટની સૌથી અનોખી વિશેષતા તેની વિશાળ નહેર વિતરણ પ્રણાલી છે. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ ૭૦ હજાર કિલોમીટરથી વધુ લાંબી નહેરનેટવર્ક બનાવવાની યોજના છે. તેમાં મુખ્ય નહેર, શાખા નહેર, ડિસ્ટ્રિબ્યુટરી અને માઈનર નહેરનો સમાવેશ થાય છે.નર્મદા મુખ્ય નહેર લગભગ ૪૫૮ કિલોમીટર લાંબી છે અને વિશ્વની સૌથી મોટી લાઇનિંગવાળી સિંચાઈ નહેરોમાંની એક ગણાય છે. મુખ્ય નહેરમાંથી ૩૮ શાખાનહેર નીકળે છે, જેમાં મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ખાસ મહત્વ ધરાવે છે. આ સમગ્ર નહેર વ્યવસ્થાથી પાણી રાજ્યના ૧૭ જિલ્લાઓ, ૭૭ તાલુકાઓ અને હજારો ગામો સુધી પહોંચાડવામાં આવે છે, જે જળસંચય અને જળવ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ છે.

### પર્યાવરણ સંરક્ષણ અને વન વિકાસ

સરદાર સરોવર પ્રોજેક્ટ માત્ર વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ડૂબમાં ગયેલા દરેક એક વૃક્ષ સામે ૬૭ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉપરાંત નર્મદા બેસિન વિસ્તારમાં મોટા પાયે વનઉછેર કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. શૂલપાણેશ્વર અભયારણ્યનો વિસ્તાર વધારીને લગભગ ૬૦૭ ચોરસ કિલોમીટર સુધી વિસ્તરવામાં આવ્યો છે, જે જૈવ વૈવિધ્યના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે.

---


# ઉમિયાધામ સિદસર ત્રિવેણી સમારોહનો કાલથી શુભારંભ: પાટીદારનો પ્રવાહ ઈશ્વરીયા ભણી

## ૪૦ જેટલા સમિતિઓના ૩૦૦૦ થી વધુ સ્વયંસેવકો ઉમા સંકુલ ઈશ્વરીયા ખાતે વ્યવસ્થામાં તૈનાત: ત્રિવેણી સમારોહમાં પ્રથમ દિવસે વોર્ડ નં.૧ થી ૯ના તમામ જ્ઞાતિજનો ઉમટવા પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની હાંકલ


**અબતક, રાજકોટ**



ઉમિયા માતાજી મંદિર સિદસરના નેજા હેઠળ શૈક્ષણિક ક્ષેત્રે નવી દિશા તરફ આગળ ધપી રહેલા પાટીદાર સમાજે રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘા જમીન માં ઉમા સંકુલમાં ૧૨૫ કરોડના શૈક્ષણિક પ્રોજેક્ટ અંતર્ગત ‘જીવન વિદ્યાપીઠ’નું આગામી તા. ૨૬ને ગુરૂવારના રોજ ભૂમી પૂજન થશે. તા. ૨૨ થી ૨૫ માર્ચ દરમ્યાન ઈશ્વરીયા ખાતે ત્રીવેણી સમારોહના અદભૂત આયોજન દરમ્યાન ૨૫ કુડી મહાયજ્ઞ, જ્ઞાતી સમૂહ ભોજન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દાતા સન્માન યોજાનાર છે. વરસાદી વાતાવરણ અને વાવાઝોડાને ધ્યાને રાખી ચાર દિવસીય આ ત્રિવેણી સમારોહમાં પ્રથમ દિવસે તા.૨૨ ને રવિવારે ઉમિયાધામ સિદસર દ્વારા સમાજ બંધારણ અને સામાજીક સુધારણા અંતર્ગત સામાજીક સંમેલન યોજાશે. આ સામાજીક સંમેલનમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી ‘પરંપરા અને પરીવર્તન’ના વિષય પર પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય આપશે. ૨૫ કુંડી મહાયજ્ઞ દર્શન, જ્ઞાતી સમૂહ ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.



પાટીદાર વિઝન-૨૦૪૭ અંતર્ગત મા ઉમિયાની આરાધના સાથે સરસ્વતીની સાધનાના સહીયારા સંકપને સાર્થક કરતા ઈશ્વરીયા ખાતે આયોજીત આ ત્રિવેણી સમારોહ રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરના પાટીદારો માટે શૈક્ષણિક વિકાસનો નૂતનપંથ નિર્માણ કરશે. વરસાદી-વાવઝોડાના વાતાવરણને ધ્યાનમાં રાખી લોકોની સુરક્ષા હેતુસર શનિવારને સ્થાને રવિવાર તા. ૨૨ માર્ચથી ‘ત્રિવેણી સમારોહ’ મહોત્સવ મંગલમનો શંખનાદ થનાર છે. રાજકોટ શહેર



તથા સૌરાષ્ટ્રભરમાંથી પાટીદાર અગ્રણીઓ, મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, વિવિધ સંસ્થાના હોદેદારો આ ત્રિવેણી સમારોહમાં બહોળી સંખ્યામાં ભાગ લેવા ઉત્સુક બન્યા છે. આ ત્રિવેણી સમારોહમાં ભાગ લેવા સર્વે નગરજનોને આમંત્રણ પાઠવતા ઉમિયા ધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયા, મંત્રી જયેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સંગઠનનો ગુણાકાર અને શકિતનો સરવાળો કરી સમગ્ર કડવા પાટીદાર સમાજના સામાજીક, શૈક્ષણિક વિકાસને વેગવંતો બનાવવાની નેમ સાથે

(અનુ. આઠમા પાને)

### નામાંકિત ડોકટર પાસે ૨૫ લાખની ખંડણી મંગાઈ

# તબીબે જ તબીબના અંગત પળોના વીડિયો મેળવી કથિત પત્રકારો પાસે 'કાઉન્ટર' કરાવ્યું

## સાધુ વાસવાણી રોડ પરના ક્લિનિકમાં સ્પાઈ કેમેરો ગોઠવી અશ્લીલ વીડિયો મેળવી કહેવાતાં પત્રકારોને આપ્યાં અને ખંડણીનો ખેલ શરૂ થયો

### એવા બદનામ કરિશું કે આપઘાત સિવાય કોઈ વિકલ્પ નહિ રહે : બે વર્ષ પૂર્વે તબીબને પ્રથમવાર વીડિયો મોકલી ધમકી અપાઈ

સમગ્ર મામલે પોલિસ વર્તુળોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર તબીબને પાંચેક વર્ષ પૂર્વે તેણે સાધુ વાસવાણી રોડ પર શરૂ કરેલા બીજા ક્લિનિકમાં તેની અંગત પળોનો વીડિયો વર્ષ ૨૦૨૪ માં જૂન મહિનામાં એક વોટસએપ નંબરથી મોકલાયો હતો. બાદમાં તે નંબર ઉપરથી તેની પાસે ખંડણી મંગાઈ હતી, જો રકમ ન મળે તો જીવવા જેવા નહીં રહેવા દેશું તેવી ધમકી અપાઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૬ માં એક ઈન્સ્ટા આઈડીમાં કાર્ટુન ટાઈપ લેડિઝ અને જેન્ટસનો કિસ કરતો ફોટો મૂકી તેમાં નામાંકિત તબીબનો કામુકતાભર્યો વીડિયો ચર્ચાના ચગડોળે તેવું કેપ્શન મુકાયું હતું. તેમજ અમદાવાદથી ઘનશ્યામ પટેલે પોતાની પાસે તેનો વીડિયો હોવાનો કોલ કરી તબીબને અમદાવાદ રૂબરૂ મળવા બોલાવ્યા હતા. પરંતુ તેણે ઈન્કાર કરતાં બીજા દિવસે જીગર સોઢાએ આવી પોતાના બોસ ઘનશ્યામ પટેલે રૂબરૂ મોકલ્યાનું કહ્યું હતું. જેણે જોઈ લેવાની ગર્ભિત ધમકી આપી હતી.

તેના ચાર દિવસ બાદ હિરેન મકવાણા પાસે વીડિયો હોવાનું અને એવા બદનામ કરશું કે આત્મહત્યા. સિવાય કોઈ રસ્તો નહીં રહે તેવી ધમકી આપી હતી.

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા લાંબા સમયથી બની બેઠેલા પત્રકારો યેનકેન પ્રકારે બ્લેકમેલિંગ કરી પ્રજાને રંઝાડ આપી રહ્યા છે. ફોટોગ્રાફી કરી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી ફક્ત તોડપાણી કરતા કથિત પત્રકારોના લીધે સાચા મીડિયા હાઉસની વિશ્વસનિયતા પર પણ સવાલો ઉભા થઈ ગયા છે. ત્યારે તોડબાજ પત્રકારોના વધુ એક તોડ પ્રકરણનો ભાંડાફોડ થયો છે. શહેરના એક જાણીતા તબીબને નિશાન બનાવી તેમની અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ૨૫ લાખ રૂપિયાની મસમોટી ખંડણી માંગવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તબીબ, કથીત પત્રકારો સહિત ૧૨ શખ્સો સામે આકરી કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ આદરી છે.



સમગ્ર મામલે ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ફરીયાદી તબીબ શહેરના જાણીતાં તબીબ છે, તેઓને નિર્મળા રોડ પર હોસ્પિટલ આવેલ છે. જ્યાં ઘણાં વર્ષોથી બીએએમએસ તબીબ ડો.કમલ નાંઢા નોકરી કરે છે. તે તબીબ કમલે ફરીયાદી તબીબને ફસાવા આખેઆખું કારસ્તાન ગોઠવ્યું હતું. વર્ષ ૨૦૨૩ માં તેના પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે ફરીયાદી તબીબના સાધુ વાસવાણી રોડ પર આવેલ ક્લિનિકને ટાર્ગેટ કર્યું અને ક્લિનિકમાં અને તમામ રૂમમાં સ્પાઈ કેમેરા ફિટ કરી દિધા. જે બાદ ફરીયાદી તબીબ તેની સ્ત્રી મિત્ર સાથે ત્યાં મળતા અને ત્યાં તેઓએ માણેલ અંગત પળો તે કેમેરામાં કેદ થઈ હતી. જેમના તમામ એક્સેસ આરોપી ડો. કમલ પાસે હતાં. જે તમામ વિડીયો ફૂટેજ આરોપીએ મેળવી લીધા હતાં. જે બાદ તે વિડીયોના આધારે ફરીયાદી તબીબને બદનામ કરવા કથીત પત્રકારોનો સંપર્ક કર્યો હતો.

જે બાદ આ ઘટનામાં રાજકોટ અને અમદાવાદના બોગસ પત્રકારોની એન્ટ્રી થઈ હતી અને તેઓએ આ વિડીયોના આધારે તબીબને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. તેમજ તબીબને ધમકી આપી હતી કે, "તમારા વીડિયો અમારી પાસે છે, જો ૨૫ લાખ રૂપિયા નહીં આપો તો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશું અને તમારી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દઈશું. શરૂઆતમાં બદનામીના ડરથી તબીબ ગભરાઈ ગયા હતા અને શરૂઆતના સમયમાં ભયભીત થઈ રૂ.૫૦ હજાર ખંડણી આપી પણ દીધી હતી.જે બાદ ખંડણીખોરોની માંગ સતત વધતી જતી હોવાથી તેમણે હિંમત દાખવી પોલીસનો સંપર્ક કર્યો હતો. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરતાં ચોંકાવનારા ખુલાસા થયાં હતાં. હાલ પોલીસે આ ગુનામાં આકરી કલમો હેઠળ ૧૨ શખ્સો સામે નામજોગ અને બે મોબાઈલ નંબર ધારક સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

### વર્ષ ૨૦૨૪ થી કહેવાતા પત્રકારોએ પૈસા પડાવવાનું શરૂ કર્યું : તબીબે એજન્ટ મારફતે ૫૦ હજાર ચૂકવ્યા છતાં લાખોની માંગણી

### સ્પાઈ કેમેરાથી એક કે બે નહી ૪ હજાર વીડિયો રેકોર્ડ કર્યા'તા

તોડ પ્રકરણનો મુખ્ય સૂત્રધાર તબીબ કમલ નાંઢાએ હોલ્ડરમાં સ્પાઈ કેમેરો ફિટ કર્યો હતો. જે કેમેરાથી આશરે ચાર હજાર વિડીયો રેકોર્ડ કરવામાં આવ્યાનું પોલિસની તપાસમાં ખુલ્યું છે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં મળેલા વીડિયોમાં કેટલાક મહિલા દર્દીઓને ઈન્જેક્શન તેમજ સારવાર આપતા વિડીયો પણ આરોપીઓ પાસે છે સાથે સાથે તેમાં તબીબી અંગત પળોના વિડીયોનો પણ સમાવેશ થાય છે.

### પીળું પત્રકારીત્વ કરી મીડિયાની વિશ્વસનિયતા પર જોખમ ઉભું કરતા કહેવાતા પત્રકારો કોણ?

તબીબ પાસે ખંડણી ઉઘરાવવાના કારસાનો મુખ્ય સૂત્રધાર તબીબ કમલ નાંઢા છે. તેણે અંગત પળોનો વિડીયો કહેવાતા પત્રકારોની ટોળકીને આપ્યા હતા અને બાદમાં ખંડણીનો ખેલ શરૂ થયો હતો. ખંડણી ઉઘરાવવા રઘવાયા બનેલા કહેવાતા પત્રકારોની યાદી નીચે મુજબ છે.

**હિરેન ભીખુ મકવાણા(સત્યની ગર્જના)**
**અજયસિંહ દોલુભા ચુડાસમા**
**હાર્દિક નીતીન ડોડીયા**
**જગદીશ તેરૈયા (રાજકોટ હેડલાઈન)**
**જીગર સોઢા(ભારત ટાઈમ્સ)**
**ધનશ્યામ પટેલ(ભારત ટાઈમ્સ)**
**જતીન નથવાણી- સ્વાતી નથવાણી(ભારત ટાઈમ્સ)**
**અમીત ઠકકર(ભારત હેડલાઈન્સ)**
**ભરત(બી-૧ ન્યુઝ)**
**મો.નં. ૮૧૨૮૬૯૬૭૯૫ તેમજ મો.નં.૭૯૮૪૮-૪૩૩૪૭ નો ધારક**

### કહેવાતા પત્રકારોની ગીદડભપકીઓથી કંટાળી તબીબ પોલિસ પાસે પહોંચ્યા : સાયબર ક્રાઈમ પોલીસે તબીબ કમલ નાંઢા, કહેવાતા પત્રકારો સહિત ૧૨ શખ્સો સામે ગુનો નોંધ્યો

# માલિયાસણ નજીકથી ઝડપાયેલો ૯ હજાર લીટર શંકાસ્પદ પેટ્રોલિયમ પદાર્થ બાયોડીઝલ જ નીકળ્યું

### ખેરડી રોડ પરથી કુવાડવા પોલિસેં ટ્રકમાંથી કોઈ પણ આધાર પુરાવા સાથે જ્વલનશીલ પ્રવાહીની હેરાફેરી કરતા બે શખ્સોને દબોચી રૂ. ૧૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ માલિયાસણ નજીકથી કુવાડવા રોડ પોલીસની ટીમે ટ્રકમાં ગેરકાયદેસર પેટ્રોલિયમ પદાર્થની હેરાફેરી થઈ રહયાની હકીકતના આધારે આઈસરમાંથી રૂ. ૫.૮૫ લાખના શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહીના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. જે પ્રવાહી બાયોડીઝલ જ હોવાનું એફએસએલએ અભિપ્રાય આપતાં પોલિસેં બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર વર્ષ ગત તા.૨૭-૦૮-૨૦૨૧ ના રોજ રાજકોટ શહેરની ભાગોળે આવેલ કુવાડવા રોડ પોલીસ મથકની ટીમ પેટ્રોલીંગમાં નિકળી હતી. દરમ્યાન માલીયાસથી ખેરડી રોડ પર એક શંકાસ્પદ જીજે-૦૩-એઝેડ-૮૫૮૫ નંબરનું આઈસર ઉભેલો જોવા મળેલ જેથી તપાસ કરતા પ્લાસ્ટિકના બે મોટા ટાંકા મળી આવ્યા હતા.જેમાં ૯ હજાર લીટર જેટલો શંકાસ્પદ જવલનશીલ પેટ્રોલીંયમ પદાર્થ ભરેલો હતો. આ મામલે પોલીસે ટ્રક ચાલક સહિત બેને સકંજામાં લઈ કાર્યવાહી કરી હતી.એએસઆઈ ખોડુભા વખતસિંહ જાડેજાએ ટ્રક ચાલક અશોક ગોવિંદ ચૌહાણ, મુન્ના રામાભાઈ કારેઠા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે માલીયાસથી ખેરડી રોડ પર આઈસર ટ્રક સાથે ઉપરોકત બન્ને શખસ ઉભેલ હોય જેથી ટ્રકની ઝડતી લેતા તેમાંથી ૯ હજાર લીટર શંકાસ્પદ જવલનશીલ પેટ્રોલીંયમ ૫.૮૫ લાખનો જથ્થો મળી આવતા બન્નેની અટકાયત કરી ટ્રક કબજે લઈ પોલીસ મથકે લાવી પૂછતાછ કરતા આ જવલનશીલ પ્રવાહી બાયોડીઝલ હોવાની કેફિયત આપી હતી.

તેમજ આ પ્રવાહી રણજીત ટોયટા, સુરેશ કારેડાનું હોવાની કબુલાત આપી હતી. પોલીસે કુલ રૂ.૧૧.૮૫ લાખનો મુદામાલ કબજે લઈ બાયોડીઝલના સેમ્પલ લઈ એફએલએલમાં પૃથ્થકરણ માટે મોકલી આપ્યા હતા.જેના રિપોર્ટમાં આ પ્રવાહીમાં પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી મળી આવી હોવાથી પોલીસે ગુનો નોંધી આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# આરટીઓ ચલણની એપીકે ફાઈલ ખોલતા જ વૃદ્ધાના ખાતામાંથી રૂ.૧૦.૬૬ લાખ ઉપડી ગયા

### કાલાવડ રોડ પર રોયલ પાર્કમાં રહેતા ૭૪ વર્ષીય વૃદ્ધને વોટ્સઅપમાં એપીકે ફાઈલ મોકલી સાયબર ગથીયાઓએ ફસાવ્યા : ટચ કરતા જ મોબાઈલ હેક થઈ ગયો અને ધડાધડ ટ્રાન્જેકશન થવા લાગ્યા

**અબતક, રાજકોટ**

સાયબર ગઠીયાઓ હવે આરટીઓ ઈ-ચલણના નામે લોકોને છેતરવા લાગ્યા છે. અગાઉ અનેકવાર લોકો આરટીઓ ઈ-ચલણની એપીકે ફાઈલ ખોલતા જ નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યાના અહેવાલો બાદ વધુ એક વૃદ્ધને સાયબર ગઠીયાઓએ આ કિમીયાથી જ છેતર્યા હતા. રોયલ પાર્કમાં રહેતાં વૃધ્ધને એપીકે ફાઈલ મોકલી ૭૪ વર્ષીય વૃધ્ધાના એકાઉન્ટમાંથી રૂ.૧૦.૬૬ લાખ ઉપાડી લઈ સાયબર ફ્રોડ આચરતાં સાયબર ક્રાઈમની ટીમ એકશનમાં આવી હતી અને તુરંત ફ્રોડ એકાઉન્ટ ફ્રિજ કરી રૂ.૧.૮૬ લાખ પરત કરાવી તપાસનો ધમધમાટ આદર્યો હતો.બનાવ અંગે કાલાવડ રોડ પર રોયલ પાર્કમાં રહેતાં ચીરાગભાઈ બાબુલાલ ઉડકીયા (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોબાઈલ નંબર ૯૯૦૫૯૯૭૩૧૦ ના ધારક સહિતના શખ્સોના નામ આપતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.તેમમાં ૭૪ વર્ષીય પિતા બાબુલાલ ડેડકીયા હાલ નિવૃતીનુ જીવન ગાળી રહ્યા છે, તેમના માતાના બેન્ક એકાઉન્ટ સાથે પિતાના મોબાઈલ નંબર રજીસ્ટર થયેલ છે, દરમિયાન તા. ૩૦/૧૨/૨૦૨૫ ના પિતાના વ્હોટ્સઅપ પર એક સંબંધી કમલેશભાઈ કાલાવાડીયાના વ્હોટસઅપ નંબરથી એક એપીકે ફાઈલ (નેમડ - આરટીઓ ઈ-ચલણ) ફાઈલ આવેલ હોય જે પિતાએ ભુલથી ડાઉનલોડ કરેલ હતી.જેથી તેમના પિતાનો મોબાઈલ તુરંત જ હેક થઈ ગયેલ અને તે મોબાઈલ નંબર સાથે માતાનુ યસ બેંક ખાતુ લીંક હોય જેથી તુરંત જ માતાના બેંક એકાઉન્ટ માંથી કુલ ૧૦ ટ્રાન્સેક્શન વડે કટકે કટકે કરી કુલ રૂ.૧૦,૬૬,૮૧૬.૪૫ ઉપડી ગયેલ હતા. બાદ પિતાના મોબાઈલમાં ચેક કરતા માલુમ પડેલ કે તેમનો કોલ તથા મેસેજીસ મો.ન. ૯૯૦૫૯૯૭૩૧૦ પર ફોરવર્ડ થયેલ હતા. જેથી તુરંત રાજ્ય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઈન અરજી નોંધાવેલ હતી. જે અરજીના આધારે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ આદરી રૂ.૧.૮૬ લાખ ફ્રિજ કરાવી ફરીયાદીના માતાના બેંક એકાઉન્ટમાં જમા મળી ગયેલ હતા.

સાયબર માફિયાઓએ ફરીયાદીનાં સંબધી કમલેશભાઈ કાલાવાડીયાના વ્હોટ્સઅપ નંબર વડે પિતાના વોટસએપ મોબાઈલ નંબર પર આરટીઓ ઈ-ચલણ. એપીકેના ખોટા નામવાળી એપીકે ફાઈલ મોકલી જે પિતા દ્વારા અજાણતા એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરતાં મોબાઈલનો બીન-અધિકૃત એક્સેસ મેળવી અને બેંક એકાઉન્ટ સબંધીત ઓટીપી મેળવી કુલ રૂ.૧૦.૬૬.૮૧૬.૪૫ ઉપાડી લઈ ઠગાઈ કરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો.

### સાયબર ક્રાઈમની ટીમે તુરંત ફ્રોડ એકાઉન્ટ ફ્રિજ કરી રૂ.૧.૮૬ લાખ પરત કરાવી તપાસનો ધમધમાટ આદર્યો

# યુવાન પાસેથી રૂ.૧૪ લાખ મેળવી ડમ્પર ખરીદી પૂર્વ પાડોશીએ ઠેંગો બતાવી દીધો

### આપણે બંને ભાગીદારીમાં ડમ્પરનો ધંધો શરૂ કરીએ કહી ગારમેન્ટના ધંધાર્થીને ફસાવ્યો : ટ્રક ખરીદવા નવ લાખ અને રિપેરિંગ અર્થે ચાર લાખ મેળવી લીધા

### છ મહિના સુધી નફામાં ભાગ નહિ આપતાં યુવાને ઉઘરાણી કરતા ખૂનની ધમકી મળી : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં રહેતા યુવાનને પૂર્વ પાડોશીએ ભાગીદારીમાં ડમ્પરનો ધંધો કરવાના બહાને ફસાવી છેતરપિંડી આચરી હતી. યુવાન પાસે ડમ્પર ખરીદવા પ્રથમ નવ લાખ અને બાદમાં રીપેરીંગ અર્થે વધુ ચાર લાખ મેળવી લઈ મૂડી કે નફામાં ભાગ નહિ આપી ઠગાઈ આચરી હતી. યુવાને મામલામાં ગાંધીગ્રામ પોલિસ મથકમાં રૂ. ૧૪ લાખની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં પાશ્વનાથ હાઈટ્સ એ-વિંગ બ્લોક નં.-૫૦૧ માં રહેતા ૨૫ વર્ષીય યુવાન પાર્થભાઈ કિશોરભાઈ જોષીએ ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રતાપ આપાભાઈ બોરીચા (રહે. ગોલ્ડન હાઈટ્સ, બ્લોક નં.-૩૦૪, આર. કે. આઈકોનિક બિલ્ડીંગ પાછળ, શિતલ પાર્ક ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)નું નામ આપતાં જણાવ્યું હતું કે, હું રામનાથપરા સ્મશાન પાસે રેકડી ધરાવી નાઈટ ડ્રેસનો ધંધો કરૂ છું.

યુવાને જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલા મારા ફ્લેટની સામે પાડોશી તરીકે પ્રતાપભાઈ આપાભાઈ બોરીચા ભાડેથી રહેતા હતા. ગઈ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ પ્રતાપભાઈ બોરીચા અને તેનો પરીવાર રાત્રીના આઠેક વાગ્યે પોતાના ઘરે જમવા માટે આવેલ ત્યારે તેમણે મને જણાવેલ કે, પોતાને ડમ્પર(ટ્રક)નો ધંધો છે અને તેમા સારી આવક થાય છે. બાદ તેની સાથે મળીને એક ડમ્પર (ટ્રક) લઈ સાથે ધંધો કરી નફામાંથી બંન્નેનો અડધો-અડધો ભાગ રાખવાની વાત પ્રતાપભાઈએ કરેલ હતી. જેથી મેં સહમતિ આપી હતી. બાદમા પ્રતાપભાઈએ કહેલ કે, ટ્રક લેવા પેટે પ્રથમ આપવાના પૈસા તુ આપ બાકીના પૈસાની લોન પોતે કરી લેશે તે પેટે તુ ટ્રકના પૈસા મને આપી રોકાણ કરજે અને ટ્રકનો વહીવટ હું કરીશ. ત્યારબાદ હું તથા પ્રતાપભાઈ તેમના ઓળખીતા ટ્રકના દલાલ રજાકભાઈ પીંજારા પાસે ગાડી જોવા સાયલા ખાતે ગયેલ હતા. અમને અશોક લેલેન કંપનીનુ ડમ્પર જેના રજી. નં.જીજે-૧૮-એઝેડ-૫૧૪૧ પસંદ આવતા ટ્રકના માલિક જીવાભાઈ રહે.લીંબડી,સુરેન્દ્રનગર) ને ફોન કરી ટ્રક ખરીદ કરવા અંગે વાતચીત કરતા તેમણે ટ્રક રૂ.૨૧ લાખમાં વેચવાનું જણાવ્યું હતું. બાદ મેં પ્રતાપભાઈના કહેવાથી તા. ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ રૂ.૯ લાખ આર.ટી.જી.એસ. થી તેમની શીતલ પાર્ક ચોક ખાતે આવેલ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના ખાતામાં ટ્રાન્સફર કરેલ હતા. બાકી રહેતા રૂ. ૧૫ લાખ પ્રતાપભાઈએ બોટાદ રહેતા તેના ભાઈ ઓરદાનભાઈ બોરીચા નામે ટ્રક લઈ તેના નામે લોન કરી ભરી આપશે તેમ જણાવેલ હતુ.

ત્યાર બાદ અમે અશોક લેલેન કંપનીનુ ડમ્પર જેના રજી. નં.જીજે-૧૮-એઝેડ-૫૧૪૧ ખરીદ કરી પ્રાપભ્ભાઈ ભાઈ ઓરદાન ભાઈના નામે રજીસ્ટ્રેશન કરાવેલ હતું અને ઓરદાન ભાઈના નામે લોન કરાવેલ હતી. ત્યારબાદ બે મહીના દરમિયાન પ્રતાપભાઈએ મને ડમ્પરમા ખર્ચ કરવો પડે તેમ છે જેના પેટે તારે રૂ.૫ લાખ આપવા પડશે પછી ટ્રક સરખો ચાલી શકશે અને આવક શરૂ થશે તેમ કહેલ હતું. જેથી પ્રતાપભાઈને કટકે-કટકે રોકડા આશરે રૂ.૫ લાખ આપેલ હતા. ત્યારપછી પ્રતાપભાઈ તેના કોઈ ડ્રાઈવર મારફતે ટ્રકમાં રેતી-કપચીમાં ભાડા કરતા પરંતુ મને આવક પેટે કોઈ નફો આપતા નહીં. જેથી મેં પ્રતાપભાઈને આ બાબતે વાત કરતા તેણે મને કહેલ કે અત્યારે નફો નહીં થાય, નફો મળવાનુ ચાલુ થતા છએક મહીના થશે. જે બાદ હાલ સુધીમાં મને તેણે નફામાથી કંઈ ભાગ આપેલ નથી. જેથી મેં પ્રતાપભાઈને ફરીથી નફામાં ભાગ આપવા ફોનથી કહેતા પ્રતાપભાઈએ મને કહેલ કે, આ ટ્રક મારા ભાઈના નામે રજીસ્ટર્ડ કરાવેલ છે તને નફામાંથી કોઈ ભાગ મળશે નહીં, જો નફાનો ભાગ માંગીશ તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપેલ હતી. જેથી યુવાને ગાંધીગ્રામ પોલિસ મથકમાં રૂ ૧૪ લાખની ઠગાઈ અંગે ફરીયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજ સિંહ ગોહિલે તપાસ હાથ ધરી હતી.

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)
7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

**જામનગર મહાનગરપાલિકા**
**જામનગર**
:: શોર્ટ કવોટેશન નોટીસ - બીજો પ્રયત્ન ::

**જામનગર મહાનગરપાલિકા, જામનગર દ્વારા સને ૨૦૨૫-૨૬ માટે SJMMSVYની ગ્રાન્ટ હેઠળ મેન્યુફેકચરર અથવા ઓર્થોરાઈઝડ ડીલર/માન્ય રજીસ્ટ્રેશન ધરાવતા કોન્ટ્રાકટર પાસેથી વોટર વર્કસ શાખાના ઊંડ-૧ ડેમ માટે નીચે મુજબના કામ માટે જી.ડબલ્યુ.એસ.એસ.બી. વેન્ડર લીસ્ટ પૈકીની મેઇકનાં પોલ્ડર ટાઇપ સબમર્શીબલ પમ્પ સેટ, એ.ટી.એસ. પેનલ તેમજ આનુસાંગિક માલ સામાન ખરીદી કામ માટે નીચેની વિગતે પાર્ટીઓ પાસેથી તમામ ટેકસો સાથેના જી.એસ.ટી. વગરના ભાવો તા.૨૬/૦૩/૨૦૨૬ સુધી ૧૮:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટ દ્વારા ભાવો મળી રહે તે રીતે શોર્ટ કવોટેશનથી ભાવો માંગવામાં આવે છે.**

**Name of Work : Supply of Poldar Type Submersible pump set, panel with necessory accessories including Panel, cable, valves for Water Supply Department**

| Sr.No. | Description | Qty |
|---|---|---|
| 1 | **POLDER TYPE SUBMERSIBLE PUMP** Providing submersible, Non clog type with required capacity & head as per IS 8034 suitable for water having up to 10000 PPM turbidity with suitable submersible wet type, water cooled, squirrel cage motor to IS 9283, working on three phase, 50 Hz +/-3%, 415V +/- 10%, AC supply, 2900 RPM synchronize speed with 10 mtr copper conductor flat cable from pump to starter panel with cable end terminations (4) all supports, clamps, pipe fittings along with mechanical seal, bearing bush, strainer etc. complete set & following M.O.C: Casing CI, SS CF8M impeller, Bronze: wearing ring & Bearing bush, TC mechanical seal, CS/S.S.bearing, S.S shaft with sleeve, SS strainer & MS motor body. (Without GST) **120 HP , Head:48 m, Dicharge Capacity: 420 m3/hr** | 03 Set |
| 2 | **Control Panel Board:** Providing and Supplying of Auto transformer starter suitable for local & remote pump control application consisting of Auto Transformer (vacuum impregnated, air cooled having three (3) tappings at 50%, 65% and 80%), incomer MCCB / MPCB, overload relay and contactors as per Type II coordination including digital MFM with RS 485 communication port, analogue type ammeter with selector switch, run hour meter, required protective relays & control accessories. (Without GST) **A.T.S. 120 HP** | 03 Nos. |
| 3 | **Cable:** Providing and Supplying of 1.1 kV grade, XLPE insulated, stranded Copper conductor, galvanised steel flat strip / round wire armoured, extruded PVC type ST2 sheathed, heavy duty cable (to be laid on wall surface with necessary clamps / in existing cable trench / cable trays / conduit / pipe sleeves at road crossing or floor as per site requirement) conforming to IS: 7098 (Part-1) & IEC: 60502 (Part-1) of following sizes (Without GST) **3 Core x35 Sqmm flat Copper cable -6 Nos. x 50Mtrs.=300 Mtrs** | 300 Mtrs |
| 4 | **Expansion Bellows** Providing and Supplying of flange ends Expansion Bellow as per EJMA standards of overall length of minimum 300 mm, designed for 15 mm axial compression and 5 mm axial extension with tie rods etc. of following MOC & pressure ratings. MOC: Bellows: SA 240 Gr. 304; Internal Sleeve: SA 240 Gr. 304; Weld ends: IS 2062 Gr. B; Flanges: IS 2062 Gr. B (Drilling as per IS1538 / IS 6392 ) & Limit Rods & Nuts: CS - IS 1367. (Without GST) **PN-1.6- 03 Nos., NB200mm size, width -300mm** | 03 Nos. |
| 5 | **Reflux Valves** Providing and Supplying ISI mark CI D/F Reflux Valves as per IS:5312(Latest Edition) of following class and diameter including all taxes. insurance, transportation, freight charges, octroi, inspection charges, loading unloading conveyance to Departmental store, stacking etc. all complete. (GWSSB SOR 2022-23 ITEM NO-15.1B, PAGE NO 25) (Without GST) **PN-1.6 IS5312 with ISI Mark 200 mm-03 Nos.** | 03 Nos. |
| 6 | **Sluice Valves** Providing and Supplying ISI mark CI D/F Sluice Valves as per IS:14846 (Latest Edition) of following class and diameter including all taxes, insurance, transportation, freight charges, octroi, inspection charges, loading unloading conveyance to Departmental store, stacking etc, all complete. (GWSSB SOR 2022-23 ITEM NO-13.1F, PAGE NO 22) (Without GST) **PN- 1.6 with hand wheel /cap operated (PD type short body) : 200 mm Size-03 Nos.** | 03 Nos. |

**શરતો:-**

(૧) તમામ ટેકનીકલ ડેટા સાથે રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટ/કુરીયર થી તા.૨૬/૦૩/૨૦૨૬ સુધીમાં ભાવો ભરીને પહોચતા કરવાના રહેશે.
(૨) ભાવો સાથે રૂા.૨૬,૦૦૦/- EMD (રીફંડેબલ) પેટે રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર./ડી.ડી. રજુ કરવાનો રહેશે.
(૩) ભાવો ભરનાર એજન્સીએ કવોટેશન સાથે પાર્ટીએ મેન્યુફેક્ચરર અથવા ઓથોરાઈઝ્ડ ડીલરનું પ્રમાણપત્રો અથવા કોન્ટ્રાક્ટ રજીસ્ટ્રેશન, પાનકાર્ડની નકલ, જી.એસ.ટી.સર્ટિફીકેટ, ઈ.પી.એફ. રજીસ્ટ્રેશન, ઈ.એસ.આઈ.સી. સર્ટીફીકેટ પ્રોફેશનલ ટેકસ ભર્યાના આધારો,અનુભવના પ્રમાણપત્ર વિગેરે ટેકનીકલ ડોક્યુમેન્ટ્સ સામેલ રાખવાના રહેશે.
(૪) ભાવ મંજુર થયે પાર્ટી દ્વારા કુલ કીમતના ૫% લેખે ધોરણસર સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે તથા કરારખત કરવાનો રહેશે.
(૫) ભાવ ભરનાર એજન્સીએ GST વગરના ભાવ ભરવાના રહેશે. GST અલગથી ચુકવવામાં આવશે.
(૬) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૩૫ દિવસમાં કામ પૂર્ણ કરવાનું રહેશે. અન્યથા માન.કમિશ્નરશ્રી ના નિર્ણય મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.
(૭) જી.ડબલ્યુ.એસ.એસ.બી. વેન્ડર લીસ્ટમાં સમાવિષ્ટ પૈકીના મેઇકના માલસામાન સપ્લાયર્સની ઓફર જ માન્ય રાખવામાં આવશે. બીડ વેલીડીટી પીરીયડ ૬૦ દિવસ રહેશે.
(૮) ભાવો એફ.ઓ.આર જામનગર શહેરના ઊંડ-૧ ડેમ ખાતે સાઈટ ઉપર પહોચાડવા તમામ માલસામાન સપ્લાય ટ્રાન્સપોર્ટેશન સાથેના તથા તમામ ટેક્સ સાથેના આપવાના રહેશે.
(૯) પાર્ટી દ્વારા થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન જે.એમ.સી/જી.યુ.ડી.એમ.ઈમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ પાસે પોતાના ખર્ચે કરાવવાનું રહેશે..
(૧૦) સરકારશ્રીના નિયમો અનુસાર લાગુ પડતા તમામ ટેકસ ભરવાની જવાબદારી ભાવ ભરનાર એજન્સીની રહેશે.
(૧૧) ભાવ મંજુર/ના મંજુર કરવાની સત્તા સક્ષમ ઓથોરીટી જામનગર મહાનગરપાલિકાની રહેશે.
(૧૨) ડીફકેટ લાયેબીલીટી પીરીયડ/વોરંટી પીરીયડ સપ્લાય તારીખથી ૧ (એક) વર્ષનો રહેશે

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

૧૫૪
નં.જેએમસી/વો.વ./૦૨૧/ઊંડ-૧ હે.વ./૨૨૨૧/૨૫-૨૬, તા.૧૮/૦૩/૨૦૨૬

તંત્રી લેખ

# છેવાડાના માનવીને પણ પીવાનું શુદ્ધ પાણી મળશે

રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી નલથી જલ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સુવિધા વધુ સુલભ બનાવવા મહત્વપૂર્ણ એમઓયુ કરવામાં આવ્યા છે.સરકાર દ્વારા કરાયેલા આ એમઓયુ રાજ્યના પેયજળ વ્યવસ્થાપન તેમજ ગ્રામ્ય જનજીવનના ગુણાત્મક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.જલ જીવન મિશન અંતર્ગત થયેલા આ એમ.ઓ.યુ. રાજ્યના ગ્રામ્ય વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે. દરેક ઘરમાં સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પહોંચાડવાનો સંકલ્પ હવે વધુ દ્રઢતા સાથે આગળ વધશે. દરેક ગ્રામ્ય ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો.

પાણી પુરવઠા વ્યવસ્થામાં વધુ મજબૂતીકરણ, નિયમિતતા અને સસ્ટેનેબિલિટી સુનિશ્ચિત કરવાનો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. આ એમઓયુ દ્વારા યોજનાઓના અસરકારક અમલીકરણ, મોનીટરીંગ અને પારદર્શિતામાં વધારો થશે.રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં સતત અને વધારે ગુણવત્તાયુક્ત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે.ડિજિટલ મોનીટરીંગ માટે સુજલમ ભારત અને પીએમ ગતિશક્તિ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરી પારદર્શિતા વધારવામાં આવશે. પાણીની ગુણવત્તા ચકાસણી, નાણાંકીય શિસ્ત, નલ જલ મિત્ર જેવી પહેલો થકી માનવ સંસાધન વિકાસ અને પાણી સંરક્ષણ માટે જલ ઉત્સવ જેવા જનજાગૃતિ અભિયાનો પણ આ મિશનનો અભિન્ન ભાગ રહેશે.

# વિવિધ જૈન સંઘો અને ઉપાશ્રયોમાં આયંબિલ ઓળીની આરાધના

## સ્થાનકવાસી અને મૂર્તિપૂજક સંઘોમાં ભક્તિમય માહોલ: ૩૧ માર્ચે તપની આરાધના વચ્ચે ઉજવાશે પ્રભુ મહાવીરનો જન્મ કલ્યાણક

**અબતક, રાજકોટ**

જૈન શાસનમાં સર્વોત્તમ મનાતા અને આત્મશુદ્ધિ માટે અત્યંત પ્રભાવશાળી એવા આયંબિલ ઓળી તપનો આગામી મંગળવારથી ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે સ્થાનકવાસી જૈન સમાજ ૨૪/૩/૨૦૨૬, મંગળવારથી અને મૂર્તિપૂજક સમુદાય ૨૫/૩/૨૦૨૬, બુધવારથી નવ દિવસીય આયંબિલ તપ આરાધના શરૂ કરશે. શહેરના વિવિધ જૈન સંઘો, આયંબિલ ભવનો અને ઉપાશ્રયોમાં આ પવિત્ર અનુષ્ઠાનને લઈને તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. તપસ્વીઓના હર્ષોલ્લાસ અને મંત્રોચ્ચારથી આગામી નવ દિવસ સુધી જૈન દેરાસરો અને ઉપાશ્રયો ગુંજી ઉઠશે.

આ વર્ષની આયંબિલ ઓળીનો વિશેષ સંયોગ એ છે કે, તપની આરાધનાના ગાળા દરમિયાન જ તા. ૩૧/૩/૨૦૨૬ના મંગળવારે જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ કલ્યાણક મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે. આયંબિલ તપના સ્વરૂપ વિશે વાત કરીએ તો, આ નવ દિવસ દરમિયાન આરાધકો દિવસમાં માત્ર એક જ વાર, એક જ સ્થાને બેસીને લુખ્ખો અને સ્વાદરહિત આહાર ગ્રહણ કરે છે. આ તપમાં તેલ, ઘી, દૂધ, દહીં, ગોળ અને સાકર જેવી છ વિગય (રસ)નો સંપૂર્ણ ત્યાગ કરી માત્ર અચૈત (ઉકાળેલું) પાણી વાપરવાનું વિધાન છે. સ્વાદેન્દ્રિય પર વિજય મેળવવાના આ મહાન લક્ષ્ય સાથે વિવિધ ઉપાશ્રયોમાં આયંબિલ ઓળીના ભવ્ય આયોજન કરવામાં આવ્યા છે.

### શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ – ઓમાનવાળા ઉપાશ્રય –સી.એમ.શેઠપૌષધશાળાના આંગણે

રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ – ઓમાનવાળા ઉપાશ્રય – સી. એમ. શેઠ પૌષધશાળાના પરમ પુણ્યોદયે અને સવાયા સદ્ભાગ્યે તપસમ્રાટ પૂજ્ય રતિ ગુરૂદેવ તથા ગુજરાતરત્ન પૂ.સુશાંતમુનિ મ. સા. એવં રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવશ્રી નમ્રમુનિ મ.સા. તથા મુક્ત-લીલમ-સન્મતિ ગુરુણીના ના આજ્ઞાનુવર્તિ સુશિષ્યાઓ મધુરવક્તા પૂજ્ય શ્રી સુનિતાબાઈ મહાસતીજી તથા પરમ ઉત્સાહી પૂજ્ય શ્રી શ્વેતાંશીબાઈ મહાસતીજી ઠા.-૨ના શુભ મંગળ પદાર્પણથી સં-૨૦૨૬ના ચૈત્રમાસની શાશ્વતી આયંબિલની ઓળી અર્થે જ્યારે સૌપ્રથમ પધારી રહ્યા છે. ત્યારે તા.૧૯-૩-૨૬ ને ગુરુવારથી સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ વ્યાખ્યાન ચાલુ થશે અને તા.૨૪-૩-૨૬ ને મંગળવાર થી તા.૧-૪-૨૬ ને બુધવાર સુધી આયંબિલ ઓળીના નવે દિવસ વ્યાખ્યાનમાં સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ ત્રિરંગી સામાયિક, તેમાં ૯:૩૦ થી ૧૦:૩૦ વ્યાખ્યાન, ૧૦:૩૦ થી ૧૨:૦૦ આયંબિલની વિધિ. ૧૨:૦૦ વાગ્યે શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-ઓમાનવાળા ઉપાશ્રય-સી.એમ.શેઠ પૌષધશાળામાં બીજા માળે આયંબિલ, સાંજે ૭:૦૦ થી ૮:૩૦ પ્રતિક્રમણ, ૮:૩૦ થી ૯:૦૦ વિધવિધ ગેઈમ, પ્રશ્નોતરી અને ત્યારબાદ શાર્પ ૯:૦૦ થી ૧૦:૦૦ નવગ્રહ જાપ સાધના. આ રીતે દરેક આરાધના સાધના કરાવવામાં આવશે. તેમાં દરેક શ્રાવક-શ્રાવિકાઓએ વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવા સંઘપ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠનો અનુરોધ કરવામાં આવે છે.

### શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે આયંબિલની ઓળીનું આયોજન

ગોંડલ સંઘાણી સંપ્રદાયના નુતન-જય-કાન્ત ગુરુભ્યો નમ: ગુરુદેવ પ.પૂ. પંથકમુની મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી શાસનદીપિકા પૂ.બા.બ્ર. સાધનાબાઈ મ.સ., પૂ.બા.બ્ર.ચંદનાબાઈ મ.સ., પૂ.બા.બ્ર.વર્ષાબાઈ મ.સ., પૂ.બા.બ્ર.આરતિબાઈ મ.સ., પૂ.બા.બ્ર.ખ્યાતિબાઈ મ.સ., પૂ.બા.બ્ર. હિનાબાઈ મ.સ. આદિ ઠાણા-૬ ના પાવન નિશ્રામાં તા.૨૪-૩-૨૬ ને મંગળવાર થી તા.૧-૪-૨૬ ને બુધવાર સુધી ચૈત્રમાસની શાશ્વતી આયંબિલની ઓળી શરૂ થવા જઈ રહી છે. આયંબિલણી ઓળી નવ પદના પવિત્ર નવ દિવસોનું શુભ આગમન છે.આવો, સૌ સાથે મળીને નવ પદની આરાધના માં જોડાઈએ અને આ પવિત્ર અવસરને ધન્ય બનાવીએ. આ આયંબિલની ઓળીમાં વધુમાં વધુ સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા આયંબિલનો લાભ લઈ એવી શ્રી સંઘ તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવેલ છે.

### મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ – સરયુબેન ચંદ્રકાંત શેઠ પૌષધશાળાના આંગણે

ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસક ઉદ્ધારક ગાદીપતિ ગુરૂદેવશ્રી નરેન્દ્રમુની મહારાજ સાહેબ તથા પૂ.પંથકમુની મ. સ તથા પંડિતરત્ન વિદુષી સાધક બેલડી જય-વિજય,કાન્ત – વિનય ગુરુણી મૈયા ના સુશિષ્યા આગમપ્રેમી મધુર વ્યાખ્યાની બા.બ્ર. પુ.સોનલબાઈ મ. સ તથા તત્વપ્રેમી બા.બ્ર પૂ.લબ્ધીજી મ.સ.આદી ઠાણા ૨ના સુમંગલ ની નિશ્રામાં શ્રી મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ - શેઠ પૌષધશાળા - દોશી ઉપાશ્રય ના આંગણે તા.૨૪-૩-૨૬ ને મંગળવાર થી તા.૧-૪-૨૬ ને બુધવાર સુધી ચૈત્રમાસની શાશ્વતી આયંબિલની ઓળી શરૂ થવા જઈ રહી છે. આ આયંબિલની ઓળીમાં વધુમાં વધુ સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા આયંબિલનો લાભ લઈ એવી શ્રી સંઘ તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવેલ છે.

# રેલવે યુનિયનના સેવાભાવી અગ્રણી રાજેશ મહેતાનો જન્મદિન



વેસ્ટન રેલ્વે એમ્પ્લોઝ યુનિયન રાજકોટના પ્રતિનિધિ અને રેલવેના સેવાભાવી કાર્યકર રાજેશકુમાર વી. મહેતાનો આજે જન્મદિવસ છે.રાજેશભાઈ મહેતા તેમની અત્યાર સુધીની લાઈફમાં ૮૨ વાર રક્તદાન કરેલ છે. તેઓ રાજકોટની બધી બ્લડ બેન્કના ડોનર છે. રાજકોટ ડિવિઝન રેલ્વે પરિવારમાં એવો હોસ્પિટલના કામમાં બધાને ખૂબ જ ઉપયોગી થાય છે તથા સેવા ભાવથી મદદ કરે છે. તેઓ ૧૯૮૦ થી આરએસએસ અને સંઘ અને રાજકોટની અનેકવિધ સેવાકીઓ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છકો તરફથી શુભેચ્છા ન વરસાદ થઈ રહ્યો છે.તેઓના મો.નં. ૯૮૨૫૨૧૭૨૯૯ છે.

# ભાજપ અગ્રણી મનીષ ભટ્ટનો કાલે જન્મદિવસ



રાજકોટનાં જાહેર જીવનનાં અગ્રણી, રાજકોટ શહેર ભાજપનાં પૂર્વ ઉપાધ્યક્ષ, પ્રદેશ ભાજપના અગ્રણી મનીષ ભટ્ટ યશસ્વી જીવનના ૫૫ વર્ષ પૂર્ણ કરી તા.૨૨ માચે વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રવાદી વિચારધારાને આધારીત રાજનીતી, સેવાક્ષેત્રને વરેલા મનીષ ભટ્ટ - રાજકોટ શહેર યુવા ભાજપનાં મંત્રી, ઉપાધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મંત્રી તરીકે યશસ્વી જવાબદારી વહન કરી ચુકયા છે. અસ્મિતા ફાઉન્ડેશન સંસ્થાના ફાઉન્ડર પ્રમુખ મનીષ ભટ્ટ યુ.એસ.એ.માં યોજાતા 'ચાલો ગુજરાત" ચાલો ઈન્ડિયા આઈનાનામની સંસ્થાના એકઝીક્યુટીવ કમિટીના સભ્ય તરીકે કાર્યરત છે. તેમજ એનિમલ હેલ્પલાઈન, શ્રીજી ગૌશાળા સહિતની અનેક સંસ્થાઓમાં તન-મન-ધનથી સક્રિય છે. અનેકવિધ નેશનલ ઈવેન્ટસ/કાર્યક્રમોનું સફળ સંચાલન કરી ચૂકેલા શ્રી મનીષ ભટ્ટ નવી પેઢીના પ્રભાવી વકતા અને વ્યવસાયે એડવોકેટ અને કોર્પોરેટ કન્સલટન્ટ છે. શબ્દોને લાગણીમાં ઝબોળી એક અનોખું ભાવજગત, સદભાવ જગત ખડું કરવાની તેમજ મિત્રો કમાવાની અને મિત્રતા સાચવવાની આવડત એ મનીષ ભટ્ટના આગવા વ્યક્તિત્વનું જમા પાસું છે. તેઓના મો. નં. ૯૮૨૫૪ ૭૭૫૦૧ છે.

# ૧૦ વર્ષની શિફાએ તમામ રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરી



મુસ્લિમ ધર્મમાં રમઝાન મહિનાને ધાર્મિક દ્રષ્ટિએ સર્વોચ્ચ મહિનો અને અતિ પવિત્ર માસ તરીકે ગણવામાં આવે છે. આ મહિનામાં મુસ્લિમો રોઝા રાખી, નમાઝ પઢી, જકાત- ખૈરાત કરી અલ્લાહની ઈબાદત કરે છે. કાળઝાળ ગરમી વચ્ચે યુવાથી લઈ વૃદ્ધો અને બાળકો પણ રોઝા રાખે છે. રાજકોટમાં રહેતા આરિફ મલેક અને ફિરદોષ મલેકની ૧૦ વર્ષની પુત્રી શિફાએ આટલી નાની વયે રમઝાન માસના તમામ રોઝા રાખી આવડી નાની ઉંમરે ઈબાતનું અસમાન્ય ઉદાહરણ પુરૂ પાડયું છે.

# ૯ વર્ષની મહેર ઈબ્રાહિમ જાગાએ રમજાનના 30 રોજા રાખી ઈબાદત કરી



**અબતક, રાજકોટ**

રાજકોટના મુસ્લીમ અગ્રણી ઈબ્રાહિમભાઈ હાજીભાઈ જાગાની પુત્રી મહેર ઈબ્રાહિમભાઈ જાગાએ માત્ર ૯ વર્ષની ઉંમરે રમજાનના પુરે પુરા 30 રોજા રાખી અલ્લાહની બંદગી કરી છે. માત્ર ૯ વર્ષની મહેરે 30 રોજા પુરા કરી રાજકોટ મુસ્લીમ સમાજ અને જાગા પરિવાર તેમજ અલ્લાહના બંદાઓનું ગૌરવ વધારેલ છે. તે બદલ ઠેર-ઠેરથી મહેરને અને તેના માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની તથા મામા-મામીએ મુબારકબાદીની વર્ષા થઈ રહેલ છે અને સુખ, શાંતિ અને સલામતીની ખાસ દુઆ કરી છે.

# સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા સોમવારથી એમ્પાવરિંગ એજયુકેટર્સ વિથ એઆઈ ઈન રિસર્ચ વર્કશોપ

## ફાર્મસી અને કમ્પ્યુટર ક્ષેત્રે એઆઈના ઉપયોગ વિશે નિષ્ણાતો દ્વારા અપાશે માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ફાર્મસી ભવન શૈક્ષણિક તથા સંશોધન માટે હરણફાળ પ્રગતિ માટે ગુજરાતભરમાં સતત પ્રકાશમાં રહ્યું છે. ફાર્મસી ભવનમાં સંશોધકો તથા વિદ્યાર્થીઓને ઉપયોગી એવા કાર્યક્રમોનું આયોજન અવારનવાર થતું રહે છે. પરંતુ આગામી તા.૨૩ થી ૨૭ માર્ચ ૨૦૨૬ દરમિયાન રિસર્ચ સ્કોલર તથા અધ્યાપકોને તાલીમ આપવાના હેતુ થી નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત. ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનની પ્રમોશન ઓફ રિસર્ચ ફોર ફેસીલીટી સ્કીમ અંતર્ગત ફાર્મસી ભવનના સંયુક્ત ઉપક્રમે પાંચ દિવસીય વર્કશોપ 'બેમ્પાવરિંગ એજ્યુકેટર્સ વિથ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન રિસર્ચ યોજવા જઈ રહ્યો છે.

આ પાંચ દિવસીય સેમિનારની અંદર ફાર્મસી, કોમ્પ્યુટર, તથા એઆઈ ક્ષેત્રના વિવિધ તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં ભાગ લેનારને પૂરતો સંતોષ આપી શકાય તે માટે રજીસ્ટ્રેશનની સંખ્યા મર્યાદિત ૬૦ જેટલી રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિવિધ વ્યાખ્યાનોની સાથે પોસ્ટર પ્રેઝન્ટેશનની સ્પર્ધા પણ રાખવામાં આવી છે કે જેથી સ્પર્ધકો પોતાના સંશોધનોને પ્રસિદ્ધ કરી વિચારોનું આદાનપ્રદાન કરી શકે.આ કાર્યક્રમમાં વિવિધ તજનો જેવા કે ડો. મહેશ જીવાણી, હેડ, ઈલેક્ટ્રોનિક ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. ડો. કેવિન ગરાળા, આસોસિયેટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, ડો. અતુલ ગોસાઈ, હેડ, કોમ્પ્યુટર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અન્ય અધ્યાપકોના વિવિધ વિષયો પરના વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની વિશેષતા એ છે કે આ કાર્યક્રમમાં ફાર્મસી, કોપ્યુટર તથા અમ એમ ત્રણેય વિષયોના નિષ્ણાતોનું માર્ગદર્શન મળી રહેનાર છે. જેથી કરીને ભાગ લેનાર રિસર્ચ સ્કોલર તથા અધ્યાપકો અગનું બહોળું જ્ઞાન મેળવી અને પોતાના વિધ્યાર્થીઓને પીરસી શકશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૮૧૬૦૩૯૩૩૩૯ પર ડો. તૃપેશ પેથાણીનો સંપર્ક કરવા જણાવાયું છે. ભવન દ્વારા આવા ભવિષ્યમાં અત્યંત ઉપયોગી એવા ક્ષેત્રના ઉત્કૃષ્ટ કક્ષાના સેમિનારના આયોજન બદલ ભવનના હેડ તથા કાર્યકમના કોઓડિનેટર ડો. પ્રિયા પટેલ તેમજ ભવનના અધ્યાપક અને કાર્યક્રમના કો-કોઓર્ડિનેટર ડો. તૃપેશ પેથાણીને યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી તથા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. મનીષ ધામેયા એ અભિનંદન પાઠવ્યા છે.

# જીસીસીઆઈ આયોજિત "ગોકુલમ" સંવાદમાં આજે ડો.દિલીપભાઈ આપશે માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

ગૌકુલમ વિશેષ સંવાદ સિરીઝ ગૌ સેવા, ગૌ આધારિત અર્થતંત્ર અને ભારતીય મૂલ્યોના પુનર્જાગરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે, જે સમાજમાં સકારાત્મક પરિવર્તન અને આત્મનિર્ભર ભારતના નિર્માણને વેગ આપશે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને જીસીસીઆઈના ફાઉન્ડર ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ જીસીસીઆઈ દ્વારા ગૌ આધારિત અર્થવ્યવસ્થાને વેગ આપવા ગૌ સેવા, ગાય આધારિત અર્થતંત્ર અને ગૌ ટેક ગ્લોબલ વિઝન ૨૦૨૬ વિષય પર પ્રખ્યાત આર્કિટેક્ટ અગ્રણી સમાજ સેવી ડો.દિલીપ કાલે સાથે વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રખ્યાત આર્કિટેક્ટ અને પરોપકારી દિલીપ કાલેએ તેમના જીવનના સંઘર્ષો અને મૂલ્યોનો ઉપયોગ કરીને સ્થાપત્ય અને સામાજિક ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. સતારામાં શરૂ થયેલી તેમની યાત્રાએ તેમને અસંખ્ય મહત્વપૂર્ણ શૈક્ષણિક, ધાર્મિક અને સંસ્થાકીય પ્રોજેક્ટ્સ સાથે જોડ્યા છે. સમાજ પ્રત્યેની તેમની ઊંડી પ્રતિબદ્ધતાએ તેમને વિવિધ સંગઠનો સાથે સક્રિય રીતે સંકળાયેલા રાખ્યા છે.

આ વેબિનારનું સંચાલન જીસીસીઆઈના જનરલ સેક્રેટરી અમિતાભ ભટ્ટનાગર દ્વારા કરવામાં આવશે. વધુ માહિતી માટે જીસીસીઆઈના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી મો.૯૮૨૪૨ ૨૧૯૯૯ સંપર્ક કરવા જણાવાયું છે.

## રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી

# ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરી. ટ્રસ્ટ દ્વારા સોમવારે ઈશ્વરીયા ખાતે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા તા. ૨૩ ને સોમવાર બપોરે ૩ થી ૮ સુધી બાલાજી વેફર્સ પાછળ, ઈશ્વરીયા કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વિનુભાઈ મણપર, અતુલભાઈ ભુત, ધર્મેશભાઈ ઉકાણી, જેન્તીભાઈ ભાલોડીયા, ઉમિયા પદયાત્રીક પરિવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકડર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અનુરોધ કરાયો છે. આપના સ્નેહીના જન્મ દિવસ કે સ્મૃતિ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કે જીવદયાના અનય કોઈપણ કાર્ય માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૪૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# વિરાણી હાઈસ્કુલના ભુલકાઓએ બાળગીતો થકી સમજાવ્યું ચકલીનું મહત્વ

## ચકલી દિવસ નિમિતે વિદ્યાર્થીઓને માળાનું વિતરણ કરી કયાં લગાવવા અંગે માહિતગાર કરાયા



**અબતક, રાજકોટ**

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે રાજકોટની જુની અને જાણીતી એસ વી વિરાણી હાઈસ્કૂલમાં સી. જે. ગ્રુપના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓને ચકલીના માળાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ ચકલીનું મહત્વ દર્શાવતા બાળગીતો ગાયા હતા. કાર્યક્રમમાં જાણીતા પર્યાવરણવિદ ભરતભાઈ સુરેજા તથા હેમલબેન આણંદપરાએ વિદ્યાર્થીઓને પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે તેમજ ઈકોલોજીકલ સંતુલન જાળવવામાં ચકલીના મહત્વ વિશે સમજાવી, ચકલી આપણા સમાજ જીવનનો અને પરિવારનો જ એક ભાગ છે, તેમ જણાવી માળા કયા લગાવવા તથા ચકલી બચાવવાના ઉપાયો વિશે જણાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ પોતાના ઘેર ઉનાળામાં પાણીનું કુંડું અને ચણ રાખી ચકલી બચાવવાના શપથ લીધા હતા. આ પ્રસંગે જાણીતા પર્યાવરણવિદ ભરતભાઈ સુરેજા, એજ્યુકેશન ઈન્સ્પેકટર હેમલબેન આણંદપરા, સ્કૂલના ટ્રસ્ટી રસીલાબેન રામાણી, સેક્રેટરી પ્રવિણાબેન ચોવટીયા , સી.જે. ગ્રુપના ચેરમેન ચિરાગભાઈ ધામેચા, શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ સંખ્યામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ચકલી બચાવવાના શપથ અને સંકલ્પ લીધા હતા હતો.

# શિકાટ્રા યુનિયન દ્વારા 'સભાસદોના હિત'ના મુદ્દાઓ સાથે પેનલ જાહેર

## આરએમસી કર્મચારી મંડળીની ચૂંટણીમાં શિકાટ્રા યુનિયનના ૯ ઉમેદવારોની 'રેલવે એન્જિન'ના નિશાન સાથે ન્યાયની લડત: અબતક મીડિયાની મુલાકાતે આવેલા સભ્યોએ આપી માહિતી



**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિમિટેડની કારોબારી સભ્યોની આગામી ચૂંટણીમાં શિકાટ્રા યુનિયન દ્વારા નવ સક્ષમ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. આ પેનલમાં પ્રકાશ ગોહિલ, અમિતભાઈ દવે, રાજેશભાઈ નૈયા, રમેશભાઈ પરમાર, રવિન્દ્રભાઈ પંડ્યા, શકિતદાન ગઢવી, પ્રમોદભાઈ યાદવ, ઉમેશભાઈ ઠાકોર અને રૂપલબેન સોલંકીનો સમાવેશ થાય છે. આ તમામ ઉમેદવારો નીડર, ઉત્સાહી અને ઉચ્ચ શિક્ષિત છે, જેઓ 'મારું-તારું' નહીં પણ 'આપણું સહુનું ભલું' થાય તેવા ઉમદા હેતુ સાથે અને સભાસદોના હિત રક્ષણ માટે ચૂંટણીના મેદાને ઉતર્યા છે.

અબતક મીડિયાની મુલાકાતે આવેલા પેનલના સભ્યોએ માહિતી આપી હતી કે, આ પેનલનો મુખ્ય ઉદ્દેશ્ય સભાસદોનું શોષણ અટકાવવી અને તેઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાનો છે. જેમાં ખાસ કરીને ધિરાણ પરના વ્યાજદરમાં ઘટાડો કરવો, તમામ સભાસદોને આધુનિક કમ્પ્યુટરાઈઝ પાસબુક આપવી અને લોનની મર્યાદામાં વધારો કરવા જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. અન્યાય સામે ન્યાય મેળવવાની આ લડાઈમાં શિકાટ્રા યુનિયનના ઉમેદવારો 'રેલવે એન્જિન' ના નિશાન સાથે મક્કમતાથી આગળ વધી રહ્યા છે. આગામી તારીખ ૨૮-૦૩-૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાનારા આ મતદાનમાં દરેક સભાસદોને સમયસર પધારી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઓશો ધ્યાન દ્વારા એક દિવસીય ધ્યાન શિબિર

**અબતક, રાજકોટ**

શહેરના ઓશો પ્રેમીઓ અને આધ્યાત્મિક જિજ્ઞાસુઓ માટે આવતીકાલે, ૨૨ માર્ચ ૨૦૨૬ ને રવિવારના રોજ રાજકોટની રાષ્ટ્રીયશાળાના મધ્યસ્થ હોલ ખાતે એક ભવ્ય નિ:શુલ્ક એક દિવસીય ઓશો ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ઓશો દ્વારા પ્રતિપાદિત વૈજ્ઞાનિક ધ્યાન પદ્ધતિઓ દ્વારા સાધકોને આંતરિક શાંતિ અને પરમ આનંદનો અનુભવ કરાવવામાં આવશે.

આ એક દિવસીય શિબિરનો પ્રારંભ વહેલી સવારે ૦૫૧૫ કલાકે કીર્તન અને વૉર્મ-અપ સાથે થશે, ત્યારબાદ સવારે ૦૬૦૦ વાગ્યે વિશ્વપ્રસિદ્ધ સક્રિય ધ્યાન કરાવવામાં આવશે. દિવસભરના કાર્યક્રમમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રિ ભોજનની નિ:શુલ્ક વ્યવસ્થા આયોજકો દ્વારા કરવામાં આવી છે. બપોરના સત્રમાં યોગનિદ્રા અને સાંજે કુંડલિની ધ્યાન બાદ શિબિરનું મુખ્ય આકર્ષણ વ્હાઈટ રોબ ઉત્સવ રહેશે, જેમાં સાધકો શ્વેત વસ્ત્રો ધારણ કરી સંગીત અને નૃત્ય સાથે ધ્યાનમાં ઉતરશે.

આયોજકો દિલીપભાઈ પટેલ (૯૮૨૫૨ ૨૯૩૯૪), ભીખાલાલ વોરા (૯૩૭૪૧ ૦૧૧૨૪) અને ભાવુ મા (૭૫૭૫૦ ૦૨૦૨૦) દ્વારા જણાવ્યા અનુસાર, શિબિરમાં જોડાવા માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. રવિવારની રજા હોવાથી મોટી સંખ્યામાં સાધકો આ શિબિરનો લાભ લે તેવી શક્યતા છે. સાધકોને સમયસર ઉપસ્થિત રહેવા અને ધ્યાન માટે અનુકૂળ વસ્ત્રો સાથે રાખવા વિનંતી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં સોમેશ્વર મહાદેવ મંદિરે આજે સુંદરકાંડના પાઠ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર માર્ગ નં.૨ ઉપર આવેલ સોમેશ્વર મહાદેવ મંદિરે સંકલ્પસિધ્ધ દાદાના સાનિધ્યમાં દર શનિવારે સાંજે સુંદરકાંડના પાઠ રાખવામાં આવે લ છે. જે અંતર્ગત આજે સાંજે ૫.૩૦ થી ૭.૩૦ સુંદરકા:ડના પાઠનું આયોજન કરવામાં આવેલ છે. ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ પધારવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જુગારની મોસમ ખુલી : ત્રણ દરોડામાં પાંચ મહિલા સહિત ૧૮ ઝપટે ચડ્યા

## એ ડિવિઝન, એલસીબી ઝોન-૨ અને યુનિવર્સિટી પોલિસની કાર્યવાહી : રૂ.૨૯,૫૮૦ની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

શહેરમાં ફરી જુગારની મોસમ ખીલી હોય તેવા બનાવ સામે આવ્યા છે. જુગારીઓ પતા ટીંચી નસીબ અજમાવવા અને પોલિસ જુગારની બદ્દી ડામવા સક્રિય થઈ હોય તેમ જુગારના ત્રણ દરોડામાં પાંચ મહિલા સહીત ૧૮ ખેલીઓ રૂ. ૨૯,૫૮૦ ની રોકડ સાથે ઝડપાયા હતા.

શહેરી વિસ્તારમાંથી દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન લીમડા ચોક પાસે રોડ ઉપર જાહેરમાં જુગાર રમાઈ રહ્યાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસની ટીમે દરોડો પાડી ફારુક કાસમભાઈ કાસમાણી, અબ્બાસ પીરુભાઈ બેલીમ અને તુલસી રાજુભાઈ સોલંકીને રૂ. ૭૪૮૦ ની રોકડ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જુગારના બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાની ટીમએ બાતમીના આધારે ભવાનીનગર ભાણજી દાદાના પુલ પાસે વોકળા કાંઠે જાહેરમાં પત્તા ટીચતા હિતેશ જયંતીલાલ જાદવ, નૂરજહાબેન અનવરભાઈ સુરૈયા, જ્યોતિબેન દિલીપભાઈ ભટ્ટ, કાનાભાઈ મામૈયાભાઈ રાઠોડ, સપનાબેન ઉર્ફે સપુબેન સાગરભાઈ પરમાર, કોમલબેન દેવજીભાઈ ધાપા અને દયાબેન અમૃતભાઈ સરવૈયાને રૂ. ૧૩૨૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જ્યારે જુગારના ત્રીજા દરોડામાં યુનિવર્સિટી પોલીસની ટીમે રૈયાધાર નજીક ડો.ઝાકીર હુસેન સ્કૂલ સામે આવેલી શેરીંના મકાનમાં જુગાર રમતા મોહન નારણભાઈ ખુમાણ, પંકજ માવજીભાઈ રાઠોડ, હીરા નાથાભાઈ જાદવ, પ્રભાત કિશોરભાઈ રાઠોડ, મનસુખ અમૃતભાઈ વાઘેલા, ત્રિકમ કિશોરભાઈ રાઠોડ, માવજી આંબાભાઈ રાઠોડ, અને કાંતિ રામજીભાઈ વાઘેલાને રોકડ રૂ. ૮૮૫૦ સાથે દબોચી કાર્યવાહી આદરી હતી.

# મુસાફરોને રિક્ષામાં બેસાડી લૂંટી લેતો કિશન વાંજા પાસામાં ધકેલાયો

## તાજેતરમાં ચાર લોકોના ખિસ્સામાંથી મતા સેરવી જનાર શખ્સ વિરુદ્ધ રાજકોટ અને મોરબીમાં સાત ગુના : જામનગર જેલમાં મોકલી દેવાયો, ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

મુસાફરોને રિક્ષામાં બેસાડી નજર ચૂકવી ખિસ્સામાંથી મતા સેરવી લેનાર શખ્સ કિશન વાંજાને ક્રાઈમ બ્રાન્ચે પાસા તળે જામનગર જેલમાં ધકેલ્યો છે. તાજેતરમાં જ ચાર લોકોને લૂંટી લેનાર રિક્ષા ગેંગના સૂત્રધાર વિરુદ્ધ રાજકોટ-મોરબીમાં સાત ગુના નોંધાયેલા હોય પાસા તળે અટકાયતી પગલાં લેવાયા હતા.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા રિક્ષામાં મુસાફરોને બેસાડી દાગીના, રોકડ નજર ચૂકવી ચોરી કરતા અને ગુનાઓમાં વારંવાર પોલીસ ચોપડે ચડી ચૂકેલા આરોપીઓને જેલમાં ધકેલવા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.



જેના પગલે માલધારી સોસાયટીમાં રહેતા અને રિક્ષામાં મુસાફરોની નજર ચૂકવી સોનાના દાગીના તેમજ રોકડની ચોરીમાં સાતથી પણ વધુ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા આરોપી કિશન ઉર્ફે કિસ્સો મગનભાઈ વાંઝા સામે પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

પોલીસ કમિશનરે પાસા દરખાસ્ત મંજૂર કરી પાસા વોરંટ ઈસ્યુ કરતા ક્રાઈમ બ્રાનચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવની સુચનાથી પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાન્જ ટીમના એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, જયરાજસિંહ કોટીલા, દીપકભાઈ ડાંગર, ધારાભાઈ ગઢવી સહિતની ટીમે પાસા વોરંટની બજવણી કરી આરોપી કિશન ઉર્ફે કિશાને પાસા હેઠળ જામનગર જેલ ધકેલવા કાર્યવાહી હાથ ધરી હતી.

# ક્રિષ્નાપાર્ક રિસોર્ટ નજીકથી દેશી દારૂ ભરેલું માલવાહક વાહન ઝડપાયુ

## ૪૦૦ લિટર દારૂ, દોસ્ત વાહન મળી કુલ રૂ.૨.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત, પીસીબીની કાર્યવાહી : ફરાર ચાલકની શોધખોળ

**અબતક, રાજકોટ**



રાજકોટ-ગોંડલ હાઈવે પર ક્રિષ્ના પાર્ક રિસોર્ટ નજીકથી પીસીબીની ટીમે દેશી દારૂ ભરેલું માલવાહક વાહન ઝડપી લીધું હતું. પોલિસેં ૪૦૦ લિટર દેશી દારૂ સહીત રૂ.૨.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર થઈ ગયેલા વાહનચાલકની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરી વિસ્તારમાં પ્રોહીબિશનની ગેરકાયદે પ્રવૃત્તિને સદંતર નેસ્ત નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પીસીબી શાખાના પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવેને મળેલી સંયુક્ત હકીકતના આધારે માલધારી ફાટકથી આગળ ગોંડલ રોડ તરફ જતા રોડ પર ક્રિષ્નાપાર્ક રિસોર્ટની સામે જાહેરમાંથી અશોક લેલેન્ડ કંપનીના દોસ્ત વાહનમાંથી રૂ. ૮૦ હજારની કિંમતનો ૪૦૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસને જોઈ વાહન ચાલક ફરાર થઈ જતા પીસીબીની ટીમે દેશી દારૂ, અશોક લેલેન્ડ કંપનીનું દોસ્ત વાહન જેના નંબર જીજે- ૦૩-એએક્સ-૧૪૨૨ મળી કુલ રૂ. ૨.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી દરોડા દરમિયાન હાજર નહીં મળી આવેલ ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

# મુંજકા નજીકથી ચોરાઉ વાહન સાથે દેવેન અજમેરા ઝડપાયો

## વિસ દિ' પહેલા ઈસ્કોન મંદિર નજીકથી બાઈક ઉઠાવી ગયાની કબૂલાત : યુનિવર્સીટી પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

મુંજકા નજીકથી ચોરાઉ વાહન સાથે શિવાજીનગરનો દેવેન્દ્ર અજમેરાને યુનિવર્સીટી પોલિસની ટીમે ઝડપી લીધો હતો. ઝડપાયેલા શખ્સેં વિસ દિવસ પૂર્વે ઈસ્કોન મંદિર નજીકથી બાઈક ચોરી કર્યાની કેફીયત આપતાં પોલિસેં વાહન કબ્જે કરી કાર્યવાહી આદરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ ડીસીપી ઝોન ૨ રાકેશ દેસાઈની સુચનાથી પીઆઇ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી જી ડોડીયાની ટીમના મૈસુરભાઈ કુંભારાવાડીયા અને પ્રાદિત્ય સિંહ ઝાલા સહિતની ટીમ વિસ્તાર પેટ્રોલિંગમાં નીકળી હતી. દરમિયાન ડ્રીમ યુગા બાઈક પર નીકળેલા શખ્સને મુંજકા નજીક અટકાવી પૂછપરછ કરતા પોતાનું નામ દેવેન સુમિતભાઈ અજમેરા (ઉંવ ૫૦ રહે શિવાજી પાર્ક શેરી નં.-૧) હોવાનું અને બાઈક ૨૦ દિવસ પૂર્વે રૂડાનગર ત્રણ ઈસ્કોન મંદિર નજીકથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલિસેં બાઈક કબ્જે કરી આરોપી વિરુદ્ધ કાર્યવાહી આદરી હતી. આ કામગીરીમાં પીઆઇ એચ એન પટેલ, પીએસઆઇ વી જી ડોડીયા, એએસઆઈ જગમાલભાઈ ખટાણા, હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ, સુખદેવસિંહ, વનરાજભાઈ, પ્રવીણભાઈ, મૈસુરભાઈ, દિવ્યરાજસિંહ, પ્રાદિત્યસિંહ અને મહિલા કોન્સ્ટેબલ ધારાબેન મેઘાણી સહિતની ટીમ જોડાઈ હતી.

# રેસકોર્સમાં મોબાઈલમાં ઓનલાઈન જુગાર રમતો હોટલ કર્મચારી ઝડપાયો

## ઓનલાઈન આઈડી પર નસીબ અજમાવતો હોય ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો : બુકી અંગે તપાસ

**અબતક, રાજકોટ**

રેસકોર્ષમાં કસીનોની ગેમમાં ઓનલાઈન જુગાર રમતો હોટલ કર્મચારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી અને બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી. દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ગોહિલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ તુલશીભાઈ ચુડાસમા અને કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયાને રેસકોર્ષની અંદર આવેલ જાહેર સૌચાલય પાસે એક શખ્સ છે તેની પાસે રહેલ મોબાઈલ ફોનમાં ગુગલમાં કસીનોમાં અલગ અલગ ગેમમાં હારજીતના સોદાઓ સટ્ટો રમી રહ્યો છે, તેવી બાતમી મળતા જ સ્ટાફે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ તેનું નામ પુછતા પોતાનું નામ પરેશ જમન ધુડા (ઉ.વ.૨૫, રહે. હાલ કે.કે. હોટલના સ્ટાફ, મુળ ગામ.બાલવા જામજોધપુર) હોવાનું જણાવ્યું હતું.ક્રાઈમ બ્રાન્ચની ટીમે તે શખ્સનો મોબાઈલ ચેક કરી ગુગલ ક્રોમ ખોલતા તેમાં 'બેટબોકશર૪૭.કોમ' નામની આઈડી હોય જેમાં અમીન નામનું એકાઉન્ટ હોય તેમાં જુગાર રમી રહ્યો હોવાનું ખૂલતાં આરોપીની ધરપકડ કરી મોબાઈલ કબ્જે કરી તપાસ આદરી હતી.

# ચેટીચાંદના પર્વએ ઝૂલેલાલ મંદિરે દંપતી વચ્ચે માથાકૂટ થતા પત્નીએ અગ્નિસ્નાન કર્યું

## પતિએ પત્નીને સાથે લઈ જવાને બદલે 'હું બાળકોને લઈને જઈશ' તેમ કહેતા પરિણીતાએ જ્વલનશીલ પદાર્થ છાંટી દિવાસળી ચાંપી

**અબતક, રાજકોટ**

શહેરમાં સિંધી સમાજ દ્વારા હર્ષોલ્લાસ સાથે ચેટીચાંદના પર્વની ઉજવણી કરવામાં આવી રહી હતી, ત્યારે રામનાથપરા વિસ્તારમાં મંદિરે દર્શન કરવા જવા જેવી સામાન્ય બાબતે પતિ-પત્ની વચ્ચે થયેલી બોલાચાલી થતા પત્નીએ અગ્નિસ્નાન કરી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો છે. જેને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ રામનાથપરા શેરી નંબર ૧૪ માં રહેતા મીનાબેન ચોઈથરામ ખટ્ટર (ઉં.૫૨)ને ગઈકાલે રાત્રે આશરે ૯ વાગ્યાની આસપાસ ચેટીચાંદનો તહેવાર હોવાથી રામનાથપરામાં આવેલા ઝૂલેલાલ મંદિરે દર્શન કરવા જવાની જીદ કરી હતી. જોકે, પતિએ તેમને સાથે લઈ જવાના બદલે એવું કહ્યું હતું કે, ''હું બાળકોને લઈને જઈશ.'' આ વાત પર બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. પતિ સાથેના ઝઘડા બાદ મીનાબેન ભારે આઘાત અને ગુસ્સામાં આવી ગયા હતા. તેમણે આવેશમાં આવી બાથરૂમમાં જઈ અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો અને જ્વલનશીલ પદાર્થ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. ઘરમાં અચાનક અફરાતફરી મચી જતા પરિવારજનોએ મહામુસીબતે તેમને બચાવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં ખસેડ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મીનાબેનના પતિ હેમુ ગઢવી હોલ પાસે દાળ-પકવાનની રેંકડી ચલાવે છે. તેમને સંતાનમાં ત્રણ દીકરા અને એક દીકરી છે.હાલમાં મીનાબેનની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

# નવાગામના યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## યુવકે ભરેલા પગલાથી પરિવારમાં શોક, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના નવાગામ વિસ્તારમાં આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ નવાગામ ગ્રામ પંચાયત વાળી શેરીમાં, રામજી મંદિર પાસે રહેતા જીતેન્દ્રકુમાર (ઉં ૨૪) ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો, બનાવની જાણ થતા જ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે, તપાસ બાદ ૧૦૮ના ઈએમટી ડો. પ્રગ્નેશભાઈએ યુવાનને મૃત જાહેર કર્યો હતો. જેને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યુવાને કયા કારણોસર આ અંતિમ ડગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસમાં ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરમાં ૨૪ કલાકમાં બે સગીર સહિત પાચનો આપઘાતનો પ્રયાસ

## ધો.૧૨નું પેપર નબળું જવાથી તરૂણે, યુવાને ગૃહ કલેશથી ફિનાઈલ પીધું

**અબતક, રાજકોટ**

શહેરમાં દિવસેને દિવસે આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ અલગ-અલગ વિસ્તારોમાં પાંચ વ્યક્તિઓએ ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. તમામ અસરગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસેની રવિન્દ્રનાથ ટાગોર ટાઉનશીપમાં રહેતી ઈશિતાબેન હિતેન્દ્રભાઈ વાગડીયા (ઉં.વ. ૧૭) એ મોડી રાત્રે ૨ વાગ્યા આસપાસ ફિનાઈલ પી લીધું હતું. પરિવારના જણાવ્યા મુજબ, ઈશિતાબેનનું 'મગજ ભમતું હોવાથી' આવેશમાં આ પગલું ભર્યું હતું. ધોરણ ૧૦ સુધી ભણેલી ઈશિતા ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી નાની છે.

બીજા બનાવમાં મિલપરા શેરી નં. ૪ માં રહેતા અને હોટલમાં નોકરી કરતા રમેશભાઈ શુભાંગભાઈ વિશ્વકર્મા (ઉં.વ. ૩૫) એ ગઈકાલે સાંજે જ્યુબેલી ગાર્ડનમાં અગમ્ય કારણોસર ઉંદર મારવાની દવા પી લીધી હતી. ત્રણ સંતાનોના પિતા રમેશભાઈની હાલત અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.ત્રીજા બનાવમાં ભુપગઢના સુમિત હેમંતભાઈ રાઠોડ (ઉં.વ. ૨૬) એ ભાવનગર રોડ પર ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સુમિતભાઈના જણાવ્યા અનુસાર, તેના કાકા અને કાકાના છોકરા સાથેના ઝઘડા અને ગાળાગાળીથી કંટાળી તેણે આ પગલું ભર્યું હતું. ચોથા બનાવમાં થોરાળા વિસ્તારના અશ્વિનભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉં.વ. ૧૭) એ ગઈકાલે ધોરણ ૧૨ ના ઈતિહાસનું પેપર સારું ન જતાં ટેન્શનમાં આવી ફિનાઈલ પી લીધું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પોતે એક ભાઈ બે બહેનમાં મોટો છે. પાંચમા બનાવમાં ગોંડલ રોડ પર રાધાકૃષ્ણ નગરમાં રહેતા અમિતભાઈ નરશીભાઈ શ્યારા (ઉં.વ. ૪૪) એ ઘરેલુ કંકાસને કારણે જીવજંતુ મારવાની દવા (ડીડીટી) પી લીધી હતી. લથડતી હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડાયા છે. આ તમામ બનાવો અંગે હોસ્પિટલ ચોકી દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કરવામાં આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.તમામને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, અચાનક તબિયત લથડતા.

# ભંડારીયા ગામે વાડીમાં વીજ શોકથી ખેડૂતનું મોત

## પ્રૌઢે સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં ગમગીની

**અબતક,રાજકોટ**

જસદણ તાલુકાના ભંડારીયા ગામે ખેતીકામ દરમિયાન વીજ કરંટ લાગવાથી ૬૦ વર્ષીય આધેડનું મોત નિપજ્યું છે. આ બનાવને પગલે દેસાઈ પરિવાર સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, ભંડારીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા ખોડાભાઈ હરજીભાઈ દેસાઈ (ઉંમર વર્ષ ૬૦) ગઈકાલે સવારે ૧૧ વાગ્યાના અરસામાં પોતાની વાડીએ કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેઓને વીજ કરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેઓને તાત્કાલિક રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ હોસ્પિટલના બિછાને જ તેમણે દમ તોડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ખોડાભાઈને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. બનાવને લઈ પરિવારમાં અને ભંડારીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. આ મામલે ભાડલા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટાનો ઈમરાન ઉર્ફે મોંઘોબાપુ બે માસ માટે રાજકોટ જિલ્લામાંથી હદપાર

**અબતક, રાજકોટ**

દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ કરતો ઉપલેટાનો ઈમરાન ઉર્ફે મોંઘાબાપુને બે માસ માટે રાજકોટ જિલ્લામાંથી હદપાર કરી દેવાયો હતો. રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ થાણા અમલદારોને દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્તનાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ધોરાજી વિભાગના એએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બીઆર પટેલની ટીમ દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા શખ્સો વિરુદ્ધ અસરકારક કામગીરી કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન વારંવાર આ પ્રકારના ગુના આચરતો શખ્સ ઈમરાન ઉર્ફે મોંઘાબાપુ મહમદહનીફ કાદરી (રહે પાટણવાવ રોડ, ઉપલેટા,રાજકોટ) ની હદપાર દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તને એસડીએમએ મંજૂરી આપતાં ઈમરાન ઉર્ફે મોંઘાબાપુને બે માસ સુધી રાજકોટ જિલ્લામાંથી હદપાર કરવા હુકમ કરવામાં આવેલ હતો.આ કામગીરી ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી આર પટેલ, એએસઆઈ ધરમચંદ કટોચ, પંકજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ જાંબુકિયા, કૌશિકભાઈ જોશી, ચંદ્રકાંતભાઈ રોજાસરા, કોન્સ્ટેબલ મિતુલભાઈ ગરેજા અને રાહુલભાઈ વાજા દ્વારા કરવામાં આવી હતી.



તસ્વીરઃ કિરીટ રાણપરીયા

# એવર ગ્રીન હોટેલમાં સોફ્ટવેર એન્જિનિયરનું હાર્ટ એટેકથી મોત

## ૨ દિવસ પહેલા બિહારથી આવેલા યુવાન બેભાન હાલતમાં સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો

**અબતક,રાજકોટ**

શહેરના ત્રિકોણ બાગ પાસે આવેલી હોટેલમાં રોકાયેલા ૩૫ વર્ષીય આશાસ્પદ સોફ્ટવેર એન્જિનિયરનું હાર્ટ એટેકના કારણે મોત નિપજતા ચકચાર મચી ગઈ છે. બિહારથી કામ અર્થે રાજકોટ આવેલા યુવાનનું હોટેલના રૂમમાં બેભાન થયા બાદ ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહાર દરભંગા જિલ્લામાં રહેતા સુધીર લાલટુન ચૌધરી (ઉં.વ. ૩૫) ગત બે દિવસ પહેલા જ કોઈ વ્યાવસાયિક કામ સબબ રાજકોટ આવ્યા હતા અને ત્રિકોણ બાગ પાસે આવેલી 'એવર ગ્રીન' હોટેલમાં રોકાયા હતા. ગઈકાલે રાત્રે સુધીરભાઈ અચાનક પોતાના રૂમમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. હોટેલ સ્ટાફ દ્વારા તાત્કાલિક તેમને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તબીબી તપાસમાં યુવાનનું મોત હાર્ટ એટેક આવવાને કારણે થયું હોવાનું સામે આવ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સુધીરભાઈ સોફ્ટવેર એન્જિનિયર હતા. પોતે ત્રણ ભાઈઓમાં સૌથી મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે. ઘરના મોભી અને આશાસ્પદ યુવાનના અકાળે મોતના સમાચાર મળતા જ બિહારમાં રહેતા તેમના પરિવારમાં શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના દીઘલિયામાં ભત્રીજાને ડરાવતા શખ્સને ઠપકો આપવા જતા પ્રોઢ પર કર્યો હુમલો

## મારા ભત્રીજાને છરી બતાવી કેમ ડરાવે છે?'' તેમ કહેતા શખ્સે છાતીમાં છરી ઝીંકી દીધી

**અબતક રાજકોટ**

વાંકાનેર તાલુકાના ડીઘલિયા ગામમાં પોતાના ભત્રીજાને છરી બતાવી ડરાવતા શખ્સને ઠપકો આપવા ગયેલા પ્રોઢ પર છરી વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. હુમલામાં ઘવાયેલા પ્રોઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ ડીઘલિયા ગામમાં રહેતા રૂફમુદીન હુસેનભાઈ સરેસિયા (ઉં.વ. ૩૮) ગઈકાલે સાંજના સમયે ગામના ભરવાડ વાસ વિસ્તારમાં હતા. ત્યારે તેના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, રૂફમુદીનભાઈના જણાવ્યા અનુસાર, તનવીર નામનો શખ્સ તેમના ભત્રીજા તોહિદને છરી બતાવી ડરાવી રહ્યો હતો. આ બાબતની જાણ તોહિદે તેના કાકાને કરતારૂફમુદીનભાઈ તનવીર પાસે પૂછપરછ કરવા ગયા હતા. રૂફમુદીનભાઈએ તનવીરને કહ્યું કે તું મારા ભત્રીજાને કેમ છરી બતાવી ડરાવે છે?'' તેમ કહેતા જ આરોપી તનવીર ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી છરી વડે રૂફમુદીનભાઈ પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં તેમને છાતી અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમને તાત્કાલિક વાંકાનેર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત રૂફમુદીનભાઈ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો છે. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં બીજા નંબરના છે. હાલ આ મામલે પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની અને હુમલાખોર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# સુરક્ષામાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું સૂચન

## વડોદરા શહેર પોલીસ ભવન ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્દઘાટન

## સેન્ટરનું હર્ષભાઈ સંઘવી અને ડીજીપી કે. એલ. એન. રાવે કર્યું નિરીક્ષણ : ટેક્નોલોજીથી ગુનાનો ભેદ ઝડપથી ઉકેલાશે અને મહત્વના તહેવારોમાં બંદોબસ્તમા મહત્વની ભૂમિકા રહેશે

**અબતક,રાજકોટ**

વડોદરા શહેર પોલીસ કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અંતર્ગત નેત્રમ પ્રોજેક્ટ હેઠળ પોલીસ ભવનના સાતમા માળે સિટી લેવલનું આ આધુનિક સેન્ટર બનાવવામાં આવ્યું છે. વડોદરા શહેર પોલીસ ભવન ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું ડીજીપી કે. એલ. એન. રાવ અને શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા આવકારવામાં આવ્યા હતા. શહેર પોલિસ દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બાદમાં મહાનુભાવો દ્વારા તક્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા આધુનિક ટેક્નોલોજીના વિનિમયથી ક્રાઈમ ડિટેક્શન, મહત્વના તહેવારોમાં બંદોબસ્ત, સંસાધનો અંગેની માહિતી પ્રસ્તુત કરી હતી. તત્પશ્ચાત મહાનુભાવો દ્વારા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી.સીસીટીવી કેમેરા થકી વડોદરા શહેરમાં સુરક્ષા - ટ્રાફિકની દ્રષ્ટિએ કેવી રીતે નજર રાખવામાં આવી રહી છે ? તે બાબતોની રસપ્રદ જાણકારી સંઘવીએ મેળવી હતી. તેમણે સુરક્ષા પ્રણાલીમાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિઝીટ બૂકમાં પોતાની નોંધ લખી શહેર પોલીસ કમિશનરશ્રીએ સુપ્રત કરી હતી.

# જૈન સમાજના ગૌરવ સમા સંઘાણી પરિવાર દ્વારા જીવદયાના હેતુ સાથે પાંજરાપોળને ચેક અર્પણ

## ઋષભદેવ જૈન સંઘ સાથે વર્ષોથી જોડાયેલા પરિવારે પિતાના સંસ્કારોને જાળવી રાખી અબોલ જીવો માટે ઉદાર હાથે દાન આપ્યું



અબતક, રાજકોટ

રાજકોટના જૈન અગ્રણી અને સંઘાણી પરિવાર દ્વારા જીવદયાના ઉમદા કાર્ય માટે પાંજરાપોળને માતબર રકમનું અર્પણ કરવામાં આવ્યું છે. માતૃશ્રી દિવ્યાબેન મુકુંદરાય સંઘાણી તરફથી ઉદાર હાથે અપાયેલ રકમનો ચેક રાજકોટ મહાજનની પાંજરાપોળના યુવા કાર્યકર્તાઓ મુકેશભાઈ બાટવીયા અને સંજયભાઈ મહેતાને એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, દિવ્યાબેને આ કાર્યકર્તાઓને વિશેષ રૂપે પોતાના ઘરે આમંત્રિત કરી આ સહાય અર્પણ કરી જીવદયા પ્રત્યેની પોતાની અતૂટ શ્રદ્ધા પ્રગટ કરી હતી.

સમગ્ર સંઘાણી પરિવાર વર્ષોથી જીવદયા અને ધાર્મિક કાર્યોના રંગે રંગાયેલો છે. આ પરિવાર માત્ર પશુ-પક્ષીઓની સેવા જ નહીં, પરંતુ સંત-સતીજીની વૈયાવચ્ચ અને ધર્મ ક્ષેત્રે પણ હંમેશા અગ્રેસર રહે છે. ઋષભદેવ જૈન સંઘ સાથે વર્ષો જૂનો નાતો ધરાવતો પરિવાર અવારનવાર અનેકવિધ સુકૃત કાર્યો દ્વારા સમાજમાં ઉદાહરણ પૂરું પાડે છે. તેમની આ સેવાકીય પ્રવૃત્તિઓ પેઢી દર પેઢી અવિરત ચાલુ રહી છે.

આ સેવાભાવી વારસાના મૂળમાં સ્વર્ગસ્થ મુકુંદરાય સંઘાણીની જીવદયા પ્રત્યેની ઊંડી ભાવના રહેલી છે, જેમણે અગાઉ મામલતદાર તરીકે પણ વહીવટી સેવાઓ આપેલી હતી. તેમના પુત્રો નિરવભાઈ અને હેમાંગભાઈ, જેઓ હાલ એન્જિનિયર તરીકે ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે, તેઓએ પણ પિતાના આ સંસ્કાર વારસાને ખૂબ જ સારી રીતે જાળવી રાખ્યો છે. જીવદયાના આ ભગીરથ કાર્ય બદલ સમગ્ર સંઘાણી પરિવાર ખરેખર ધન્યવાદને પાત્ર છે.

# આજીવન અનશન આરાધક નવદીક્ષિત મુક્તિજી મહાસતીજીનો સંથારો સીજયો

## ૫૮ દિવસના કઠોર ઉપવાસ બાદ સમતાભાવે દેહત્યાગ; ૯૬ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરી સંથારા સાધના દ્વારા માનવભવ સાર્થક કર્યો



અબતક, રાજકોટ

જૈન શાસનમાં મૃત્યુને મહોત્સવ બનાવનારી અતિ દુષ્કર અને ઉત્તમ એવી અનશન આરાધનાનો રાજકોટના આંગણે મંગલ સાક્ષાત્કાર થયો છે. ગોંડલ સંપ્રદાયના ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી સુશિષ્યા અને નવદીક્ષિત આજીવન અનશન આરાધક મુક્તિજી મહાસતીજી (સાંસારિક નામ: મુક્તાબેન બાલુભાઈ ખારા, ઉ.વ. ૯૬)નો ત્રીજો મનોરથ શનિવારે બપોરે ૧૨:૧૦ કલાકે શ્રી ઋષભદેવ જૈન સંઘ, રાજકોટ ખાતે અતિ વિશિષ્ટ સમતા અને સમાધિભાવે સંપન્ન થયો છે.

આ પવિત્ર સાધનાનો પ્રારંભ ૨૩ જાન્યુઆરીથી થયો હતો. મુક્તાબેન ખારા લાંબા સમયથી દીક્ષાની પ્રબળ ભાવના ધરાવતા હતા. સાગારી સંથારાના ૧૭મા ઉપવાસના દિવસે, ૮ ફેબ્રુઆરીના તેમણે પ જ ય રાજગુરુભગવંતના હસ્તે જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા બાદ તેઓ 'પૂજ્ય મુક્તિજી મહાસતીજી' બન્યા હતા. ત્યારબાદ ૧૩ ફેબ્રુઆરીના રોજ, દીક્ષાના ટૂંકા ગાળામાં જ તેમણે પૂર્ણ જાગૃતિ સાથે ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં 'આજીવન સંથારો' અંગીકાર કર્યો હતો.

તા. ૨૧ માર્ચ ૨૦૨૬, શનિવારના મહાસતીજીને ઉપવાસનો ૫૮મો દિવસ હતો. છેલ્લા દોઢ મહિનાથી પણ વધુ સમયથી અન્ન-જળનો ત્યાગ કરી, દેહ અને આત્માના ભેદજ્ઞાનને દ્રઢ કરી તેઓ સતત આત્મરમણતામાં લીન હતા. શનિવારે બપોરે મુનિભગવંતો અને ગુરુણી ભગવંતોની મંગલ નિશ્રામાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની આ સાધના જોવા અને દર્શન કરવા હજારો જૈન-જૈનેતરો ઉમટી પડ્યા હતા.

'જય જય નંદા... જય જય ભદ્દા...' ના નારા સાથે શનિવારે બપોરે ૨:૩૦ કલાકે શ્રી ઋષભદેવ ઉપાશ્રયથી પૂરા અહોભાવ સાથે મહાસતીજીની પાલખીયાત્રા (વૈકુંઠ રથ) નીકળી હતી. સેંકડો ભાવિકોની હાજરીમાં રાજમાર્ગો પરથી પસાર થઈ આ યાત્રા રૈયા સ્મશાનગૃહે પહોંચી હતી તેમનો દેહપંચમહાભૂતમાં વિલીન થયો હતો

(પહેલા પાનાનું ચાલું)

### ભારત - ચીન...

માટે વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને વાણિજ્ય મંત્રાલયની લીલી ઝંડી મળી ગઈ છે. વિદેશ સચિવ વિક્રમ મિસરી અને ઉત્તરાખંડના મુખ્ય સચિવ આનંદ વર્ધન વચ્ચેના પત્રવ્યવહાર બાદ વહીવટીતંત્ર એક્શનમાં આવ્યું છે. હવે સ્થાનિક જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગાઈના માર્ગદર્શન હેઠળ કસ્ટમ્સ, બેંકિંગ અને સુરક્ષા એજન્સીઓ વેપારીઓ માટે સુવિધાઓ ઉભી કરશે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### ઈન્ટરનેટ ઠપ્પ...

આ કેબલ્સ ભારત, પાકિસ્તાન અને આરબ દેશો માટે ઈન્ટરનેટની જીવાદોરી સમાન છે. જો આ કેબલને યુદ્ધમાં નુકસાન થાય અથવા તો ઈરાન દ્વારા મુકવામાં આવેલી દરિયાઈ સુરંગોને કારણે તે કપાય, તો ગૂગલ, એમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી સેવાઓ ખોરવાઈ શકે છે.

### ઔદ્યોગિક ડીઝલ...

ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયાથી વધીને સીધો ૧૦૯.૫૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે. ભારતમાં કુલ ડીઝલ વેચાણમાં બલ્ક ગ્રાહકોનો હિસ્સો ૧૨% જેટલો છે, જેમાં રેલવે, સંરક્ષણ, ખાણકામ, મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન કંપનીઓનો સમાવેશ થાય છે.ઓઈલ કંપનીઓના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બલ્ક ડીઝલ અને છૂટક ડીઝલના ભાવમાં આટલો મોટો તફાવત હોવાથી કેટલાક બલ્ક ખરીદદારો સસ્તું ઈંધણ મેળવવા માટે છૂટક પેટ્રોલ પંપ તરફ વળે તેવી શક્યતા નકારી શકાય નહીં. હાલમાં ઓઈલ કંપનીઓને ડીઝલ પર પ્રતિ લિટર આશરે ૩૨ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, અને આ ૨૨ રૂપિયાનો વધારો તે નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ કરશે. જો સંરક્ષણ અને રેલવે જેવા મોટા ખરીદદારો બજાર કિંમત ચૂકવે તો ઓઈલ કંપનીઓ અને અંતે સરકાર પર પડતો આર્થિક બોજ ઘટાડી શકાય છે.

આ ભાવવધારાની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા અને મોંઘવારી પર પડી શકે છે. મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે ઈંધણનો ખર્ચ વધવાથી તેઓ આ વધારાનો બોજ ગ્રાહકો પર નાખશે, જેના કારણે મોંઘવારીમાં વધુ ઉછાળો આવવાની સંભાવના છે. જોકે, છૂટક પંપ પર ઈંધણ ભરાવતી ખાનગી ટ્રકોને કોઈ અસર થશે નહીં, પરંતુ પોતાના ડેપો પર ઈંધણ ભરતા બલ્ક ગ્રાહકોને આ આર્થિક ફટકો સહન કરવો પડશે.

ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. ક્રૂડના વધતા ભાવને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ)ની જરૂરિયાતો વધી ગઈ છે. બલ્ક ડીઝલના ભાવમાં વધારો કરવાથી રિફાઈનરીઓને વૈશ્વિક કિંમતોમાં થયેલા વધારાને કારણે વધેલા ખર્ચને અમુક અંશે સરભર કરવામાં મદદ મળશે અને તેઓ તેમની કાર્યકારી મૂડીનું વધુ અસરકારક રીતે સંચાલન કરી શકશે.

(ચોથા પાનાનું ચાલું)

### ગાર્ડિયન એન્જલ એવોર્ડ...

રીતે હરી-ફરી શકે તેવી સુગમતા (Accessibility) સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે. આ માત્ર સહાય વિશેષથી, પરંતુ તેમને ખીલવા માટેની તકો પૂરી પાડવા અને એક એવી સર્વસમાવેશી (Inclusive) સંસ્કૃતિનો હિસ્સો બનાવવાની વાત છે, જ્યાં તેઓ પોતાનું યોગદાન આપી શકે.

### સંજીવની રથ...

એસોસિએશનના ચેરમેન તેમજ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનું સક્રિય માર્ગદર્શન અને પ્રેરણાદાયી સહકાર પ્રાપ્ત થયો હતો. જેના પરિણામે આ સેવા સ્થાનિક શ્રમયોગીઓ સુધી અસરકારક રીતે પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

કાર્યક્રમ દરમિયાન એસોસિએશનના પ્રમુખ અમૃતભાઈ ગઢિયાના હસ્તે લીલી ઝંડી આપી શ્રમયોગી આરોગ્ય સંજીવની રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના ઉપપ્રમુખ દિલીપભાઈ ઝાલાવડિયા, હોદેદાર રતિભાઈ સાદરીયા તથા કારોબારી સભ્યોમાં વિનુભાઈ ધડુક, મનોજભાઈ ટીલારા, રાજેશભાઈ ડોબરિયા, મધુભાઈ પટોળીયા અને રામજીભાઈ વેકરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ સેવા અંતર્ગત આરોગ્ય રથ સીધો જ વિવિધ ફેક્ટરીઓ અને ઉદ્યોગ વિસ્તારોમાં જઈને મજૂરો અને શ્રમયોગીઓને સ્થળ પર જ નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરશે. તેમાં તબીબી નિષ્ણાતોની ટીમ દ્વારા પ્રાથમિક આરોગ્ય તપાસ, બ્લડ પ્રેશર, શુગર સહિતની જરૂરી ચકાસણીઓ, આરોગ્ય સલાહ, રિપોર્ટ તેમજ મફત દવાઓ આપવામાં આવશે. સાથે જ, જો કોઈ દર્દીને વધુ વિગતવાર તપાસ કે સારવારની જરૂર જણાય તો તેમને નજીકની સરકારી હોસ્પિટલમાં રિફર કરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

### ઉમિયાધામ...

શુભારંભ થનાર આ ત્રિવેણી સમારોહ સમાજ વિકાસની નવી રાહ ચિંધશે. ઉમા સંકુલમાં, જીવન વિદ્યાપીઠ જેવી શૈક્ષણીક સંસ્થાઓના નિર્માણ દ્વારા આવનારી પેઢી શિક્ષીત દિક્ષીત બનશે. શિક્ષણોન્મુખ વિકસીત પાટીદાર સમાજ દ્વારા ગરિમાપૂર્ણ સામાજીક -રાષ્ટ્રવિકાસના કાર્યો થશે.

ઉમિયાધામ સિદસરના નેજા હેઠળ ઈશ્વરીયામાં આયોજીત ત્રિવેણી સમારોહના મંગલ શુભારંભના પ્રથમ દિવસે તા. ૨૨ ને રવિવારે સવારે ૧૦ કલાકે સમાજ બંધારણ અને સામાજીક સુધારણા માટે પરંપરા અને પરિવર્તન વિષય પર સામાજીક સંમેલન યોજાશે. ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની અધ્યક્ષાતામાં યોજાનાર આ સમેલનમાં સમગ્ર સૌરાષ્ટ્રભરના ભામાશાઓ, સમાજ શ્રેષ્ઠીઓ, રાજસ્વી મહાનુભાવો અતીથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ઉમિયાધામ સિદસરના ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, સંગઠનના ભાઈઓ-બહેનો, રાજકીય, સામાજીક, શૈક્ષણીક, ધાર્મિક, સહકારી ક્ષેત્રના આગેવાનો કાર્યકરો તેમજ સૌરાષ્ટ્રના દરેક ગામેથી કડવા પાટીદાર સમાજ-વાડીના ટ્રસ્ટી-કારોબારી સભ્યઓ, શૈક્ષણિક છાત્રાલયો સંકુલોના આગેવાનો ઉપસ્થિત રહેશે. પાટીદાર અગ્રણી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા આ સમાજીક સંમેલનમાં વક્તા તરીકે ઉપસ્થિત રહી સમાજ બંધારણના માળખાને વધુ સુદ્રઢ કરવા, સામાજીક સુધારાઓ, ખોટી પરંપરાઓને સ્થાને પરિવર્તનને અપનાવવા, સાંપ્રત સમયની પ્રર્વતમાન સામાજીક સમસ્યાઓ, કૌટુબીક પ્રશ્નો, યુવાનોના પ્રશ્નો, શિક્ષણનું મહત્વ, લગ્ન વિષયક માન્યતાઓ પર સચોટ અને સટીક ટકોર કરી પોતાની આગવી વકતવ્ય શૈલીમાં સમાજને દિશાદર્શન પુરૂ પાડશે.

આ સંમેલનમાં સામાજીક ક્ષેત્રે જાગૃત વિચારકો, કર્મચારી, મિત્રો, વેપારી, ઉદ્યોગપતિઓ, ખેડૂત ભાઈઓ બહેનો યુવાનો આગામી ભવિષ્યમાં સમાજના રીતિ-રિવાજો અને વિવિધ પ્રસંગોમાં સુધારા-વધારા અંગે મનોમંથન ચિંતન કરવા ઉપસ્થિત રહેવા આહવાન કરવામાં આવ્યુ છે. રવિવારે શુભારંભ થનાર આ ત્રિવેણી સમારોહમાં રાજકોટના વોર્ડ વાઈઝ વોર્ડ નં. ૧ થી ૮ ના પાટીદાર પરિવારો જ્ઞાતી સમૂહ ભોજનમાં પધારશે. આ મહોત્સવમાં યોજાનાર ૨૫ કુડી મહાયજ્ઞમાં પાટીદાર અગ્રણીઓ તથા દાતા પરિવારો યજમાનનો હાવો લેશે. દર્શનાર્થીઓ બપોરે ૨ કલાકથી ૨૫ કુંડી મહાયજ્ઞ સહીત યજ્ઞશાળાના દર્શન તેમજ પરિક્રમાનો લાભ લઈ શકેશે. સાંજે ૬ કલાકે કડવા પાટીદારોનું જ્ઞાતી સમૂહ ભોજન યોજાશે. રાત્રે ૭:૩૦ કલાકથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં પ્રથમ દિવસે રવિવારે મા ઉમિયાના અખંડ આરાધક, પ્રખ્યાત લોક ગાયક સાગર પટેલ મા ના ગીતો સહીતનો સંગીતમય કાર્યક્રમ રજુ કરશે. લોક સાહીત્યકાર જોય અધેરા સાહીત્યીક તેમજ ડાયરો રજુ કરશે. તા ૨૩ ને સોમવારે વોર્ડ નંબર ૧૯, ૧૩ થી ૧૭ ના જ્ઞાતીજનોનું સમૂહ ભોજન તેમજ રાત્રે ગુણવંત ચુડાસમાનો હાસ્ય દરબાર યોજાશે. તા. ૨૪ ને મંગળવારે વોર્ડ નં. ૧૧ ના કડવા પાટીદાર પરિવારો સમૂહ ભોજન લેશે. બોલીવુડ પ્લેબેક સિંગર ચૈતાલી છાયાની મ્યુઝીકલ નાઈટ યોજાશે. તા. ૨૫ ને બુધવારે વોર્ડ નંબર ૧૨ નું જ્ઞાતી સમૂહ ભોજન થશે નૃત્ય અને ભક્તિમય સંગીત સાથે સૌરાષ્ટ્ર ની પ્રખ્યાત શ્રીનાથજીની ઝાંખી પ્રસ્તુત થશે.

આ ત્રિવેણી મહોત્સવમાં ઈશ્વરીયા ભણી હજારો પાટીદારોની વ્યવસ્થાને પહોંચી વળવા મહોત્સવના આયોજન અને અમલિકરણ સમિતિના અધ્યક્ષ કૌશીકભાઈ રાબડીયા, ઉપાધ્યક્ષ હર્ષિર્તભાઈ કાવર, મંત્રી પ્રફુલભાઈ કાથરોટીયાના માર્ગદર્શન હેઠળ ૪૦ જેટલી સમિતિઓ માં આશરે ત્રણ હજાર જેટલા સ્વયંસેવકો ખડા પગે તૈનાત રહી સેવા આપશે. ઈશ્વરીયા તરફના રસ્તે ટ્રાફીક સહીતની સમસ્યાઓને પહોંચી વળવા ટ્રાફીક નિયામકની યોગ્ય વ્યવસ્થાઓ કરવામાં આવશે. તા. ૨૨ થી ૨૫ આ ત્રિવેણી મહોત્સવમાં સમસ્ત કડવા પાટીદારોને કાર્યક્રમ સ્થળે ઉમા સંકુલ ઈશ્વરીયા પધારવા ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર ના સમગ્ર ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતી, તથા સંગઠન ટીમ દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

### કાલે વિશ્વ જળ દિવસ...

ડેમ ગુજરાતના પાણી સંચાલનના ઈતિહાસમાં એક ક્રાંતિકારી પગલું સાબિત થયો છે. આ પ્રોજેક્ટે રાજ્યના કૃષિ, પીવાના પાણી, ઊર્જા અને પર્યટન જેવા અનેક ક્ષેત્રોમાં વિકાસની નવી દિશા આપી છે.નર્મદા નદી ભારતની સૌથી મહત્વપૂર્ણ નદીઓમાંની એક છે, જે મધ્યપ્રદેશના અમરકંટકમાંથી ઉત્પન્ન થઈને મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી વહેતી અગળ વધી અરબી સમુદ્રમાં મળે છે. આ નદી પર નર્મદા જિલ્લાના (નવાગામ) એકતાનગર ખાતે નિર્મિત સરદાર સરોવર ડેમ દેશના સૌથી મોટા બહુહેતૂક જળસંચય પ્રોજેક્ટોમાંનો એક ગણાય છે.ડેમની કુલ લંબાઈ લગભગ ૧,૨૧૦ મીટર અને સૌથી ઊંડા પાયા પરથી તેની ઊંચાઈ લગભગ ૧૬૩ મીટર છે. આ વિશાળ ડેમમાં અંદાજે ૪.૭૫ મિલિયન એકર ફૂટ પાણીની સંગ્રહ ક્ષમતા છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ પાણી સંગ્રહ, સિંચાઈ, પીવાનું પાણી, વીજ ઉત્પાદન, પૂર નિયંત્રણ અને પ્રદેશના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. તેથી જ સરદાર સરોવર પ્રોજેક્ટને ગુજરાતની જીવાદોરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

પર્યટન વિકાસ અને રોજગાર સર્જન

સરદાર સરોવર ડેમ વિસ્તાર આજે દેશનું મહત્વપૂર્ણ પર્યટન કેન્દ્ર બની ગયું છે. અહીં આવેલું વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી દર વર્ષે લાખો પ્રવાસીઓને આકર્ષે છે. નર્મદા નદી, ડેમ અને આસપાસનું કુદરતી સૌંદર્ય મળીને આ વિસ્તારને આકર્ષક પર્યટન સ્થળ બનાવે છે. પર્યટન વિકાસના કારણે સ્થાનિક લોકો માટે રોજગારના નવા અવસર પણ ઉભા થયા છે.

*વિશ્વ જળ દિવસનો સંદેશો*

વિશ્વ જળ દિવસ આપણને યાદ અપાવે છે કે, પાણીનું દરેક ટીપું અમૂલ્ય છે.

નર્મદા નદી અને સરદાર સરોવર પ્રોજેક્ટ ગુજરાતના વિકાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ છે. ખેતી, પીવાનું પાણી, વીજ ઉત્પાદન, પર્યટન અને પર્યાવરણ સંરક્ષણ, દરેક ક્ષેત્રમાં આ પ્રોજેક્ટે વિકાસને નવી દિશા આપી છે.

વિશ્વ જળ દિવસના અવસરે આપણે સૌએ પાણીના સંવર્ધન અને સંરક્ષણ માટે સંકલ્પ લેવો જોઈએ. કારણ કે પાણી બચાવવું એટલે ભવિષ્ય બચાવવું. સરદાર સરોવર ડેમ આ સંદેશાનું જીવંત પ્રતિક બનીને ગુજરાતના વિકાસને સતત નવી શક્તિ પૂરી પાડે છે.

# એપ્રિલથી વાર્ષિક ભાડુ ૧ લાખથી વધુ હશે તો ટેક્સમાં રાહત માટે મકાન માલીકનું નામ, પાન નંબર, સરનામુ આપવું પડશે

## પગારદાર કર્મચારીઓ માટે આઈટીના ટેક્સમાં ફેરફાર, બાળકોના અભ્યાસ પાછળ થતા ખર્ચ લિમિટમાં વધારો

અબતક, રાજકોટ

પહેલી એપ્રિલથી નવી નાણાંકીય વર્ષ શરૂ થશે. જેના પગલે આઈ ટી ના નિયમમાં પણ ફેરફાર આવી રહ્યો છે. ખાસ કરીને પગાર દાર કર્મચારીઓ માટે નિયોમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે અંતગર્ત પહેલી એપ્રિલથી પગારદાર કર્મચારીઓને નવી ટેક્સ વ્યવસ્થામાં એચ. આર. એ. ની કોઈ છુટછાંટ નહીં મળે. તેમજ વાર્ષિક ભાડુ રૂપિયા ૧લાખથી વધુ હશે તો મકાન માલીકનું નામ, સરનામું, પાન નંબર આપવા પડશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ દ્વારા 'ઈન્કમ ટેક્સ નિયમ, ૨૦૨૬' નોટિફાય કરવામાં આવ્યા છે. આ નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં આવશે. આ ફેરફારોમાં પગારદાર કર્મચારીઓને મળતા એલાઉન્સ અને સર્વિસીસના ટેક્સેશનમાં મોટો સુધારો કરવામાં આવ્યો છે.જૂની ટેક્સ વ્યવસ્થા પસંદ કરનારાઓ માટે હવે એચ આર એની છૂટ માટે અમદાવાદ અને પુણે જેવા શહેરોને પણ સામેલ કરાયા છે. મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ, હૈદરાબાદ, પુણે, અમદાવાદ અને બેંગલુરુમાં રહેતા લોકો પગારના ૫૦% સુધી એચ આર એ એક્ઝેમ્પશન કલેમ કરી શકશે. અન્ય શહેરો માટે આ મર્યાદા ૪૦% રહેશે. નવી ટેક્સ વ્યવસ્થામાં એચ આર એ ની કોઈ છૂટ મળશે નહીં.

બાળકોના અભ્યાસ પાછળ થતા ખર્ચમાં રાહત આપવા માટે સરકારે વર્ષો જૂની લિમિટમાં મોટો વધારો કર્યો છે. હવે રૂ. ૧૦૦ ને બદલે ₹ ૩૦૦૦ પ્રતિ માસ (મહત્તમ બે બાળકો માટે) ટેક્સ ફ્રી રહેશે. ₹૩૦૦ થી વધારીને ₹૯૦૦૦ પ્રતિ માસ કરવામાં આવ્યું છે.

### જુની ટેક્સ વ્યવસ્થામાં છૂટછાટ જોઈતી હોઇ તો આ દસ્તાવેજો આપવા જ પડશે

**જૂની ટેક્સ વ્યવસ્થામાં છૂટ મેળવવા માટે હવે આ ડોક્યુમેન્ટ્સ ફરજિયાત રહેશે. જો વાર્ષિક ભાડું ₹૧,૦૦,૦૦૦ થી વધુ હોય તો મકાનમાલિકનું નામ, સરનામું અને પાન નંબર આપવો પડશે. મુસાફરીના વાસ્તવિક ખર્ચના પુરાવા (ટિકિટ વગેરે).લોન આપનાર સંસ્થાનું નામ અને પાન નંબર આપવું પડશે. સી બી ડી ટી નો આ નિર્ણય ખાસ કરીને બાળકોના શિક્ષણ અને હોસ્ટેલ ખર્ચમાં મોટી રાહત આપનારો છે. જોકે, નવા નિયમોનો સંપૂર્ણ લાભ લેવા માટે ટેક્સપેયર્સને યોગ્ય દસ્તાવેજો રાખવા અને સમયસર રોકાણના પુરાવા સબમિટ કરવા સલાહભર્યુ છે.**

### કાર અને ડ્રાઈવર માટે નવા વેલ્યુએશન નિયમો અમલી બનશે

**ઓફિસિયલ અને પર્સનલ ઉપયોગ માટે મળતી કારના ટેક્સેશનના નિયમો અપડેટ થયા છે. ૧.૬ લિટર સુધીનું એન્જિનની ક્ષમતા મુજબ ₹૫૦૦૦ પ્રતિ માસ + ₹૩૦૦૦ ડ્રાઈવર માટે.૧.૬ લિટરથી વધુ એન્જિનના વાહનો માં રૂ.૭૦૦૦ પ્રતિ માસ ની સાથે ₹૩૦૦૦ ડ્રાઈવર માટે. જો કર્મચારી પોતાની કાર વાપરે અને કંપની ખર્ચ આપે, તો એન્જિનની ક્ષમતા મુજબ ₹૫૦૦૦ થી ₹૭૦૦૦ બાદ કરીને બાકીની રકમ ટેક્સેબલ ગણાશે.**

(૧૧માં પાનાનું ચાલુ)

### બદલાતી જીવનશૈલી સાથે

સાંભળવું, પેઈન્ટિંગ કે રસોઈ માટે સમય ફાળવો.

જ્યારે પણ મન ઉદાસ હોય કે કોઈ ચિંતા હોય, ત્યારે તમારા નજીકના મિત્રો કે પરિવાર સાથે વાત કરો. મનની વાત કહેવાથી અડધો બોજ હળવો થઈ જાય છે. ભૂતકાળના પસ્તાવા કે ભવિષ્યની વધુ પડતી ચિંતા કરવાને બદલે 'આજ' માં જીવવાનો પ્રયત્ન કરો. જો તમને સતત ઉદાસી, વધુ પડતો ગુસ્સો, એકલવાયાપણું અથવા ઊંઘ ન આવવાની સમસ્યા રહેતી હોય, તો કોઈ નિષ્ણાતની સલાહ લેવામાં જરાય અચકાવું જોઈએ નહીં.

અબતક સાથેની વાતચીતમાં પ્રો. યોગેશ જોગશણ જણાવ્યું કે ચરકસંહિતામાં ઋષિને પૂછવામાં આવે છે આવે છે કે માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ એટલે શું? ત્યારે ઋષિ જવાબ આપે છે કે આપણી પાંચ ઈન્દ્રિયો , સાત જઠરાગ્નિ , જુદા જુદા પ્રકારના કોષો એ સારા હોય એટલે માનસિક મસ્ત છીએ એવું ના ગણી શકાય, પરંતુ આપણું મન છે એ પુલકિત હોય , ખુશ હોય તો આપણે તેને માનસિક રીતે સ્વસ્થ કરી શકે છે. જેનું મન તેના કાબુમા ન હોય તેને ભવિષ્યમાં ઘણું નુકસાન કરી શકશે.

### બાર કાઉન્સિલની ચૂંટણી

કાઉન્સિલ ની મીટીંગમાં બે કો ઓપ સભ્યોને પસંદ કરીને કુલ ૨૫ ઉમેદવારો નો સમાવેશ કરવામાં આવશે અને ત્યારબાદ ક્રમશ જેમ જેમ બાર કાઉન્સિલની બેઠકો યોજાશે તેમાં વિવિધ કમિટીઓની રચના કરીને કમિટીઓના ચેરમેન વાઈસ ચેરમેનને છૂટી કાઢવામાં આવશે પાંચ મહિલા ઉમેદવારો અમૃતાબેન ભારદ્વાજ, નિમિષાબેન ધોત્રે, વંદનાબેન ભટ્ટ, પ્રગતિબેન જોષી અને હિરલબેન પાનવાલા માટે ઉજળા સંજોગો ઊભા થયા છે. એક થી ૧૮ નંબરનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ મહિલા ઉમેદવારો ની સત્તાવાર ચૂંટાયેલા જાહેર કરશે તેવું જાણવા મળેલ છે

(૧૨માં પાનાનું ચાલું)

### આરસીબી...

મોટો ચાવીરૂપ ખેલાડી વિરાટ કોહલી છે,જેણે આઈપીએલમાં ૮૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.પાવરપ્લેમાં ફિલ સોલ્ટનો ઊંચો સ્ટ્રાઈક રેટ કોઈપણ ટીમ માટે નોંધપાત્ર ખતરો છે.વધુમાં જોશ હેઝલવુડનું ફોર્મ ટીમ માટે મહત્વપૂર્ણ છે.કારણ કે તે એક મુખ્ય બોલર છે.દબાણ હેઠળ વિકેટ લેવાની તેની ક્ષમતા છે.ટિમ ડેવિડ ડેથ ઓવરોમાં ગેમ-ચેન્જર સાબિત થાય છે.

### શ્રેયર અય્યર...

વજન પાછું મેળવવા માટે ઘણી મહેનત કરવી પડી. મને પડકારો ગમે છે અને આ એક એવો પડકાર હતો જેને મારે પાર કરવો પડ્યો. હું ખુશ છું કે મેં આ તબક્કાને પાર કરી લીધો અને હવે પોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું, તેમજ પાછલી સિરીઝમાં ભારત માટે રમ્યો છું. મને પોતાના પર ગર્વ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વરસાદ...

કેસર કેરી, કેળા અને ચીકુ વિગેરે ને પણ ભારે પવન અને વરસાદ થી મોટું નુકશાન ગયા નું જાણવા મળેલ છે. તેમજ ઊના તાલુકાના નવાબંદર, સિમર અને સૈયદ રાજપરા બંદર ઉપર પણ કમોસમી વરસાદ થી સુકવેલ મચ્છી બગડી જતા મોટું નુકશાન ની ભીતિ સેવાઈ રહી છે.

ઊના અને ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. અને વીજળીના કડાકા ભડાકા સાથે બે ગામો માં વીજળી પડ્યાના અહેવાલ આવેલ છે. પ્રથમ ગીર ગઢડા તાલુકાના સનવાવ ગામની સીમમાં ચરતી મનુભાઈ સાર્દુલભાઈ ચૌહાણની ભેંસ ઉપર વીજળી પડતાં સ્થળ ઉપર મોત થયું હતું. જ્યારે બીજા બનાવમાં ગીર ગઢડા તાલુકાના વેળાકોટ ગામની સીમમાં જોરૂભાઈ કરશનભાઈ મોરાસિયાના ખેતરમાં કામ કરતી ત્રણ મહિલાઓને ખેતર પાસે વીજળી પડતાં કડવીબેન ધીરુભાઈ મોરસીયા , જીગ્નાબેન રામજીભાઈ પરમાર, જલ્પાબેન રામસિંગભાઈ ખસિયાને ઝટકો લાગેલ શરીરમાં ઝણઝણાટી થતા ઈજાગ્રસ્ત થતા ગીર ગઢડા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે.

### નાયબ મામલતદારોની બદલી...

દેવભૂમિ દ્વારકાના સુરેશભાઈ ચાવડાની અરવલ્લી ખાતે ગીર સોમનાથના શકિતસિંહ પરમારની અમદાવાદ ખાતે, ડી.એમ. ગામીતની અમદાવાદ ખાતે, પોરબંદરના ધિરેન્દ્રકુમાર સાલ્વીની અમદાવાદ ખાતે, ભાવનગરના ડી.એ. લીંબડની સુરેન્દ્રનગર ખાતે, પોરબંદરના મુકેશભાઈ જાદવની સુરેન્દ્રનગર ખાતે, ગીર સોમનાથના ડી.એ. પટેલની ગાંધીનગર ખાતે, પોરબંદરના વનરાજસિંહ સોલંકીની સુરેન્દ્રનગર ખાતે, મોરબીના એમ.જે. પટેલની ગાંધીનગર ખાતે ભાવનગરના સાજનબેન રાધવાણીની બોટાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના ધર્મેશભાઈ દેસાઈની અમદાવાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના એચ.પી. નાલવાયાની પંચમહાલ ખાતે, ભાવનગરના જી.એ. જાડેજાની અમદાવાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના જી.સી. બારિયાની છોટા ઉદેપુર ખાતે, દેવભૂમિ દ્વારકાના નરેન્દ્ર ચૌધરીની ખેડા ખાતે, કાજલબેન પાટોલીયાની મહેસાણા ખાતે નીતીન ધોળકીયાની અમદાવાદ ખાતે અને પોરબંદરના નાયબ મામલતદાર દિવ્યાબેન લુવાની જુનાગઢ ખાતે બદલી કરાય છે.

આ ઉપરાંત મહેસુલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની જિલ્લા કલેકટર કચેરી ખાતે મહેસુલી કારકુન અને મહેસુલ તલાટી તરીકે ફરજ બજાવતા ૮૦૦ કર્મચારીઓને નાયબ મામલતદાર વર્ગ-૩ તાબાની મહેસુલી સેવા સંવર્ગમાં બઢતી આપવામાં આવી છે.

### એલપીજીનો પૂરતો જથ્થો...

ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા ગેસની બુકિંગ કરી શકાય છે. રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો હોવાથી નાગરિકોને સરળતાથી ઘર બેઠા જ ડિલીવરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં ચુસ્ત દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર એલપીજી પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય.

રાજ્યમાં એલપીજી અંગેના કોઈ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨નો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સત્તાવાર રીતે સચોટ માહિતી મળતી રહે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ :** દાઉદી વ્હોરા ફખરૂદ્દીનભાઈ અસગરઅલી ગાંધી (ઉ.વ.૮૪) તે આરીફભાઈ ગાંધી અને સમીરભાઈ ગાંધીના પિતાજી તથા ઈદ્રીશભાઈ, શોકતભાઈ તથા મરહુમ અસ્માબન (ગોંડલ) તથા રસીદાબેનના ભાઈ અને હોજફાભાઈ તથા અલીઅસગરભાઈના દાદા તા.૨૦/૩/૨૬ના શુક્રવારે વફાત થયેલછે. મરહુમના જીયારતના સિપારા તા.૨૩/૩/૨૦૨૬ના સોમવાર જોહર અસરની નમાઝ બાદ જામનગર રોડ ગાંધી સોસાયટીના હોલમાં રાખલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# શહીદ દિન નિમિતે સોમવારે ભાજપ દ્વારા દેશભક્તિનો કાર્યક્રમ

## બહુમાળી ભવન ચોક ખાતે રાત્રે ૮ થી ૧૧ કલાકે કાર્યક્રમ યોજાશે

**અબતક, રાજકોટ**

આગામી સોમવારના રોજ શહીદ દિવસ અંતર્ગત ભગતસિંહ, સુખદેવ અને રાજ્યગુરૂ શહીદોના બલીદાન દિવસને સમગ્ર દેશ શહિદ દિવસ તરીકે યાદ કરીએ છીએ. ભારત દેશના આ વીર સપુતોને ભાવાંજલી આપવા માટે શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શને હેઠળ રાજકોટ શહેર યુવા મોરચાના પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુભાઈ રાજ્યગુરૂની આગેવાનીમાં દેશભકિત અને શૌર્યગીતોનો ઓરકેસ્ટ્રા સાથેનો એક સ્ટેજ કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેચ્યુ પાસે, બહુમાળી ભવન, રેસકોર્ષ ખાતે રાત્રે ૮.૦૦ કલાકથી ૧૧.૦૦ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા તેમજ રાજકોટ શહેરના નાગરિકોને જોડવા શહેર ભાજપ દ્વારા જાહેર અનુરોધ કર્યો છે.

# મુસ્લિમ બિરાદરો દ્વારા રમજાન ઈદની ઉજવણી



રાજકોટમાં મુસ્લિમ બિરાદરોએ શનિવારે ઈદની ઉજવણી કરી હતી. તેમજ ઈદ નિમિતે નમાઝ પણ અદા કરવામાં આવી હતી. નમાઝ અદા કરીને મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છા પાઠવી હતી. મુસ્લિમ બિરાદરો રમઝાન મહિનામાં રોઝા રાખે છે. રમઝાન માસને ઈબાદતનો મહિનો માનવામા આવે છે. મુસ્લિમ બિરાદરો રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરે છે.રમઝાન માસ-ઈદ નિમિતે જકાત સદકા ફિત્રા આપી ઈદની ઉજવણી કરી હતી. રાજકોટમાં ઈદની ઉજવણી દરમ્યાન કોમી એકતા અને ભાઈચારાના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઈદની ઉજવણીના અનુસંધાને રાજકોટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ ખડે પગે રહીને વ્યવસ્થા જાળવી હતી. ઈદની ઉજવણીમાં નાના બાળકોથી લઈ વડીલો જોડાયા હતા. **તસ્વીરઃ શૈલેષ વાડોલીયા**

### ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના બલિદાનને વંદન

# ભારતના 'ત્રિદેવ' સપૂતોઃ જેમના બલિદાને આઝાદીના ઈતિહાસનો વળાંક બદલી નાખ્યો

## દેશ માટે મરવાની વાત જૂની થઈ, હવે દેશ માટે 'જીવવાની' અને 'દેશભક્તિ પ્રગટાવવાની' જરૂર : સોમવારે શહીદ દિન



**અબતક, રાજકોટ**

૨૩મી માર્ચ એટલે શહીદ દિન, જે દિવસે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુએ દેશની આઝાદી માટે હસતા મુખે ફાંસીના ફંદાને ચૂમી લીધો હતો. વર્ષો વીત્યા છતાં આ ક્રાંતિકારીઓના નામ માત્રથી જ શરીરમાં નવી ઉર્જાનો સંચાર થાય છે, કારણ કે તેઓ કોઈ એક જ્ઞાતિ, કુટુંબ કે સમાજ માટે નહીં પરંતુ સમગ્ર ભારત માતા માટે શહીદ થયા હતા. શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને ડો. હેડગેવાર જેવા મહાપુરુષોએ રાષ્ટ્રની રક્ષા કાજે બલિદાન આપ્યા છે. આજે જ્યારે આપણે ક્રાંતિકારીઓને જ્ઞાતિના વાડાઓમાં સીમિત કરી રહ્યા છીએ, ત્યારે એ સમજવું જરૂરી છે કે તેમની મહાનતા દેશભક્તિમાં હતી. ડો. બાબાસાહેબ આંબેડકર, ગાંધીજી અને પૂ. ગુરુજી જેવા મહાનુભાવોએ અસ્પૃશ્યતા દૂર કરી 'બધા હિન્દુ ભાઈ છે' અને 'સમાનતા'નો જે મંત્ર આપ્યો હતો, તેને અનુસરીને જ આપણે એક સશક્ત અને સમરસ સમાજનું નિર્માણ કરી શકીએ છીએ.

ભગતસિંહના જીવન અને બલિદાનની ગાથા ભારતીય ઈતિહાસનો સુવર્ણ અધ્યાય છે. પંજાબમાં જન્મેલા અને દિલ્હીમાં પત્રકાર તરીકે સેવા આપનાર ભગતસિંહ અંગ્રેજોના શોષણથી અત્યંત વ્યથિત હતા. ૧૯૨૮માં સાયમન કમિશનના વિરોધ પ્રદર્શન દરમિયાન લાલા લજપતરાય પર થયેલા લાઠીચાર્જ અને તેમના અવસાનથી ક્રાંતિકારીઓ હચમચી ગયા હતા. આ અન્યાયનો બદલો લેવા ભગતસિંહ અને રાજગુરુએ પોલીસ ઓફિસર સોન્ડર્સને ખતમ કર્યો. ત્યારબાદ, બ્રિટિશ સરકારની ઊંઘ ઉડાડવા માટે 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના નારા સાથે વડી ધારાસભામાં બોમ્બ ફેંકીને સામે ચાલીને ધરપકડ વહોરી હતી. ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ આ ત્રિપુટીએ શહીદી વ્હોરી, જે ભારતની સ્વતંત્રતાની લડતનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો અને આજે પણ આ ત્રિદેવ સપૂતો ભારતના યુવાનોના આદર્શ અને પ્રેરણારૂપ છે.

શહીદોના સ્વપન સાકાર કરવા માટે આજે માત્ર બલિદાનની જ નહીં, પરંતુ દેશ માટે જીવવાની અને નિત્ય જીવનમાં દેશભકિત પ્રગટાવવાની આવશ્યકતા છે. ક્રાંતિકારીઓને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ ગણાશે જ્યારે આપણે પર્યાવરણ જાળવણી, કુટુંબ પ્રબોધન, સ્વદેશી અપનાવવાની ભાવના, સામાજિક સમરસતા અને નાગરિક તરીકેની આપણી ફરજો પ્રત્યે જાગૃત થઈએ. ભારતને એક મજબૂત અને વિશ્વગુરુ રાષ્ટ્ર બનાવવા માટે ટૂંકી માનસિકતા ત્યાગીને સંગઠિત થવું પડશે. ચાલો, આપણે કટિબદ્ધ થઈએ કે આપણા પ્રત્યેક કાર્યમાં રાષ્ટ્રહિત સર્વોપરી હોય, તે જ આ શહીદોના લોહીનું સાચું મૂલ્ય છે.

# નાદસ્વરમ ફાઉન્ડેશન દ્વારા કાલે 'ઉસ્તાદ અમીર ખાન સંગીત સમારોહ'



## ડો. ધ્વની વચ્છરાજાની શાસ્ત્રીય સંગીત રજુ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે

**અબતક, રાજકોટ**

રાજ કોટ ખાતે નાદસ્વરમ ફાઉન્ડેશન દ્વારા આવનાર કાલે રવિવારના રોજ ઉસ્તાદ અમીર ખાન સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંગીત રસિકો માટે વિશિષ્ટ શાસ્ત્રીય સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત ડો. ધ્વની વચ્છરાજાની દ્વારા શાસ્ત્રીય ગાયન રજૂ કરવામાં આવશે. તેમને તબલા પર યશ પંડ્યા તથા હાર્મોનિયમ પર દિપેશ સુથાર સાથ આપશે. આ બાદ પ્રખ્યાત તબલા વાદક સ્વપિનલ ભિસે દ્વારા તબલા સોલો રજૂ થશે, જેમાં હાર્મોનિયમ પર પ્રિયંકા ભિસે સાથ આપશે. આ સમગ્ર કાર્યક્રમ ૨૨ માર્ચ રોજ સાંજે ૮:૩૦ વાગ્યે પેન્ટાગોન ક્લબ હાઉસ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે, રાજકોટ ખાતે યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે નાદસ્વરમ ફાઉન્ડેશનના ચેરપર્સન પીયુ સરખેલ ઉપસ્થિત રહેશે. નાદસ્વરમ ફાઉન્ડેશન દ્વારા તમામ સંગીતપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શીતલ પાર્ક વિસ્તારમાં આજે રાત્રે વિશાળ હિન્દુ સંમેલન

## આ સંમેલનમાં આર્ષ વિદ્યામંદિર મુંજકાના શ્રી પરમાત્માનંદજી આર્શીવચન પાઠવશે

**અબતક, રાજકોટ**

શ્રી કૃષ્ણ મિત્ર મંડળ દ્વારા ભવ્ય હિંદુ સંમેલન દ્વારા આજે રાત્રે ૯:૦૦ કલાકે, દ્વારકાધીશ હાઈટ્સ અને ગોલ્ડન હાઈટ્સ વચ્ચેનું મેદાન, શ્રી પ્રભુ ગાંઠિયા હાઉસ પાસે, આર.કે. વર્લ્ડ ટાવર રોડ, શીતલ પાર્ક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે વિશાલ હિંદુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં શ્રી પરમાત્માનંદજી આર્ષ વિદ્યામંદિર, મુંજકા (રાજકોટ)ખાસ ઉપસ્થિત રહી આર્શીવચન પાઠવશે તેમજ ડો. આશિષભાઈ શુકલ- તથા ડો. ઘનશ્યામભાઈ ગઢવી પંચ પરિવર્તન વગારે વિષય પર માર્ગદર્શન આપશે.શહીદ સુખદેવ ટાઉનશિપ, શ્યામા પ્રસાદ મુખર્જી ટાઉનશિપ, દ્વારકાધીશ હાઈટ્સ, ગોલ્ડન હાઈટ્સ, વન વર્લ્ડ,આર કે એમ્બિયન્સ સહિતના લતાવાસીઓ આ યોજાનાર પવિત્ર કાર્યક્રમની શોભામાં વધારો કરશે તથા સમાજમાં નવી ઊર્જા અને પ્રેરણાનો સંચાર કરશે. તેથી સર્વે ભાઈઓ-બહેનોને આ સંમેલનમાં અવશ્ય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કૃષ્ણ મિત્ર મંડળના આગેવાનોએ અનુરોધ કર્યો છે.

# ભુલવું, જતુ કરવું, નમી જવું, ખમી લેવુ અને ઓગળી જવું 'જીવન જીવવાનો રામ માર્ગ': પ્રેમસ્વરૂપ સ્વામી

**અબતક, રાજકોટ**

અક્ષર પુરુષોતમ સ્વામિનારાયણ મંદિર, હરીધામ, સોખડાના અધ્યક્ષ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ રાજકોટ અને સૌરાષ્ટ્રની ધર્મયાત્રાએ પધારેલ છે. તેઓએ સત્સંગ સમારોહ આત્મીય યુનિવર્સિટી ઓડિટોરિયમ, યોગીધામ ખાતે એક દિવસ તેમણે રાજકોટ ખાતે સત્સંગનો લાભ ભકતોને આપેલ. સત્સંગના માધ્યમથી લોકોમાં સદભાવ પ્રગટે, વ્યકિત નિર્વ્યસની બને, દેશ પ્રત્યે દેશભાવના પ્રગટે તેવી ઉદાત ભાવનાથી તેઓ સમાજમાં વિચરણ કરી રહયા છે. બ્રહ્મલીન ગુરુહરિ હરીપ્રસાદ સ્વામીજી મહારાજનું જીવન સુત્ર છે, હે પ્રભુ ! કોઈ આત્મીય બને કે ન બને, મને આત્મીય બનાવશોજી. આ વાત ને દયાનમાં રાખીને સમાજમાં આત્મીયતા પ્રગટે તે માટે તેઓ વિચરણ કરી રહયા છે. પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજે પાંચ સુત્રો આપ્યા છે, ભુલી જવું, જતું કરવું, નમી દેવું, ખમી લેવું અને ઓગળી જવું. જો કોઈ વ્યકિત આ સુત્રોને નજર સમક્ષ રાખીને જીવન જીવે તો સંસારમાં કોઈ પ્રશ્ન જ ન રહે.

રાજકોટ ખાતે સત્સંગનો લાભ લેવા લઈન ભાજપ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે, ઋષભ વિજયભાઈ રૂપાણી, વોર્ડ નં. ૧૦ ના પ્રમુખ જયેશભાઈ ચોવટિયા , ભાજપ ધ્યેયભાઈ દોશી પ્રભારી, મનીષભાઈ ડેડકીયા મહામંત્રી, વ્યોમભાઈ વ્યાસ સંયોજક, યુવા મોરચા , ગુજરાત પ્રદેશ, ભાજપ પ્રો. ભરત પાનેલીયા ધ સ્કૂલ ઑફ સાયન્સ મહાનુભવ એ સ્વામીજી આશીર્વાદ લીધા રાજકોટ આવી ઉદાત ભાવનાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ દેશ-વિદેશમાં વિચરણ કરી રહયા છે.



આત્મીય યુનિવસિટી ખાતે આયોજીત સત્સંગનો શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, ઋષભ રૂપાણી, વોર્ડ નં.૧૦ના પ્રમુખ જયેશભાઈ ચોવટીયા અને ભરત પાનેલીયાએ લીધો લ્હાવો

# ઈવનીંગ પોસ્ટના સિનીયર સીટીઝન માટે એક સપ્તાહ સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૨૩/૩ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે કલરવ મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૪/૩ ને મંગળવારનાં રોજ ૫:૩૦ કલાકે મહમદ રફી મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૫/૩ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે કિશોરભાઈ પંચાસરા ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૬/૩ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે આર.એન. મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૭/૩ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે વેણુ વર્ણીરાજ સ્વર વૃંદ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૮/૩ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે કે.આર.મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૯/૩ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે દિલ સુંદર ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈ કાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, કિરીટભાઈ નથવાણી, રણજિતભાઈ પઢિયાર, કિશોરભાઈ પંચાસરા, રીનાબેન પરમાર, હેમાબેન સોનેની, કાશ્મીરાબેન રાઠોડ તેમજ દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

### એસી શ્રેણીમાં વધતી જતી માંગને લઈ

# રાજકોટ ડિવિઝનની ૮ ટ્રેનમાં વધારાનો થર્ડ એસી કોચ જોડાશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને એસી શ્રેણીમાં સતત વધતી માંગને ધ્યાનમાં રાખીને રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૮ જોડી ટ્રેનોમાં કાયમી ધોરણે વધારાના થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી મુસાફરોને ટિકિટની વધુ ઉપલબ્ધતા સાથે વધુ આરામદાયક મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે. જેમાં ટ્રેન નંબર ૧૯૫૭૫/૧૯૫૭૬ ઓખા-નાથદ્વારા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા ઓખાથી ૨૭ મે ૨૦૨૬ અને નાથદ્વારાથી ૨૮ મે ૨૦૨૬ થી અમલી બનશે.ટ્રેન નંબર ૨૨૯૩૯/૨૨૯૪૦ ઓખા-બિલાસપુર એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા ઓખાથી ૨૩ મે ૨૦૨૬ અને બિલાસપુરથી ૨૫ મે ૨૦૨૬ થી અમલી બનશે.


ટ્રેન નંબર ૨૦૯૧૩/૨૦૯૧૪ રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા રાજકોટથી ૨૧ મે ૨૦૨૬ અને દિલ્હી સરાય રોહિલ્લાથી ૨૨ મે ૨૦૨૬ થી અમલી બનશે. ટ્રેન નંબર ૨૨૯૩૭/૨૨૯૩૮ રાજકોટ-રીવા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા રાજકોટથી ૨૪ મે ૨૦૨૬ અને રીવાથી ૨૫ મે ૨૦૨૬ થી અમલી બનશે.ટ્રેન નંબર ૧૯૫૭૮/૧૯૫૭૭ જામનગર-તિરુનલવેલી એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા જામનગરથી ૨૩ મે ૨૦૨૬ અને તિરુનલવેલીથી ૨૬ મે ૨૦૨૬ થી અમલી બનશે.ટ્રેન નંબર ૨૨૯૦૮/૨૨૯૦૭ હાપા-મડગાંવ એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા હાપાથી ૨૭ મે ૨૦૨૬ અને મડગાંવથી ૨૯ મે ૨૦૨૬ થી અમલી બનશે. ટ્રેન નંબર ૧૯૩૧૯/૧૯૩૨૦ વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૬ થી વધારીને ૭ કરવામાં આવી છે. આ વ્યવસ્થા વેરાવળથી ૨૭ મે ૨૦૨૬ અને ઈન્દોરથી ૨૬ મે ૨૦૨૬ થી અમલી બનશે.

ટ્રેન નંબર ૧૯૨૧૮/૧૯૨૧૭ વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૬ થી વધારીને ૭ કરવામાં આવી છે. આ વ્યવસ્થા વેરાવળથી ૨૩ મે ૨૦૨૬ અને બાંદ્રા ટર્મિનસથી ૨૨ મે ૨૦૨૬ થી અમલી બનશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે રેલ્વેની સત્તાવાર વેબસાઈટ www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લેવી.

# અક્ષર મંદિર પરિસરમાં ગુરૂવારે તપોમૂર્તિ નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## દિલ્હીના અક્ષરધામ ખાતે મહંત સ્વામી મહારાજનું આગમન, વિવિધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક કાર્યક્રમો



**અબતક, રાજકોટ**

વિશ્વવંદનીય સંત અને બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન ગુરુ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનું ગુરુવાર સાંજે નવી દિલ્હી સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરે શુભ આગમન થયું. તેમના સ્વાગત માટે સમગ્ર મંદિર પરિસરને ફૂલો અને તોરણોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું, જ્યાં હજારોની સંખ્યામાં હાજર ભક્તોએ હર્ષોલ્લાસ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. બીએપીએસ હિંદુ મંદિર (આબુધાબી) અને (ન્યુજર્સી) રોબિન્સવિલ અક્ષરધામ જેવા ભવ્ય મંદિરોના નિર્માતા બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ ૧૯ માર્ચથી ૦૨ એપ્રિલ સુધી દિલ્હી અક્ષરધામ મંદિરમાં નિવાસ કરશે. તેમના નિવાસ દરમિયાન મંદિરમાં વિવિધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજાશે, જેમાં મુખ્યત્વે ૨૬ માર્ચે ભગવાન સ્વામિનારાયણના કિશોર યોગીસ્વરૂપ નીલકંઠવર્ણી મહારાજની ૧૦૮ ફૂટ ઊંચી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ પણ યોજાનાર છે. આ ગૌરવની વાત છે કે આ દિવસોમાં પંચકુલા, કુરુક્ષેત્ર અને પેરિસ સ્થિત મંદિરોની મૂર્તિઓનું પૂજન તથા પ્રાણપ્રતિષ્ઠા વિધિ પણ દિલ્હી અક્ષરધામ મંદિરમાં યોજાશે. આ ઉપરાંત બાળકો અને યુવાનો માટે બાળ દિવસ, યુવા દિવસ, મહાયજ્ઞ, બીએપીએસ સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા આધ્યાત્મિક પ્રવચનો, મહંતસ્વામી મહારાજના પ્રાતઃ પૂજા દર્શન અને આશીર્વાદનો લાભ પણ મળશે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૬મું ચક્ષુદાન તથા ૬૬ દેહદાન મળ્યું

**અબતક, રાજકોટ**

મધુભાઈ નારણભાઈ માવદીયાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન તથા દેહદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૬મું ચક્ષુદાન તથા ૬૬મું દેહદાન થયેલ છે. સ્વગસ્થ પોતે ચક્ષુદાન તથા દેહદાન નો સંકલ્પ પત્ર ભરેલ હતો. માર્ચ ૨૦૨૬માં છઠ્ઠુ (૬મું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દહેદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો.નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# મયુર ડાયકેમના માલિક અને ભાગીદારોને ત્યાંથી બેનામી દસ્તાવેજો મળી આવ્યા

## બીજા દિવસે તપાસ ચાલુ રહી, કંપની સાતે નાણાંકીય ધંધાકીય વ્યવહારો કરનારને ત્યાં તવાઈ ઉતરશે

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં શુક્રવારે ઈન્કમ ટેક્સ ની ટીમે મયુર ડાયકેમ સહીત કુલ ૨૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ તપાસ શનિવારે પણ ચાલુ રહી હતી. તપાસ દરમ્યાન મોટા પ્રમાણમાં રોકડ ને બેનામી દસ્તાવેજો મળી આવ્યા હોવાનું આવકવેરાના અધિકારીઓએ જણાવ્યું છે. જે કબ્જે લેવાયું છે. આ સિવાય કંપનીના માલિકોએ કરેલા રોકાણ, ખરીદ વેચાણના વ્યવહારની ચકાસણી સોમવારથી શરૂ કરશે.સમગ્ર તપાસ પૂર્ણ થયા બાદ ટેક્સ ચોરીનો આંકડો જાહેર કરવામાં આવશે.આ અંગે આવકવેરાના અધિકારીઓએ જણાવ્યુ હતું કે, અમદાવાદની મયુર ડાયકેમ કંપની દવારા ટેક્સ ચોરી થતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે શુક્રવારે આઈ ટી ની ટીમે તપાસ હાથ ધરી હતી. વટાવામાં આવેલી ઓફિસ તેમજ કપનીના માલિકો અને તેના ભાગીદારોના ઘરે આઈ ટી ની ટિમ તપાસ માટે પહોંચી હતી. ઘણા લાંબા સમય બાદ આવકવેરાની ટીમે તપાસ કરતા કરચોરોમાં ફફડાટ ફેલાયો છે. આ સિવાય આવક વેરા ના અધિકારીઓએ જણાવ્યું છે કે મયુર ડાયકેમ કંપની એક્સપોર્ટ પણ કરે છે. ત્યારે અત્યાર સુધીમાં કંપની એ કેટલુ એક્સપોર્ટ કર્યું છે. તેની વિગત પણ ચકાસવામાં આવશે. આવકવેરા વિભાગે ટેક્સચોરી ઝડપી લેવા માટે આગામી દિવસોમાં અનેક મોટા બિલ્ડરો, ઘંઘર્થીઓ, સોની વેપારીઓને ત્યાં તપાસ -સર્વે કરે તેવી સભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# શાળાઓ પાસે નશાના નેટવર્કને તોડવા પોલીસ કમિશનર એક્શન મોડમાં

## એન્કોર્ડની બેઠકમાં એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન તેજ કરવા સૂચના: શાળા કોલેજ આસપાસ પાનની દુકાનોમાં ડ્રગ્સના વેચાણ અંગે સઘન તપાસ કરવા સૂચના આપતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા

**અબતક, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા ની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરએ શાળા, કોલેજ આસપાસ માત્ર તંબાકુની પ્રોડ્ક્ટસના વેચાણ સાથે નાર્કોટિક્સ ડ્રગ્સના વેચાણની સંભાવનાને ધ્યાને લઈ સઘન ચેકીંગ અને પુછપરછ કરવા સૂચના આપી હતી.

બ્રજેશ કુમારે શાળા આસપાસ નશાકારક પદાર્થ વેચવાનું કોઈના પણ ધ્યાને આવે તો શાળા મારફત પોલીસ વિભાગને જાણ કરવા શિક્ષણ વિભાગના અધિકારીને અપીલ કરી હતી.



યુવાનોમાં ગાંજો સહિતના વધતા જતા ડ્રગ્સના ચલણ સામે લાલબત્તી ધરી કમિશનરશ્રીએ શહેરના પોલીસ સ્ટેશન દ્વારા અસરકારક કામગીરી કરવા ખાસ સૂચના આપી હતી.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગારવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં વિદેશી ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો કે જેની કિંમત રૂ. ૧૨.૭૮ લાખથી વધુ થાય છે તેને ઝડપી પાડવામાં આવ્યો હોવાનું તેમજ કુલ ૪ કેસમાં રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડી પાડી ૬ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

જ્યારે શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૪૧ કેસમાં રૂ. ૨૮,૨૦૦ નો દંડ કરાયાનું બંગરવાએ જણાવ્યું હતું. ડી.સી.પી. એ ઓનલાઈન પેમેન્ટ દ્વારા કુરિયર દ્વારા ડ્રગ્સની ડીલેવરી કરવામાં આવતી હોવાનું જણાવી કુરિયર સર્વિસ દ્વારા સચેત રહી કામગીરી કરાય, તે માટે ખાસ સૂચના આપી હતી.બેઠકમાં મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ અને જનજાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમોની વિગતો સહીત રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ તથા સ્થાનિક એન.જી.ઓ. સમજુ દેસી સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ વિરોધી જાગૃતિ અભિયાનના ભાગરૂપે ઓટોરિક્ષાઓની પાછળ નશાકારક ડ્રગ્સ અંગે જાગૃતિ ફેલાવતા વિવિધ સ્લોગનવાળા થીમેટિક પોસ્ટરો લગાડી વધુમાં વધુ લોકો સુધી સંદેશ પહોંચે તે માટે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી. એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન - ૨ રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ, સાઈન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર પાલિકા તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

**એક માસમાં રૂ. ૧૨.૭૮ લાખની કિંમતનો ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો સહિત કુલ રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડાયો**

# ‘પાળ’ નજીક રૂ.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બ્રિજને ખુલ્લો મુકાયો

## ‘સૌની’ યોજના અંતર્ગત લોધિકા પંથકમાં ૧૩.૨૫ કરોડના ખર્ચે પાઈપલાઈન બિછાવાશે: ભાનુબેન બાબરીયાના હસ્તે ખાતમુહુર્ત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન “સૌની” યોજના લીંક-૩, પેકેજ-૫ હેઠળ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂ. ૧૩.૨૫ કરોડના કામોનું ખાતમુહૂત તેમજ રૂ.૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ પાળ બ્રિજનુ લોકાર્પણ કરતાં રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.



સૌની યોજના લિંક-૩ પેકેજ-૫ હેઠળ રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોને પાણીની વિશેષ સવલતો આપવા માટે સરકાર દ્વારા પેકેજ હેઠળ કામો મંજુર કરવામાં આવે છે. ‘સૌની યોજના’ ના ભાગરૂપે આજે રાજકોટના લોધિકા ખાતે રાજય સરકાર દ્વારા રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં સમાવિષ્ટ ગામો જેમ કે, ઢોલરા, વીરવા, રાવકી, માખાવડ, ચીભડા, લોધીકા, અને ચાંદલી જેવા ગામોને લાભ આપવા સૌની યોજના લિંક-૩ , પેકેજ-૫ હેઠળ રૂ.૧૩.૨૫ કરોડના ખચે તળાવો/ચેકડેમોને જોડતી ૩.૦૦ કિ.મી.ની પાઈપ લાઈનના કામો માટે રાજકોટ ગ્રામ્ય વિધાનસભાના ધારાસભ્ય અને રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ.

વધુમાં, રૂ.૧૧ કરોડના ખચે તૈયાર થયે પાળ બ્રીજનું લોકાર્પણ કરી પ્રજાજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો. આ બ્રીજ તૈયાર થતા આજુબાજુના ગામોના પ્રજાજનોને જવા આવવામાં સરળતા રહેશે. આ કાર્યક્રમમાં લોધિકા તાલુકાના તમામ હોદેદારઓ, જીલ્લા તેમજ તાલુકાના ચુંટાયેલા સદસ્ય તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને કાર્યકરો, આગેવાનો અને સરપંચઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાયંદર - વરસોવા કોસ્ટર રોડ માટે ૪૬ હજાર વૃક્ષોનું નિકંદન કાઢી નાખવા સુપ્રીમની મંજૂરી

## આગામી ૧૦ વર્ષ સુધી રિપોર્ટ દ્વારા જણાવવું પડશે કે કાપેલા ઝાડના બદલામાં જે નવા ઝાડ વાવવામાં આવ્યા છે તેની સ્થિતિ કેવી છે

**અબતક , દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મુંબઈના વરસોવા-ભાયંદર કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે લીલી ઝંડી આપી દીધી છે. આ પ્રોજેક્ટ આશરે રૂ. ૧૮,૨૬૩ કરોડનો છે. આ પ્રોજેક્ટના કારણે પર્યાવરણને નુકસાન થશે કારણ કે લગભગ ૪૬,૦૦૦ તીવરના ઝાડ કાપવા પડશે, પરંતુ કોર્ટે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા પર ભાર મૂક્યો છે.

ચીફ જસ્ટિસ સૂર્યા કાંતની બેન્ચે જણાવ્યું કે મુંબઈના ટ્રાફિકને ઘટાડવા માટે આ રોડ ખૂબ જરૂરી છે. લોકોની સુવિધા માટે આ પ્રોજેક્ટ અટકાવી શકાય નહીં. મુંબઈ મહાનગરપાલિકા એ દર વર્ષે ઓડિટ રિપોર્ટ જમા કરાવવો પડશે. આગામી ૧૦ વર્ષ સુધી આ રિપોર્ટ દ્વારા જણાવવું પડશે કે કાપેલા ઝાડના બદલામાં જે નવા ઝાડ (વનીકરણ) વાવવામાં આવ્યા છે તેની સ્થિતિ કેવી છે. સરકારે ખાતરી આપી છે કે તડોબા રિઝર્વ ફોરેસ્ટ પાસે અને પ્રોજેક્ટ સાઈટથી ૧૦ કિમી દૂર નવા મેન્ગ્રોવ્સ ઉગાડવામાં આવશે. અત્યાર સુધીમાં ૩૧ હેક્ટર જમીન પર કામ શરૂ પણ થઈ ગયું છે. ’વનશક્તિ’ નામની સંસ્થાએ ચિંતા વ્યક્ત કરી હતી કે આટલી મોટી સંખ્યામાં મેન્ગ્રોવ્સ કાપવાથી પર્યાવરણને મોટું નુકસાન થશે અને પ્રદૂષણ વધશે.

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગની માત્ર બે દિવસની રજા

## ૩૦ અને ૩૧ માર્ચ યાર્ડ બંધ રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગની માત્ર બે દિવસની રજા રહેશે.

મુખ્ય માર્કેટયાર્ડમાં કામ કરતાં કમીશન એજન્ટ, વેપારીઓ તરફથી સને ૨૦૨૫-૨૦૨૬ના વાર્ષિક હિસાબો પુરા કરવા માટે માર્કેટ યાર્ડમાં ખરીદ-વેચાણનું કામકાજ બંધ રાખવા કરેલા નિર્ણય અન્વયે તા.૩૦ અને તા.૩૧ માર્ચે મુખ્ય માર્કેટયાર્ડ (અનાજ)નું હરરાજીનું કામકાજ બંધ રહેશે. તેમજ તા.૨૮ સુધી સવારથી અનાજ વિભાગ (મુખ્યયાર્ડ)ની તમામ જણસીઓની માલ આવકો/વાહનો માર્કેટયાર્ડમાં દાખલ થવા દેવામાં આવશે નહિ. જેથી સદરહું દિવસો દરમ્યાન માર્કેટયાર્ડમાં ખેડૂત ભાઈઓએ માલ વેચવા લાવવો નહિ, જેની નોંધ લેવા વિનંતી.

૧-એપ્રિલથી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

# ચૂંટણીના પડઘમ: સોમવારે મતદાર યાદી પ્રસિધ્ધ થશે

## તમામ ૧૮ વોર્ડની ઓફિસે મતદાર યાદી જોઈ શકાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આગામી સોમવારે મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારને લાગુ વિધાનસભા મતવિસ્તાર પરથી રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નંબર ૧ થી ૧૮ ની વોર્ડ વાઈઝ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ તા.૨૩ના રોજ કરવામાં આવશે. મતદાર યાદી ચૂંટણી શાખા, રૂમ નંબર-૧૧, ત્રીજો માળ, ડો.આંબેડકર ભવન, ઢેબર રોડ ખાતે અને વોર્ડ નંબર ૧ થી ૧૮ ની વોર્ડ ઓફીસ ખાતે પ્રસિધ્ધ થશે.

# અદાણી ગ્રુપના ૧૦ લાખ કરોડના રોકાણથી રાજયના ઔદ્યોગિક ઈકોસિસ્ટમમાં આવશે ક્રાંતિ

## મુન્દ્રા પોર્ટ અને એરપોર્ટના વિસ્તરથી ગુજરાતનો દરિયા કાંઠે અને હવાઈ માર્ગો વિશ્વના મોટા વેપાર કેન્દ્રો સાથે સીધો જોડાશે

**અબતક, રાજકોટ**

વૈશ્વિક રાજનીતિના બદલાતા સમીકરણો અને સપ્લાય ચેઈનમાં આવતા અવરોધો વચ્ચે ભારતને એક અજેય આર્થિક મહાસત્તા બનાવવા માટે અદાણી ગ્રુપે સૌથી સાહસિક અને દૂરંદેશી વિઝન રજૂ કર્યું છે. આગામી પાંચ વર્ષો દરમિયાન દર વર્ષે આશરે રૂ.૨ લાખ કરોડ (કુલ રૂ. ૧૦ લાખ કરોડ) ના અભૂતપૂર્વ રોકાણની ગ્રુપે જાહેરાત કરી છે. અદાણી ગ્રુપ ભારતને વિશ્વના વેપાર નકશા પર કેન્દ્રસ્થાને સ્થાપિત કરવાની યોજના ધરાવે છે.

અદાણી ગ્રુપનું આ રોકાણ ભારતના આર્થિક ભવિષ્યને સુરક્ષિત કરવાની એક બ્લુપ્રિન્ટ છે. ૨૦૩૦ સુધીના ઉચ્ચ લક્ષ્યાંકોની વાત કરીએ તો, તેમાં એવિએશન ક્ષેત્રેવાર્ષિક ૨૦ કરોડ મુસાફરોની ક્ષમતા સાથે એરપોર્ટ નેટવર્કનું વિસ્તરણ, પોર્ટ અને લોજિસ્ટિક્સમાંકાર્ગો હેન્ડલિંગ ક્ષમતાને વધારીને ૧,૨૦૦ એમએમટી સુધી પહોંચાડવી,સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા ૧૫૫ એમટીપીએ સુધી લઈ જવી તેમજ ડિજિટલ ક્રાંતિ અંતર્ગત૧ જીડબલ્યુ ની ક્ષમતા ધરાવતા ડેટા સેન્ટર નેટવર્કનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે.

આ રોકાણનો સિંહફાળો ગુજરાતના ફાળે આવવાનો છે, જે રાજ્યની ઔદ્યોગિક ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવશે. કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક અને ફેક્ટરીઓ ગુજરાતને ગ્રીન હાઈડ્રોજન અને સોલાર મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવશે. તે ભારતની ઉર્જા સુરક્ષા અને વેપાર ક્ષમતાને વૈશ્વિક સ્તરે સુરક્ષિત રાખવાનું એક મજબૂત કવચ બનશે.

રાજયનાલઘુ અને મધ્યમ ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડવા, મેન્ટેનન્સ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે આ રોકાણથી અભૂતપૂર્વ તકો મળશે. મુન્દ્રા પોર્ટ અને એરપોર્ટના વિસ્તરણથી ગુજરાતનો દરિયાકાંઠો અને હવાઈ માર્ગો વિશ્વના મોટા વેપાર કેન્દ્રો સાથે સીધા જોડાશે, જે સ્થાનિક નિકાસકારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

અદાણી એનર્જી સોલ્યુશન્સ રૂ. ૧.૫ લાખ કરોડના ખર્ચે અત્યાધુનિક હાઈ-વોલ્ટેજ નેટવર્ક સ્થાપશે. કંપનીનું લક્ષ્ય ગ્રીન એનર્જી અને બેઝલોડ પાવરના સચોટ મિશ્રણ દ્વારા દેશને ૨૪X૭ અવિરત વીજ પુરવઠો પૂરો પાડી કુલ પોર્ટફોલિયો ૯૦ જીડબલ્યુ થી ઉપર લઈ જવાનો છે.

ઈઝરાયેલના હાઈફા પોર્ટ અને યુરોપમાં મજબૂત ભાગીદારી દ્વારા ગ્રુપ ’ભારત-મધ્ય પૂર્વ-યુરોપ ઈકોનોમિક કોરિડોર’ જેવી વ્યૂહાત્મક કડીઓમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે

દેશ ૨૦૪૭ સુધીમાં ’વિકસિત ભારત’ બનવાનું લક્ષ્ય સેવી રહ્યો છે, ત્યારે આવા મોટા પાયાના રોકાણો દેશના જીડીપી વૃદ્ધિ દરને વેગ આપવામાં અને લોકોના જીવનધોરણને સુધારવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

# સરકારી કચેરીઓ વેરો ભરપાઈ કરે તો જ ટેક્સનો ટાર્ગેટ પુરો થશે

## લક્ષ્યાંક હજી ૪૫ કરોડ છેટો વર્ષ પુરૂ થવામાં ૧૦ દિવસ જ બાકી

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ટેક્સ બ્રાન્ચને ચાલું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં મિલકતવેરા વસૂલાતનો કુલ રૂ.૪૫૫ કરોડનો લક્ષ્યાંક અપાયો છેજેની સામે આજ દિવસ સુધીમાં રૂ.૪૧૦ કરોડની વસૂલાત થઈ છે અને હવે ૧૦ દિવસમાં રૂ.૪૫ કરોડ વસૂલાય તો ટાર્ગેટ પૂર્ણ થાય તેમ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કચેરીઓનો બાકી વેરો વસૂલાય તો જ ટાર્ગેટ પૂર્ણ થઈ જાય તેમ છે. સામાન્ય મિલકતધારકોને છાશવારે નોટિસો ફટકારી મિલકતો સીલ કરતું મહાપાલિકા તંત્ર અન્ય સરકારી વિભાગો પાસેથી બાકી વેરો વસુલવા શિક્ષાત્મક કાર્યવાહી કરવાને બદલે તેને ઘૂંટણિયે પડી જાય છે.

ટેક્સ બ્રાન્ચના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, આજની સ્થિતિએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૨૮ કરોડ, બીએસએનએલનો ૧૩.૫૦ કરોડ, સમરસ હોસ્ટેલનો ૧૫.૫૦ કરોડ, પોલીસ વિભાગનો ૧૨.૬૦ કરોડ, કલેક્ટર હસ્તકની વિવિધ કચેરીઓનો ૧૦.૨૫ અને પીડબલ્યુડીના ૧૦ કરોડનો મિલકતવેરો મળી વિવિધ કુલ સરકારી કચેરીઓનો રૂ.૮૦ કરોડનો મિલકત વેરો બાકી છે, જેની વસૂલાત વર્ષોથી થઈ નથી. સામાન્ય કરદાતાઓની મિલકતો ધડાધડ સીલ કરી નાખતું મહાપાલિકા તંત્ર કે તેના ઉચ્ચ અધિકારીઓ ક્યારેય અન્ય સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ પાસેથી મિલકતવેરાની કડક ઉઘરાણી કરતા નથી તે નગ્ન સત્ય છે. આજની સ્થિતિએ ૨ ૪,૪૪,૨૯૭ મિલકતધારકોએ કુલ ૪૧૦ કરોડનો મિલકતવેરો ચૂકતે કર્યો છે.રાજકોટ મહાપાલિકા તંત્રએ મોટા ઉપાડે એવી જાહેરાત કરી હતી કે હવે તા.૩૧ માર્ચ સુધી તમામ વોર્ડ ઓફિસો ચાલુ રહેશે અને રજાના દિવસે પણ વેરા વસૂલાતની કામગીરી કરાશે. દરમિયાન આજે વોર્ડ નં.૮ની સોજીત્રા નગર પાણીના ટાંકા પાસે આવેલી ઓફિસે વોર્ડ ઓફિસર હાજર નહીં હોવાની ફરિયાદો ઉઠી હતી, જ્યારે વોર્ડ નં.૧૦ની રોયલ પાર્ક સ્થિત ઓફિસમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી બંધ હોય દેકારો બોલ્યો હતો. આ ઉપરાંત અન્ય ત્રણથી ચાર વોર્ડના વોર્ડ ઓફિસરોને મીલેટ મહોત્સવમાં જોતરી દેવાતા અનેક વોર્ડ ઓફિસોમાં આજે રિશેષ સુધી કોઈ કામગીરી જ થઈ ન હતી.

રાજકોટ મહાપાલિકાની મોટા ભાગની વોર્ડ ઓફિસોના વોર્ડ ઓફિસરોની કામગીરી સામે સવાલો ઉપસ્થિત થઈ રહ્યા હોય તેમજ તેમની કામગીરી પરિણામલક્ષી જણાતી ન હોય તેમજ અરજદારોમાંથી પણ વ્યાપક ફરિયાદો મળતી હોય તાજેતરમાં ટેક્સ આવકના રિવ્યૂ અંગે મળેલી મિટિંગમાં મ્યુનિસિપલ કમિશનરે તમામ વોર્ડ ઓફિસરોને દરરોજ સવારે ટેક્સ રિકવરી માટે ફિલ્ડ વર્ક કરવા અને ફિલ્ડ વર્કના લાઈવ લોકેશન કમિશનરના વ્હોટ્સ એપ ગ્રુપમાં શેર કરવા કડક તાકીદ કરી છે.

# લોકો પાસેથી ટેકસ ઉઘરાવી જમા નહી કરાવતી હોટલમાં આઈટીનું વેરિફીકેશન

## કાચા ચિઠ્ઠાનો મોટો કારોબાર પકડવા આઈટીની કવાયત, રોકડ લેતી-દેતીના વ્યવહારો ડિલીટ કરી દેતા હોવાનું ધ્યાને આવ્યું

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે લોકો હોટલ રેસ્ટોરન્ટમાં જમવા માટે જતી હોય છે. પરંતુ રાજયભરની આવકવેરા વિભાગ હોટલ રેસ્ટોરન્ટમાં હિસાબ માંગવા પહોચ્યું છે. કાચા ચિઠ્ઠાનો મોટો કારોબાર પકડવા માટે આઈ.ટી.એ કવાયત હાથ ધરી છે. આવક ઓછી અને ખર્ચ વધુ બતાવી ટેકસ ચોરી બતાવનાર ફ્રેન્ચાઈઝી હોટલમાં વેરીફીકેશન કરાયું હોવાનું આવકવેરા વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે.

તાજેતરમાં ટેકસ ચોરીને લઈને દેશભરની હોટલમાં તપાસ આઈટી વિભાગે કરી હતી તેમાં રાજકોટની હોટલ રેસ્ટોરન્ટ પણ બાકાત નથી રહ્યા ફ્રેન્ચાઈઝી ધરાવતી હોટલના બિલીંગ અને હિસાબ કિતાબ મોટેભાગે સોફટવેરમાં થતા હોય છે.જેના આધારે તેઓ આવક સામે ખર્ચ વધુ બતાવતા હતા તેમજ કર્મચારીઓના પગાર અન્ય નાના ખર્ચની રકમ હોય એના કરતા મોટી બતાવી ટેકસ ચોરી કરતા હોવાનું આઈ.ટી. વિભાગના ધ્યાને આવ્યું હતુ સીબીડીટી તરફથી આદેશ મળ્યા બાદ આવકવેરાની ટીમે અલગ અલગ શહેરમાં હોટલમાં વેરીફીકેશન કર્યું હતુ. આઈટીની ટીમે વેરીફીકેશન દરમ્યાન બિલીંગ ડેટા, જીએસટી રિટર્ન, બેંક ટ્રાન્ઝેકશન, વેચાણ રેકોર્ડ સહિતની વિગતો માંગી હતી. આ માટે સૌ પ્રથમ સમન્સ પાઠવવામાં આવ્યું હતુ.

આગળની કાર્યવાહી માટે આઈ.ટી. એ સૌ પ્રથમ બિલના વેરીફીકેશન કર્યું છે. એ દરમ્યાન કોઈ ટેકસ ચોરી ઝડપાશે તો ટેકસ એના પર વ્યાજ અને પેનલ્ટીની વસુલાત કરાશે.સામાન્ય રીતે આવકવેરા વિભાગ બિલ્ડર્સ, ઉદ્યોગપતિ, સોની વેપારી બધાને નોટીસ પાઠવતા હોય છે. પરંતુ રાજકોટમાં પહેલીવાર અમદાવાદથી આઈટીની ટીમે નોટીસ પાઠવતા આ મુદ્દો હોટલ રેસ્ટોરન્ટના ક્ષેત્રમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આ વેરીફીકેશન અને હિસાબ કિતાબની ચકાસણી અંદાજીત એક મહિના કરતા વધારે સમય લાગી જાય તેવી સંભાવના છે.હોટલ રેસ્ટોરન્ટમાં બિલીંગ માટે જે સોફટવેરનો ઉપયોગ થાય છે તેમાં કેશ ટ્રાન્ઝેકશનના હિસાબો ડિલીટ પણ કરી શકાય છે. આમ, જે કેશમાં ટ્રાન્જેકશન થાય છે.તેના આધારે ટેકસ ચોરી થવાની સૌથી વધુ સંભાવના છે. આઈ.ટી.ની સાથે સાથે જી.એસ.ટી.ની ચોરી પણ પકડાય તેવી શકયતાઓ છે. ત્યારે સેન્ટ્રલ સ્ટેટ જી.એસ.ટી.ની ટીમ પણ આ તપાસમાં જોડાય તેવી સંભાવના છે.

**ડિજિટલ એરેસ્ટ મામલે સરકારના આકરા પગલાં**

# વોટ્સએપને ડિજિટલ એરેસ્ટ માટે ઉપયોગમાં લેવાતા ડિવાઈસ આઈડી બ્લોક કરાશે

## ગૃહ મંત્રાલય હેઠળની સાયબર વિંગ ‘ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોર્ડિનેશન સેન્ટર’ના રિપોર્ટ બાદ નિર્ણય લેવાયો વોટ્સએપ પર સ્કાઈપ જેવા સુરક્ષા ફીચર્સ લાગુ કરવા પર વિચારણા

**અબતક, રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી ’ડિજિટલ અરેસ્ટ’ના નામે નિર્દોષ લોકોને લૂંટવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ સ્કેમમાં સ્કેમર્સ વૉટ્સએપનો સૌથી વધુ ઉપયોગ કરી રહ્યા છે. આ જોખમને જોતા ભારત સરકારે હવે આક્રમક વલણ અપનાવ્યું છે અને વૉટ્સએપને સીધો આદેશ આપ્યો છે કે સ્કેમમાં વપરાતા ડિવાઈસને તાત્કાલિક બ્લોક કરવામાં આવે. હવે માત્ર એકાઉન્ટ નહીં, આખું ડિવાઈસ બ્લોક થશે. ગૃહ મંત્રાલય હેઠળની સાયબર વિંગ ’ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોર્ડિનેશન સેન્ટર ’ ના રિપોર્ટ બાદ આ નિર્ણય લેવાયો છે. સ્કેમર્સ વારંવાર નવા નંબરથી એકાઉન્ટ બનાવી લેતા હોય છે, તેથી હવે તેમના ફોનની ઓળખ એટલે કે ડિવાઈઝ આઈડી પર જ પ્રતિબંધ મૂકવાની તૈયારી છે.

વૉટ્સએપ પર સ્કાઈપ જેવા સુરક્ષા ફીચર્સ લાગુ કરવા પર વિચારણા ચાલી રહી છે.આઈટી રૂલ્સ ૨૦૨૧ હેઠળ ડિલીટ કરેલા એકાઉન્ટનો ડેટા ૧૮૦ દિવસ સુધી સુરક્ષિત રાખવા પર ભાર મૂકાશે, જેથી તપાસ એજન્સીઓને પુરાવા મળી રહે. ખતરનાક એપીકે ફાઈલો અને નકલી એપ્સને ઓળખીને તેને બ્લોક કરવાની યોજના છે.

સ્કેમમાં ગુનેગારો પોલીસ,સીબીઆઈ અથવા કસ્ટમ્સ અધિકારી બનીને વૉટ્સએપ વીડિયો કોલ કરે છે. તેઓ પીડિતને ડરાવે છે કે તેમના નામે કોઈ ગેરકાયદેસર પાર્સલ આવ્યું છેઅથવા ડ્રગ્સ કેસમાં તેમનું નામ છે. ત્યારબાદ ધરપકડની ધમકી આપીને તેમને ’ડિજિટલી તપાસ’માં સહયોગ કરવા કહેવાય છે. પીડિતને કલાકો સુધી કેમેરા સામે બેસી રહેવા મજબૂર કરવામાં આવે છે. જેને ડિજિટલ અરેસ્ટ કહેવાય છે. આ ડરનો ફાયદો ઉઠાવીને તપાસના નામે લાખો રૂપિયા પડાવવામાં આવે છે.

### શું છે ડિવાઈઝ આઈડી?

જેમ દરેક ભારતીય પાસે ’આધાર કાર્ડ’ હોય છે, તેમ દરેક ઈલેક્ટ્રોનિક ગેજેટની પોતાની એક અલગ ઓળખ હોય છે જેને ડિવાઈઝ આઈડી કહેવાય છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.આઈએમઈઆઈ નંબર મોબાઈલ નેટવર્ક પર ફોનની ઓળખ માટે હોય છે.એમએસી એડ્રેસ-વાઈફાઈઅથવા નેટવર્ક કનેક્ટિવિટી માટે હોય છે. સીરીયલ નંબર એટલે કંપની દ્વારા આપવામાં આવેલો યુનિક નંબર અપાય છે. એડવર્ટાઈઝિંગ આઈડી એપ્સ અને જાહેરાતો માટે વપરાતો નંબર હોય છે.

# વોર્ડ નં.૩માં બેઠક રોટેશનમાં કોઇ ફેરફાર નહીં: ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કરના એંધાણ

## નરેન્દ્રસિંહ જાડેજા વોર્ડ બદલવાના મૂડમાં: ત્રણ-ત્રણ વિધાનસભામાં આવતા આ વોર્ડમાં ભાજપ ચારેય નવા ચહેરાને મેદાનમાં ઉતારશે તે નક્કી

### કોટક અને આહુજા પરિવારને ભાજપે પ્રાધાન્ય આપવું પડશે

વોર્ડ નં.૩માં પૂર્વ મેયર જનકભાઈ કોટક, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ કોટક અને ગોધુમલભાઈ આહુજા પરિવારે પક્ષ માટે કરેલી સેવાને ભાજપે ધ્યાનમાં રાખવી પડશે. ગત ચૂંટણીમાં કોટક - આહુજા પરિવારને કદ મુજબ માન-પાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ હવે સ્થિતિ થોડી અલગ છે. આ વખતે સ્થાપના કાળથી પક્ષની વિચારધારા સાથે જોડાયેલા આ બંને પરિવારનું વોર્ડ નં.૩માં બહુ મોટું નામ અને વર્ચસ્વ છે.


અલ્પાબેન દવે


કુસુમબેન ટેકવાણી


બાબુભાઈ ઉધરેજા


નરેન્દ્રસિંહ જાડેજા

**અબતક, રાજકોટ**

ત્રણ - ત્રણ વિધાનસભા બેઠકમાં આવતા શહેરના સૌથી મોટા વોર્ડ પૈકીના એક એવા વોર્ડ નં.૩માં આ વખતે બેઠકના અનામત રોટેશનમાં કોઇ જ ફેરફાર થયો નથી. ગત ચૂંટણીમાં ચાર બેઠકમાં જે રોટેશન હતું. આ વખતે પણ તે યથાવત રાખવામાં આવ્યું છે પરંતુ પાંચ વર્ષમાં સમીકરણો ઘણા ફરી ગયા છે. આ વોર્ડમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર થવાના એંધાણ દેખાય રહ્યા છે. પાંચ વર્ષમાં સંગઠન અને ચૂંટાયેલા કોર્પોરેટરો વચ્ચે ખાસ મેળ જેવું દેખાયું ન હતું. હવે ભાજપ આ વોર્ડમાં ચારેય નવા ચહેરાને તક આપે તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસ દ્વારા બે પૂર્વ કોર્પોરેટરો અતુલભાઈ રાજાણી અને ગાયત્રીબા વાઘેલાને વોર્ડ નં.૩માંથી મેદાનમાં ઉતારવાનું મન બનાવી લીધું છે. આ વોર્ડમાં આમ આદમી પાર્ટીનું ખાસ અસ્તિત્વ ન હોય કમળ અને પંજા વચ્ચે જ ફાઈટ રહેશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી કરાયા બાદ વોર્ડ નં.૩ના બેઠકોના રોટેશનમાં કોઈપણ ફેરફાર થયો નથી. વોર્ડની ચાર બેઠકો પૈકી ત્રણ બેઠક સામાન્ય છે. જ્યારે પુરૂષ ઉમેદવારની બે પૈકી એક બેઠક ઓબીસી અનામત છે. ૨૦૨૧ની ચૂંટણીમાં જે રોટેશન હતું તેમાં કોઈ ફેરફાર થયો નથી. આ વોર્ડની સૌથી મોટી ખાસીયતએ છે કે વોર્ડનો વિસ્તાર ત્રણ - ત્રણ વિધાનસભામાં આવે છે.

વાંકાનેર વિધાનસભા, રાજકોટ પૂર્વ વિધાનસભા અને રાજકોટ પશ્ચિમ વિધાનસભામાં વોર્ડ આવતો હોય ધારાસભ્ય જીતુભાઈ સોમાણીને બાજુમાં રાખી દેવામાં આવે તો આ વોર્ડમાં કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપના ચારેય ઉમેદવારો તોતીંગ લીડ સાથે જીતે તે માટે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ અને ડો.દર્શિતાબેન શાહે જવાબદારી ઉઠાવવી પડશે.

પાંચ વર્ષ દરમિયાન વોર્ડના સંકલનના હોદ્દેદારો અને ચૂંટાયેલા કોર્પોરેટરો વચ્ચે ખાસ મનમેળ રહ્યો નથી. કોર્પોરેટરોની નિષ્ક્રીયતામાં સંગઠને સારી જવાબદારી નિભાવી હતી. નરેન્દ્રસિંહ જાડેજા વોર્ડ બદલાવવાના મુડમાં છે. તેઓ વોર્ડ નં.૧માંથી ચૂંટણી લડવા ઈચ્છુક છે. ભાજપ ચારેય નવા ચહેરા ઉતારે તે નક્કી છે. સામાપક્ષે કોંગ્રેસે અતુલભાઈ રાજાણી અને ગાયત્રીબા વાઘેલાની ટિકિટ ફાઈનલ કરી લીધી છે. દિલીપભાઈ આસયાણી પણ લડે તેવું દેખાય રહ્યું છે. આવામાં આ વોર્ડમાં ફાઈટ થોડી આકરી રહે તેવું હાલ દેખાય રહ્યું છે.

ગત ચૂંટણીમાં ભાજપે અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, બાબુભાઈ ઉધરેજા અને નરેન્દ્રસિંહ જાડેજાને ટિકિટ આપી હતી. વોર્ડ રોટેશન ભલે યથાવત રહ્યા પણ સમીકરણો બદલ્યા છે. વોર્ડવાસીઓમાં વધતા ઓછા પ્રમાણમાં નારાજગી છે. આવામાં ભાજપ ચારેય નવા ચહેરાને ચૂંટણી જંગમાં ઉતારશે. હેમુભાઈ પરમાર, રાજુભાઈ દરિયાનાણી, મનોહરસિંહ ગોહિલ, કોમલબેન ખિરા ઉપરાંત કોટક પરિવારમાંથી કોઈ એકના નામ ચર્ચા થઈ રહી છે. આ વોર્ડમાં ક્ષત્રિય સમાજ, બ્રાહ્મણો, સિંધી સમાજ, લોહાણા સમાજની વસ્તી વધુ છે. આવામાં જ્ઞાતિ-જાતિના સમિકરણોને ધ્યાનમાં રાખી ટિકિટની ફાળવણી કરવામાં આવશે. ટૂંકમાં આ વોર્ડમાં કોંગ્રેસ પણ મજબૂત છે. આવામાં ભાજપે ટકોરા મારી ઉમેદવાર શોધવા પડશે.

### ત્રણ ધારાસભ્યોના શીરે વોર્ડમાં ચાર કમળ લાવવાની જવાબદારી

શહેરનો વોર્ડ નં.૩ એકમાત્ર એવો વોર્ડ છે. જેનો વિસ્તાર એક-બે નહીં પરંતુ ત્રણ-ત્રણ વિધાનસભામાં આવે છે. વોર્ડમાં બેઠકોના સિમાંકનમાં કોઈ ફેરફાર થયો નથી. એટલે પક્ષે બહુ લાંબી મથામણ કરવાની જરૂર નહીં પડે ફરી એકવાર વોર્ડમાંથી ચાર કમળો ખિલે તેવી જવાબદારી ભાજપના ત્રણ - ત્રણ ધારાસભ્યોના શીરે રહેશે. નાગેશ્વર સહિતનો વિસ્તાર વાંકાનેર વિધાનસભામાં આવે છે. જેમાંથી ભાજપના ઉમેદવારોને લીડ મળે તેની મહેનત જીતુભાઈ સોમાણીએ કરવાની રહેશે. જ્યારે વિધાનસભા પૂર્વ બેઠકમાં આવતા વોર્ડ નં.૩ના વિસ્તારોમાંથી લીડ કઢાવવાની જવાબદારી ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ અને વિધાનસભા પશ્ચિમમાંથી લીડ અપાવવાની જવાબદારી ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે નિભાવવાની રહેશે.

**કોંગ્રેસમાંથી અતુલ રાજાણી અને ગાયત્રીબા વાઘેલાના નામ ફાઈનલ: ભાજપમાં હેમુભાઈ પરમાર, રાજુભાઈ દરિયાનાણી, કોટક પરિવારમાંથી કોઈ એક સભ્ય અને ક્ષત્રિય સમાજમાંથી મહિલાને ટિકિટ આપવામાં આવે તેવું દેખાય રહ્યું છે**

---

**સ્વસ્થ મન, સ્વસ્થ જીવન**

# બદલાતી જીવનશૈલી સાથે માનસિક સ્વાસ્થ્ય રાખો "ટનાટન"

## માનસિક સ્વાસ્થ્ય એટલે માત્ર બીમારીનો અભાવ નહીં, પણ મનની પ્રસન્નતા પણ હોવી જોઈએ : પ્રો. યોગેશ જોગસણ

### લોકો શા માટે એકલા રહેવાનું પસંદ કરે છે? : પ્રો. ધારા દોશી

મનોવિજ્ઞાનની અંદર બે પ્રકારના વ્યક્તિ હોય છે. એક છે 'ઈન્ટ્રોવર્ટ' (અંતરમુખી) અને બીજા હોઈ છે extrovert 'એક્સટ્રોવર્ટ' (બહિર્મુખી). introvert વ્યક્તિ એ એકલા રહેવાનું પસંદ કરે છે એને બીજા કોઈનો સાથ ગમતો નથી એટલે એકલા રહેવાનું પસંદ કરે છે. પરંતુ જે extrovert 'એક્સટ્રોવર્ટ' (બહિર્મુખી) વ્યક્તિ છે જેને સમાજમા આદાન-પ્રદાન ગમતું હતું , મિત્રો ગમતા હતા, પરિવાર ગમતો હતો એ જો અચાનક આ વ્યક્તિ introvert થઈ જાય છે. ત્યારે શરૂઆત થાય છે. તેની પાછળ કોઈને કોઈ કારણ રહેલું હોય છે તેને જેથી તેને એકલા રહેવાનું પસંદ આવે છે અને એમાં તેનો કુટુંબ, મિત્રો, નોકરીના લોકો સાથેનું વાતાવરણ , આ બધી જ પરિસ્થિતિઓ ભેગી થઈને તેને તણાવ આપે છે જેથી તે એકલા રહેવાનું પસંદ કરે છે.



### સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ બાળકો માટે જોખમી: પ્રો.યોગેશ જોગસણ

અબતક સાથેની વાતચીતમાં પ્રો. યોગેશ જોગશણ જણાવ્યું કે પરિવારનો માહોલ એવો હોય છે જેથી આવી સ્થિતિ ઊભી થાય છે. અત્યારે ડિજિટલ જમાનામાં બધા મોબાઈલ નો ઉપયોગ કરે છે તેની સારા અને ખરાબ બંને અસર બાળકો પર પડે છે. તો બાળકોને ક્યારે , કેટલો સમય અને બાળક મોબાઈલમાં શું જોવે છે એ દરેક માતા પિતાએ જોવું જોઈએ . તેના પર લગામ રાખવી ખૂબ જ જરૂરી છે. નહીં તો બાળકના આવા ભવિષ્ય માટે ખુદ મા - બાપ જવાબદાર થશે. એટલે આ બાબતને ગંભીર રીતે લેવી જોઈએ.

### અત્યારના વિદ્યાર્થીઓને "ભણતરનો ભાર" ખરેખર હોય છે? : પ્રો. યોગેશ જોગસણ

વિદ્યાર્થીઓને ભણતરનો ભાર બિલકુલ હોતો નથી. વિદ્યાર્થીઓને બે પ્રકારનું ભાર હોય છે : ૧) માતા પિતા ની અપેક્ષાઓનો ભાર ૨) પોતે બીજાથી પાછળ રહી જવાનો ભાર . અબતક સાથેની વાતચીતમાં પ્રો. યોગેશ જોગશણ જણાવ્યું કે માતા પિતા માટે માર્કશીટ વધારે જરૂરી છે કે પોતાનું બાળક. માતા પિતા ની વધી રહેલી અપેક્ષાઓ છે બાળકોને વધારે ભારે લાગતી હોય છે. બાકી જીવનનો ભાર ઉતારે એને જ ભણતર કહેવાય. ભાર અપાવે એને ભણતર ન કહેવાય. આ માનસિકતા બદલવી જરૂરી છે.

**રિપોર્ટર: અંજલી સોરઠિયા**
**કેમેરામેન: હર્ષ ઝિંઝુવાડિયા**
**ધ્રુવ જેઠવા**
**અબતક , રાજકોટ**

મનોવિજ્ઞાન એ ગાંડાઓનું વિજ્ઞાન નથી પરંતુ મનોવિજ્ઞાન એ મનનું વિજ્ઞાન છે.મનોવિજ્ઞાનને લઈને પણ સમાજમાં એક ખોટી માન્યતા આવી ગઈ છે કે માનસિક સ્થિતિની વાત કરશો તો લોકો તેમને પાગલ સમજશે. આપણે સમાજને નથી બદલી શકતા એટલા માટે જ આપણે આપણી વિચાર શકિત બદલવી પડશે. માનસિક સ્વાસ્થ્ય એ આજના સમયમાં શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્વનું છે.

રોજ ૭ થી ૮ કલાકની ગાઢ ઊંઘ લેવી જરૂરી છે. ઊંઘ પૂરી થવાથી મગજ શાંત રહે છે અને ચિડચિડાપણું ઓછું થાય છે. દિવસમાં માત્ર ૧૦-૧૫ મિનિટ ધ્યાન ધરવાથી માનસિક શાંતિ મળે છે અને એકાગ્રતા વધે છે. સતત ફોન અને સોશિયલ મીડિયામાં રહેવાથી માનસિક થાક લાગે છે. થોડો સમય 'ડિજિટલ ડિટોક્સ' જરૂર કરો. તમને ગમતી હોબી જેમ કે વાંચન, સંગીત

(અનું.આઠમાં પાને)

**બહિર્મુખી (extrovert)વ્યક્તિનું અચાનક આંતરમુખી થવામાં સમાજનો ઘણો મોટો ફાળો હોય છે : પ્રો. ધારા દોશી**

---

# બાર કાઉન્સિલની ચૂંટણીમાં સૌરાષ્ટ્રનો દબદબો જળવાશે કે તૂટશે!

**૧૩ દિવસથી ચાલી રહેલી મત ગણતરીમાં છ ઉમેદવારોને વિજેતા કર્યા જાહેર**

**બાકી રહેતી ૧૮ બેઠકો પર ભાવનગર સુરેન્દ્રનગર કચ્છ અને ભાવનગરના ઉમેદવારો હરીફાઈમાં**

**એક થી ૧૮ નંબરનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ મહિલા ઉમેદવારોની સત્તાવાર ચૂંટાયેલા જાહેર કરાશે**

**અબતક,રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની યોજાયેલી ચૂંટણીના મત ગણતરી છેલ્લા ૧૩ દિવસથી ચાલી રહી છે જેમાં વિધિવત રીતે બાર કાઉન્સિલના તત્કાલીન ચેરમેન જે પટેલરાજકોટના દિલીપ પટેલ જામનગરના મનોજ અનડકટ છ ઉમેદવારોને વિધિવત રીતે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે જ્યારે બાકી રહેતી બાર બેઠકો પર ઉમેદવારો વચ્ચે ભારે હરીફાઈ જામી છે દર વખતની જેમ ચાલુ વર્ષે પણ સૌરાષ્ટ્રનો દબદબો જળવાઈ





રહેશે કે તૂટશે જેમાં ભાવનગરના અનિરુદ્ધસિંહ ઝાલા સુરેન્દ્રનગરના દીપેન દવે જીતની નજીક છે.ગુજરાત બાર કાઉન્સિલની તારીખ ૬ માર્ચના રોજ યોજાયેલી પ્રતિષ્ઠા ભરી ચૂંટણીમાં પુરુષોમાં ૧૮ બેઠકો પર ૭૯ ઉમેદવારો અને અને પાંચ મહિલા અનામત બેઠકમાં ૨૦ મહિલા વકીલોએ પોતાનું ભાગ્ય અજમાવ્યું છે જેમાં મતગણતરીમા એ એ અન્સારી, જે જે પટેલ અને રાજકોટના દિલીપભાઈ પટેલ, જામનગરના મનોજભાઈ અનડકટ ,અમદાવાદના કરણસિંહ વાઘેલા અને વાઘેલા પરેશભાઈ મતગણતરીમાં ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.જ્યારે બાકીના પી ડી પટેલ ૧૯૭૦ દીપેન દવે ૨૦૦૮ બીજી રબારી ૧૯૪૮, અનિલ કૈલા ૨૦૬૩, જેવી પટેલ ૧૯૭૮ કે આર ત્રિવેદી ૧૭૫૮ અનિરુદ્ધસિંહ ઝાલા ૧૬૬૮ એસએસ ગોહિલ ૧૬૧૮,ઝેડ એમ શેખ ૧૮૫૪ ભરત ભગત ૧૬૮૭ એચ જે પટેલ ૧૬૦૩ અને ધોતરે એન એમ ૧૫૩૯ મતો સાથે રેસમાં જોવા મળે છે. ઉમેદવારો પોતાનો મતની વેલ્યુ પાર કર્યા બાદ વિજેતા જાહેર કરવામાં આવશે હજુ ગણતરી દરમિયાન આગળ પાછળ થતા રહ્યા છે. પાંચ મહિલાઓને ૩૦ ટકા અનામતની જગ્યા પર મહિલા ઉમેદવારો મળી કુલ ૨૩ નો આંકડો પૂરો કરવામાં આવશે અને આ ૨૩ ઉમેદવારો સત્તાવાર રીતે ચૂંટાયેલા જાહેર થયા બાદ ગુજરાત બહાર

(અનું.આઠમાં પાને)

---

# ઈજનેરી- ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષામાં ગત વર્ષ કરતા ૬ હજાર વિદ્યાર્થીઓ વધ્યા

## ૩૪ ઝોનમાં ૬૬૮ સ્કૂલોના ૬૮૫૭ બ્લોકમાં ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા આયોજન

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૯ માર્ચના રોજ ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટ લેવાશે. આ વર્ષે લેવાનારી ગુજકેટ માટે સમગ્ર રાજ્યના ૧.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬ હજાર કરતા વધુનો વધારો થયો છે. ઈજનેરી વિદ્યાશાખામાં દરવર્ષે મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતી હોવા છતાં આ વર્ષે ગુજકેટમાં ગ્રૂપ-એનાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૯ હજાર કરતા વધુનો વધારો જોવા મળ્યો છે. જ્યારે ગ્રૂપ-બીમાં ૩ હજાર વિદ્યાર્થીઓનો ઘટાડો થયો છે. શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે અનુસાર, રાજ્યના ૩૪ ઝોનમાં ૬૬૮ બિલ્ડિંગોના ૬૮૫૭ બ્લોકમા સીસીટીવી દેખરેખ હેઠળ પરીક્ષા લેવામાં આવશે. વિદ્યાર્થીઓના ભવિષ્યને નિર્ધારિત કરતી આ પ્રવેશ પરીક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ પરીક્ષા માટે રાજ્યભરમાથી ૧૩૫૮૭૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગતવર્ષે ગુજકેટ માટે ૧૨૯૭૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ગતવર્ષની સરખામણીમાં આ વર્ષે ગુજકેટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬૧૬૯નો વધારો થયો છે. કલેક્ટરની અધ્યક્ષતામાં રચાયેલી જિલ્લા પરીક્ષા સમિતિઓ અને સીસીટીવી કેમેરાની સતત દેખરેખ હેઠળ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે બોર્ડ દ્વારા ૨૪ કલાક કાર્યરત સ્ટેટ કન્ટ્રોલરૂમ અને માનસિક હાઉ દૂર કરવા કાઉન્સિલિંગ કેન્દ્રોની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વર્ષે ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાનારી આ પરીક્ષામાં ગ્રૂપ-એના ૫૮૪૦૯, ગ્રૂપ-બીના ૭૭૦૭૪ અને ગ્રૂપ-એબીના૩૯૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષે એ ગ્રૂપમાં ૪૯૧૭૫ અને બી ગ્રૂપમાં ૮૦૧૫૧ વિદ્યાર્થી નોંધાયા હતા. આમ, ચાલુ વર્ષે ગ્રૂપ-એમાં ૯૨૩૧ વિદ્યાર્થીઓનો વધારો થયો છે. જ્યારે ગ્રૂપ-બીમાં ૩૦૭૭ વિદ્યાર્થીઓ ઘટ્યા છે.




# ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી આઈપીએલ-૨૦૨૬નું ટાઈટલ જીતી ઈતિહાસ રચશે?

## વિરાટ કોહલો–ફિલ સોલ્ટ ઓપનિંગ કરશેઃ પડીકલ, અય્યર અને ડેવિડ મિડલ ઓર્ડરને સ્ટ્રોંગ બનાવશેઃ જોશ હેઝલવુડ અને કૃણાલ પંડ્યા એક્સ ફેક્ટર સાબિત થશે?



**અબતક, રાજકોટ**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આરસીબી આઈપીએલ ૨૦૨૬ માં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે. ૨૦૨૫ માં પોતાનું પહેલું ટાઈટલ જીત્યા બાદ ટીમે પોતાનો મુખ્ય ભાગ જાળવી રાખ્યો છે અને હવે એક મજબૂત,સંતુલિત ટીમ ઉતારવાની તૈયારી કરી રહી છે.આ વખતે બેટિંગ અને બોલિંગ બંનેને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે,જે આરસીબી માટે લાંબા સમયથી ચાલતી નબળાઈ હતી.આ સિઝનમાં આરસીબી પાસે પણ કંઈક નોંધપાત્ર હાંસલ કરવાની તક છે.જો તેઓ સારું પ્રદર્શન કરે છે.તો તેઓ મુંબઈ ઈન્ડિયન્સ અને સીએસકેના ચુનંદા ક્લબમાં જોડાઈ શકે છે.

### આરસીબીની પ્લેઈંગ ઈલેવનની તાકાત શું છે?

વિરાટ કોહલી અને ફિલ સોલ્ટની મજબૂત ઓપનિંગ જોડી ટીમની સૌથી મોટી તાકાત છે. ડેથ બોલિંગમાં જોશ હેઝલવુડની ચોકસાઈ અને ભુવનેશ્વરના યોર્કર પણ અન્ય ટીમો માટે એક મોટો પડકાર બની શકે છે. બીજી બાજુ, વેંકટેશ ઐયર અને કૃણાલ પંડ્યા જેવા ઓલરાઉન્ડર ટીમમાં લવચીકતા લાવે છે. વધુમાં, ચેમ્પિયન કોરની માનસિક શક્તિ અને જીતનો અનુભવ અન્ય ખેલાડીઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે.

ટીમનો સૌથી અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી ૧૯મી સિઝનમાં ટીમ માટે રમશે.રજત પાટીદારની કેપ્ટનશીપ હેઠળ,ટીમ ફરી એકવાર ઈતિહાસ રચવા માંગશે.ફિલ સોલ્ટ,ટિમ ડેવિડ,દેવદત્ત પડિકલ,જીતેશ શર્મા,જોશ હેઝલવુડ અને કૃણાલ પંડ્યા જેવા ખેલાડીઓ ફરી એકવાર આરસીબીની જર્સીમાં જોવા મળશે.હરાજીમાં,ટીમે ભારતીય પિચો પર વધુ સારું પ્રદર્શન કરવા માટે તેની બોલિંગ,ખાસ કરીને તેના સીમ આક્રમણને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ગયા સિઝનની સફળતાએ ટીમમાં આત્મવિશ્વાસ અને રસાયણશાસ્ત્રનો સંચાર કર્યો છે. આરસીબીનો સૌથી

(અનુ. આઠમા પાને)

## આઈપીએલના પહેલા પ્રેક્ટિસ મેચમાં રઘુવંશીએ ૫૫ બોલમાં ૧૦૩ રન ફટકાર્યા



આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત અગાઉ, કોલકાતા નાઈટ રાઈડર્સ પ્રેક્ટિસ મેચ દરમિયાન જબરદસ્ત એક્શન જોવા મળ્યું, જ્યાં 'પર્પલ નાઈટ્સ'એ 'ગોલ્ડન નાઈટ્સ'ને રોમાંચક મેચમાં હરાવી. આ જીતનો હીરો અંગક્રિશ રઘુવંશી રહ્યો. તેણે માત્ર ૫૫ બોલમાં શાનદાર સદી ફટકારીને મેચનું પાસું સંપૂર્ણપણે પલટી નાખ્યું. તેની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગાનો સમાવેશ થાય છે.

૨૦૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પર્પલ નાઈટ્સની શરૂઆત ખરાબ રહી. અજિંક્ય રહાણે બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયો. જોકે, પછી ક્રીઝ પર આવેલા અંગક્રિશ રઘુવંશીએ મેચ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું.

આક્રમક રીતે બેટિંગ કરતા રઘુવંશીએ ૫૫ બોલમાં અણનમ ૧૦૩ રન બનાવ્યા, જેમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગાનો સમાવેશ થતો હતો. તેને ફિન એલન ૨૩ રન અને અનુકુલ રોય અણનમ ૨૮ રનનો ઉત્તમ સહયોગ મળ્યો. પર્પલ નાઈટ્સે લક્ષ્યનો પીછો કરતા ૧૯.૨ ઓવરમાં ૪ વિકેટે ૨૦૩ રન બનાવીને જીત હાંસલ કરી લીધી અને પ્રેક્ટિસ મેચને હાઈ-સ્કોરિંગ થ્રીલર બની ગઈ. આ મેચ આગામી આઈપીએલ પહેલા ટીમની તૈયારી અને ફોર્મનો મોટો સંકેત આપે છે.

## ઈજા બાદ શ્રેયસ અય્યરનું કમબેક, પંજાબને વિજય અપાવવા ફરી સજ્જ



પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરએ આઈપીએલ ૨૦૨૬ પહેલાં પોતાના કરિયરના એક મુશ્કેલ તબક્કા વિશે ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે ઑસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન થયેલી ગંભીર ઈજાને કારણે તેઓએ આશરે ૭ કિલો વજન ગુમાવ્યું હતું.

આ ઘટના ઑક્ટોબર ૨૦૨૫માં ભારત વિ. ઑસ્ટ્રેલિયા વચ્ચેની સિરીઝ દરમિયાન બની હતી. શ્રેયસ અય્યર એક કેચ લેવાના પ્રયાસમાં ડાઈવ લગાવી હતી, જેના કારણે તેમને સ્પ્લીન (આંતરડાની નજીકના અંગ)માં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજા એટલી ગંભીર હતી કે તેમને સિડનીની હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ઓપરેશન પણ કરાવવું પડ્યું હતું. આ સમયગાળા દરમિયાન તેઓ લગભગ બે મહિના મેદાનથી દૂર રહ્યા હતા.

મોહાલીમાં પંજાબ કિંગ્સના જર્સી અનવેલિંગ ઈવેન્ટ અને પ્રી-સીઝન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શ્રેયસ અય્યરે આ અનુભવ વિશે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, ઈજા પછી પરત આવવું હંમેશા પડકારજનક હોય છે. આ ઈજા ખૂબ જ ગંભીર હતી, જેના કારણે મેં આશરે ૭ કિલો વજન ગુમાવ્યું હતું. ભાગ્યથી, બે મહિના પછી હું ફરીથી સારી સ્થિતિમાં આવી ગયો. પરંતુ તે ૭ કિલો

(અનુ. આઠમા પાને)

## ત્રીજી ટી-૨૦માં સાઉથ આફ્રિકાને હરાવી કિવિ ફરીથી સરસાઈ પર

### સાઉથ આફ્રિકા ૧૩૬ રન કરી શક્યું, ન્યૂઝીલેન્ડનો આઠ વિકેટે વિજય, સિરીઝમાં ૨–૧થી આગળ



ટોમ લાથમે અણનમ ૬૩ રન ફટકારવા ઉપરાંત ડેવોન કોનવે સાથે પહેલી વિકેટ માટે ૯૬ રન ઉમેરતા ન્યૂઝીલેન્ડે શુક્રવારે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી સાઉથ આફ્રિકાને આઠ વિકેટે હરાવીને પાંચ મેચની વર્તમાન સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી હતી અને ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૧૩૬ રન કર્યા હતા જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૨૨ બોલ બાકી રાખીને બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. સાઉથ આફ્રિકન ઈનિંગ્સમાં લોકી ફર્ગ્યુસને ચાર ઓવરમાં માત્ર નવ રન આપીને એક વિકેટ લીધી હતી. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.સિરીઝમાં અત્યાર સુધી બેટિંગ કરવી પડકારજનક રહી છે અને મેચો લો-સ્કોરિંગ જોવા મળી છે. પ્રથમ મેચમાં સાઉથ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડના ૯૧ રનના લક્ષ્યાંકનો પીછો કરીને સાત વિકેટે જીત મેળવી હતી, જયારે બીજી મેચમાં ન્યૂઝીલેન્ડે હરીફ ટીમને ૧૦૭ રનમાં આઉટ કરી ૬૮ રનથી વિજય મેળવ્યો હતો.મેચમાં સાઉથ આફ્રિકાએ આ સિરીઝમાં પ્રથમ વખત પૂરી ૨૦ ઓવર બેટિંગ કરી હતી. જેમાં નકોબાની મોકોએનાએ તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં ૨૦ બોલમાં ત્રણ સિક્સર સાથે અણનમ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું.લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની જોડી ટોમ લાથમ અને કોનવેએ શાંત શરૂઆત કરી હતી. પ્રથમ બે ઓવરમાં માત્ર પાંચ રન અને ત્રણ ઓવરના અંતે ૧૨ રન કર્યા હતા. જોકે, ત્યારબાદ તેમણે આક્રમક વલણ અપનાવ્યું હતું. ચોથી ઓવરમાં ૧૪ રન અને પાંચમી ઓવરમાં ૨૧ રન ફટકાર્યા હતા. કોનવે ૧૧મી ઓવરમાં કેશવ મહારાજની બોલિંગમાં રૂબિન હર્મન દ્વારા કેચ આઉટ થયો હતો. ત્યારબાદ ટીમ રોબિન્સન ૧૭મી ઓવરમાં આઉટ થયો ત્યારે સ્કોર બરાબર થઈ ગયો હતો. નિક કેલીએ મેદાનમાં આવીને પછીના જ બોલે સિંગલ રન લઈને ટીમને જીત અપાવી હતી.પાંચ મેચની વર્તમાન ટી૨૦ સિરીઝની ચોથી મેચ કાલે વેલિંગ્ટનમાં રમાશે.






# ૧૫૦૦ કરોડના સાઈબર ફ્રોડમાં હિરેન લીંબાસિયાના જામીન રદ

## ૩૬ કલાક બાદ કોર્ટમાં રજુ કરાયાના વાંધા સામે આરોપીની પૂછપરછના સમયગાળાને ધરપકડ ગણી શકાય નહીં સરકાર પક્ષની દલીલ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસના સાયબર સેલ દ્વારા ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત સમન્વય પોર્ટલને મળેલી ફરિયાદને આધારે સાઈબર ફ્રોડથી લોકોના કરોડો રૂપિયા વિથડ્રો કરી ૧૫૦૦ કરોડના સાઈબર ફ્રોડના કૌભાંડમાં સંડોવાયેલા ૧૫ શખ્સો પૈકી જેલ હવાલે રહેલા હિરેન લીંબાસીયાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટ ગ્રામ્ય પોલીસના સાયબર સેલ દ્વારા ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત સમન્વય પોર્ટલ તથા સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પરથી મળેલ ડેટાના આધારે ભારતભરમાં થયેલ ૪૦૦ કરોડથી વધારેના ટ્રાન્ઝેક્શન મામલે પડધરી પોલીસે ગુનો નોંધી આ મામલે રાજકોટ - ગોંડલ અને પડધરીના સહિતના દસ મ્યુલ એકાઉન્ટ ધારકો સામે રૂપિયાની હેરાફેરી કરવા બેંક એકાઉન્ટ ભાડે આપી ગુનો આચર્યો હોવાની ગોંડલના બે વેપારી સહીત ૧૫ સામે ફરિયાદ નોંધી હતી. પોલીસે આ પ્રકરણમાં હિરેન અશ્વિનભાઈ લીંબાસીયા સહિત વધુ ત્રણ શખ્સોની ધરપકડ કરી તપાસમાં આ ટોળકીએ ૧૫૦૦ કરોડ રૂપિયાની હેરાફેરી કરી હોવાનું ખુલ્યું હતું. તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરાયા બાદ હિરેન લીંબાસીયાએ જામીન અરજી કરી હતી.તેમાં તેના વકીલે કાયદાની જોગવાઈ મુજબ આરોપીની ધરપકડના ૨૪ કલાકમાં કોર્ટ સમક્ષ રજુ કરવાના બદલે આરોપીને ૩૬ કલાકે રજુ કરેલ હોવાથી તેની ધરપકડ ગેરકાનુની છે, અને આરોપીને જામીન મુકત કરવા જોઈએ તેવી રજૂઆત કરી હતી. જે સામે સરકાર વતી જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીની અટક અને ધરપકડ બંને અલગ બાબતો છે. ૨૪ કલાકમાં કોર્ટમાં રજુ કરવાની જોગવાઈ ધરપકડના સમયથી શરૂ થાય છે. કોઈ વ્યકિતને પોલીસ સ્ટેશનમાં પુછપરછ માટે લઈ જવામાં આવે તે ખરેખર આરોપી છે કે કેમ તેની ખરાઈ કરવામાં આવે તે સમયગાળાને ધરપકડ કહી શકાય નહી. પુછપરછ દરમ્યાન તેઓ ગુન્હામાં સામેલ હોવાનું જણાય ત્યારે તેની ધરપકડ કરવામાં આવે છે. હાલના કેસમાં આરોપી હિરેનની ધરપકડના ૨૪ કલાક સમયે આરોપીએ મેજિસ્ટ્રેટ રૂબરૂ ગેરકાનુની ધરપકડનો કોઈ બચાવ લીધેલ નથી, સરકાર તરફેની આ રજુઆતો અને કેસના ગુણદોષો તથા સાઈબર ફ્રોડની માતબર રકમ અંગેની રજુઆતોના અંતે અધિક સેશન્સ જજ ટી. એસ. બ્રહમભટ્ટે આરોપી હિરેન અશ્વિન લીંબાસીયાની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે. આ કેસમાં સરકાર વતી જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને એ.પી.પી. અતુલભાઈ જોષી રોકાયા હતા.

# પત્ની, પુત્રીને ૧૫ હજાર ભરણપોષણ ચૂકવવા આર્મીમેનને હુકમ

## આઠ વર્ષના લગ્નજીવનમાં પુત્રીના જન્મ બાદ ત્રાસ આપી તરછોડી દેતા પત્નીએ જીવન નિર્વાહ માટે દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

આઠ વર્ષના લગ્નજીવનમાં પુત્રીના જન્મ બાદ દુઃખ ત્રાસ આપી પત્નીને તરછોડી દેવા અંગેની ફરિયાદમાં ફેમિલી કોર્ટ દ્વારા પત્ની અને પુત્રીનું રૂપિયા ૧૫૦૦૦ ભરણ પોષણ ચૂકવવા આર્મીમેન પતિને હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ હાલ રાજકોટ રહેતા અરજદાર પુજાબેન સુરેન્દ્રકુમાર પ્રસાદે પોતાના આર્મીમેન પતિ સુરેન્દ્રકુમાર જયશંકર પ્રસાદ એટલે કે સામાવાળા (રહે. મુ. દેવકુલી, પોસ્ટઃ મુસેપુર તા.બીહટા, જી. પટણા (બિહાર) વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં ૨૦૨૪માં અરજી દાખલ કરી હતી. તેમાં જણાવ્યા મુજબ અરજદારના લગ્ન સામાવાળા સુરેન્દ્ર પ્રસાદ સાથે તા. ૨૯/ ૦૪/ ૨૦૧૬ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધિ અને જ્ઞાતીના રીતરીવાજ અનુસાર થયેલ હતા. તેમજ લગ્નજીવન દરમિયાન પુત્રીનો જન્મ થયો હતો. ત્યારબાદ સામાવાળા પતિ દ્વારા અરજદારને માનસીક શારીરીક ત્રાસ આપવા લાગેલા તેથી અરજદારને તથા સગીર સંતાનોને પીયરે કાઢી મુકેલ હતા. સામાવાળા આજદીન સુધી અરજદારને તેડવા માટે આવેલ ન હોય અને સામાવાળા દ્વારા અરજદારની તથા સગીર સંતાન પુત્રી પ્રિયાંશીકુમારીની ભરણપોષણ કે બીમારીની કે અભ્યાસની કોઈ જવાબદારી નીભાવી ન હોઈ, તેમજ પતિ દ્વારા કોઈ દરકાર કે કાળજી ન લેવાતા અરજદાર પરિણીતાએ અદાલતમાં ભરણપોષણ અંગેની દાદ માંગતી અરજી દાખલ કરી હતી. જેમાં સામાવાળાને કોર્ટેમાંથી નોટીસ મોકલાવ્યા બાદ કોર્ટમાં હાજર થઈ જવાબ વાંધા રજુ રાખેલ હતા. આ કેસમાં અરજદારના એડવોકેટ પરેશ બી. મૃગની લંબાણપુર્વકની ભરણપોષણની દલીલો કરેલ અને આર્મીમાં નોકરી કરતા પતિ ભરણપોષણ ચુકવવા જવાબદાર બનતો હોવાથી ફેમિલી કોર્ટમાં રજુઆત કરી હતી, પરિણીતાના વકીલની તમામ દલીલોથી સહમત થઈ ફેમિલી કોર્ટે અરજદારની અરજી મંજુર કરી ભરણપોષણના હુકમમાં અરજદારને માસીક રૂા.૮૦૦૦/- અને પુત્રીને માસીક રૂા.૭૦૦૦/- કુલ રૂપીયા ૧૫,૦૦૦/- સામાવાળાએ અરજી દાખલ કર્યા તારીખથી નિયમિત ચુકવી આપવા આખરી હુકમ કર્યો છે. આ કેસમાં અરજદાર વતી રાજકોટ ફેમિલી કોર્ટના લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ બી મૃગ રોકાયા હતા.

# પડધરીની મહિલા પાસે વ્યાજખોરે ૨૫ હજારના ૮૦ હજાર માંગી ખૂનની ધમકી આપી

**અબતક, રાજકોટ**

પડધરીનો વ્યાજખોર નાથા રણછોડ કણજારીયાએ મહિલાના દાગીના પડાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પડધરી પોલીસ મથકમાં મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધાયો છે. વ્યાજખોરે રૂ.૨૫ હજારના ૧૨ ટકા લેખે ૮૦ હજાર આપવાં પડશે કહીં વ્યાજખોર સોના-ચાંદીના દાગીના ઓળવી ગયો હતો.

## માસિક ૧૨% વ્યાજ સાથે પૈસા આપીશ તો જ ઘરેણાં પરત આપીશ કહી ધમકાવ્યા : મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

બનાવ અંગે પડધરીના આંબેડકરનગરમાં રહેતા જોશનાબેન ભાવેશભાઈ નકુમ (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નાથા રણછોડ કણજારીયા (રહે.સતવારા શેરી પડધરી) નું નામ આપતા પડધરી પોલીસે મનીલેન્ડ એકટ સહિતની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓને અંગત જરૂરિયાત માટે રૂપિયાની જરૂરિયાત ઊભી થતા તેને વ્યાજખોર નાથા કણજારીયાનો સંપર્ક કર્યો હતો. તેણીએ આરોપીને રૂ.૨૫ હજારની જરૂરિયાત હોવાનું કહેતા આરોપીએ રૂપિયાના બદલે દાગીના ગીરવે મૂકવા પડશે તેવું જણાવતા ફરિયાદીએ પોતાના સોના ચાંદીના દાગીના ગીરવે મૂકી રૂ.૨૫ હજાર વ્યાજે લીધા હતા.

જે બાદ ફરિયાદી રૂ.૨૫ હજાર પરત આપવા માટે આરોપી પાસે જતા તેને રૂ.૨૫ હજારના મહિને ૧૨ ટકા જેટલું વ્યાજ ગણી રૂ.૮૦ હજાર આપવા પડશે, જો તું પૈસા નહીં આપે તો સોના ચાંદીના દાગીના પરત નહિ આપું અને હવે જ્યારે પણ ઘરેણા લેવા પરત આવે ત્યારે વ્યાજ સહિતના રૂપિયા લઈને આવજે નહિતર જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી. જે ફરીયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી વ્યાજખોર શખ્સની શોધખોળ આદરી છે.

# પત્ની, પુખ્ત પુત્રીને ૮ હજાર ખાધા ખોરાકી ચૂકવવા હુકમ

## લગ્ન જીવન દરમિયાન બે સંતાનના જન્મ બાદ ઘરેલુ હિંસાની ફરિયાદની સાથે ભરણપોષણની માંગ કરી હતી

**અબતક, રાજકોટ**

આજથી ૪૩ વર્ષ પહેલા લગ્ન થયાના કિસ્સામાં બે સંતાનના જન્મ બાદ ઘરેલુ હિંસા બાબતે પરિણીતાએ પતિ સાસરીયા સામે ફરિયાદ, ભરણ પોષણની અરજીમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અદાલત દ્વારા પરિણીતા અને પુખ્ત વયની પુત્રીનું રૂ. ૮ હજાર ભરણ પોષણ ચૂકવવા પતિને હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ, અરજદાર રૂપાબેન રાજેશભાઈ વાઘેલાએ સામાવાળા તેમના પતિ રાજેશભાઈ ભાનુભાઈ વાઘેલા, સસરા અને સાસુ વિરૂધ્ધ ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ-૧૨ મુજબ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલું હિંસા હેઠળ ભરણપોષણની અરજી દાખલ કરી હતી. અરજીમાં જણાવ્યા મુજબ અરજદારના લગ્ન રાજેશ વાઘેલા સાથે તા. ૧૦/ ૫/ ૧૯૯૨ના રોજ તેમની જ્ઞાતિના રીત રીવાજ હિન્દુ શાસ્ત્રોકત વિધિથી થયા હતા. લગ્ન જીવનમાં બે સંતાનો (૧) પુત્ર હર્ષિત ( હાલ ઉ.વ.આ. ૨૫) તથા (૨) પુત્રી-ઉર્વશી (હાલ ઉ.વ.આ. ૨૩)નો જન્મ થયેલ હતો. દરમિયાન પતિ, સાસરિયા અરજદારને શારીરીક, માનસીક, દુઃખ, ત્રાસ આપતા હોવાની ડોમેસ્ટિક વાયોલન્સની ફરિયાદ અને ભરણપોષણની અરજી કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતાં એડવોકેટ હંસાબેન એમ. ચાવડાની દલીલો અને હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટની ઓથોરિટીઓને ધ્યાને લઈ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મનેષકુમાર મોહનલાલ શુકલએ સામાવાળા પતિ રાજેશ ભાનુભાઈ વાઘેલાએ અરજદાર રૂપાબેનને ભરણ પોષણ પેટે નાણાકીય સહાય રૂા. ૫ હજાર, પુત્રી-ઉર્વશીને રૂા. ૩ હજાર મળી કુલ રૂા.૮ હજાર દર માસે અરજી દાખલ કર્યા ત્યારથી ચુકવી આપવાનો હુકમ ફરમાવ્યો છે.

# આરટીઈમાં શાળાઓની મનમાનીનો અંત વાલીઓ હવે 'પાળી' પસંદ કરી શકશે

## આરટીઈ પોર્ટલમાં પ્રવેશ ફોર્મમાં જ ટેકનિકલ ફેરફાર કરી 'પાળી પદ્ધતિ'નો નવો વિકલ્પ ઉમેરાશે

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવતા વંચિત જૂથના બાળકો સાથે થતા અન્યાયને રોકવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા એક મહત્વનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અનેક ખાનગી શાળાઓ આરટીઈ હેઠળના બાળકોને પરાણે માત્ર બપોરની પાળીમાં જ પ્રવેશ આપતી હતી, જ્યારે સવારની પાળી માત્ર ફી ભરતા ધનિક વિદ્યાર્થીઓ માટે અનામત રાખતી હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી હતી. આ ભેદભાવ દૂર કરવા માટે શિક્ષણ વિભાગે હવે આરટીઈ ઓનલાઈન પોર્ટલમાં મહત્ત્વનો ટેકનિકલ સુધારો કર્યો છે.આરટીઈ એક્ટ અંતર્ગત ખાનગી શાળાઓમાં ધોરણ-૧ની કુલ બેઠકોના ૨૫% બેઠકો પર ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને મફત શિક્ષણ આપવામાં આવે છે. જોકે, બે પાળીમાં ચાલતી શાળાઓમાં એક જ વર્ગના વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો હોવાની ફરિયાદ ઊઠી હતી. શાળા સંચાલક. આરટીઈના બાળકોને બપોરની પાળીમાં જ બેસાડતા હતા, જેથી વાલીઓને પરિવહન અને અન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ અંગે 'મુખ્યમંત્રી જનસંવાદ પોર્ટલ' પર અનેક ફરિયાદો મળી હતી. જેના પગલે શિક્ષણ વિભાગે નિયમમાં સુધારો કર્યો છે. શિક્ષણ વિભાગે કરેલા નવા ફેરફાર મુજબ, હવે આરટીઈ પોર્ટલ પર માત્ર સ્કૂલની કુલ બેઠકો જ નહીં, પણ પાળી મુજબની વિગતો પણ દર્શાવવામાં આવશે. હવે વાલીઓ ફોર્મ ભરતી વખતે જ પોતાની પસંદગીની પાળી પસંદ કરી શકશે. પોર્ટલમાં 'સવાર' અથવા 'બપોર' પાળીનો સ્પષ્ટ વિકલ્પ ઉમેરવામાં આવ્યો હોવાથી પહેલાથી જ વાલીઓને તક મળશે. આ ફેરફારને કારણે શાળાઓ હવે પોતાની મરજી મુજબ બાળકોને પાળી ફાળવી શકશે નહીં. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીના જણાવ્યા અનુસાર, આ ટેકનિકલ સુધારા બાદ હવે આરટીઈ હેઠળ પ્રવેશ માટેનો સત્તાવાર કાર્યક્રમ આગામી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# ચુંવાળીયા અને તળપદા કોળી સમાજની કાલે સંયુકત બેઠક

**અબતક, રાજકોટ**

રાજકોટ તળપદા કોળી સમાજ સંગઠન તથા સમસ્ત ચુંવાળીયા કોળી ઠાકોર મહામંડળ રાજકોટ બન્ને સંસ્થાના નવનિયુકત હોદેદારો, તમામ સભ્યઓનો પરિચય તથા સંયુકત અગત્યની બેઠક તેમજ સાથે ધાર્મિક, સામાજીક, રાજકીય ચિંતન શિબીર તા. ૨૨-૩ રવિવારે સાંજે ૪ થી ૬ કલાક સુધી આજી ડેમ ચોકડી પાસે, અનમોલ પાર્ક, રાજકોટ ખાતે રાખેલ છે. ફકત યુવાનો, મહિલાઓ, પ્રતિનિધિ મર્યાદિત સંખ્યામાં આમંત્રણ આપેલ છે. આ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવશે તેમ સમસ્ત કોળી એકતા ટ્રસ્ટ સમુહલગ્નોત્સવ સમીતીની અખબાર યાદીમાં જણાવેલ છે.

# કોટડાસાંગાણીના તત્કાલિન ઈન્ચાર્જ સરપંચ ધવલ વઘાસિયા ભ્રષ્ટાચારના ગુનામાં અંતે જામીન પર મુક્ત

## ખોટા રેકોર્ડ ઉભા કરી રૂ.૫૨.૫૯ લાખની નાણાકીય ગેરરીતિના ગુનામાં પૂર્વ ધારાસભ્યનો પુત્ર જેલ હવાલે હતો

**અબતક,રાજકોટ**

કોટડાસાંગાણી ગ્રામ પંચાયતમા ખોટા રેકોર્ડ ઉભા કરી આશરે ₹૫૨.૫૯લાખની નાણાકીય ગેરરીતિ આચરી રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારના ગુનામાં જેલ હવાલે રહેલા ગોંડલના પૂર્વ ધારાસભ્ય ચંદુભાઈ વઘાસિયા પુત્ર અને તત્કાલિન ઉપસરપંચ અને ઈન્ચાર્જ સરપંચ ધવલ વઘાસિયાનો લાંબી કાનૂની લડાઈના અંતે જામીન પર છુટકારો થયો છે.વધુ વિગત મુજબ કોટડા સાંગાણી તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોટડા સાંગાણી ગ્રામ પંચાયતના તત્કાલિન ઉપસરપંચ અને ઈન્ચાર્જ સરપંચ ધવલ ચંદુભાઈ વઘાસિયાએ ખોટા દસ્તાવેજો બનાવી અને વિકાસ કામોમાં ₹૫૨.૫૯લાખની ગેરરીતિ આચર્યા અંગેની ફરિયાદ નોંધવામાં આવી છે. હોદ્દાનો દુરઉપયોગ કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણીમા સ્ટેજના, ઈલેકટ્રીક



એડવોકેટ
વિજયરાજસિંહ જાડેજા

સાઉન્ડ મળી કુલ રૂ.૧૫,૮૦૦ ના બીલો મામલતદાર કચેરી દ્વારા ચુકવેલ હોવા છતા ખોટા બીલ/હીસાબ બનાવી ચુકવણી કરેલ હોવાનુ રેકર્ડ બનાવી તેમજ એટીવીટી યોજનાની ગ્રાન્ટના મજુર થયેલા સી.સી.રોડ ને બદલે ૧ ૧૨ ચો.મી. સી.સી. રોડનુ કામ કરી બાકીના ૪૯૪ ચો.મી. સી.સી.રોડનુ કામ સ્થળ પર નહી કરી તેના સરકારી નાણા ની ગેરરીતી કરી તેમજ નાણાપંચના વિકાસના મંજુર થયેલ પૈકી ૧૧ કામોમા નાયબ કાર્યપાલક ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરની સહીઓ વાળા બનાવટી પૂર્ણતા પ્રમાણપત્રો રજુ કરી ખોટુ સરકારી રેકર્ડ ઊભું કરી તેની ખરા તરીકે ઉપયોગ કરી અગાઉથી આયોજન કરી પોતાના ગુનાહીત હેતુ પાર પાડવા અંગે રૂ.૫૨,૫૯,૨૦૦ ની રોકડ રકમ મેળવી નાણાકીય ગેરરીતી આચરી અને સરકારી તંત્ર સાથે છેતરપીડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવી હતી.ગંભીર કૌભાંડને પગલે પોલીસે તપાસ હાથ ધરી ધવલ વઘાસિયાની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા. તપાસની દ્વારા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવતા ધવલ વઘાસિયાએ જામીન પર સૂટવા ગોંડલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જેની ચુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ વિજયરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલી દલીલમાં આરોપીએ કોઈ ખોટા બીલ બનાવેલ નથી ૧૨૦ બીનો ચાર્જ છે તે મુજબ કોઈ અન્ય આરોપીની ધરપકડ થયેલ નથી આરોપી સામે પ્રાઈમાફેસી લાંચ રૂશ્વત ધારાની કલમ લાગુ પડતી નથી આરોપીએ કોઈ ભ્રષ્ટાચાર કરેલ નથી તેમજ વિશેષમાં અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ભબશ વાળા કેસનું જજમેન્ટ રજૂ કરવામાં આવેલું હતું તમામ દલીલ અને દસ્તાવેજી પુરાવાને અંતે અદાલતે ધવલ વઘાસીયા ને ₹૧,૦૦,૦૦૦ ના શરતી જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૪૫ | ૭૨૮ | ૧૦૪૮ |
| લીંબુ | ૬૫૫ | ૧૩૨૭ | ૨૬૩૨ |
| સાકરટેટી | ૯૬ | ૧૫૪ | ૩૧૧ |
| તરબુચ | ૧૦૨ | ૨૦૫ | ૪૧૧ |
| પપૈયા | ૩૧ | ૯૩ | ૧૮૪ |
| બટેટા | ૪૩૨૦ | ૭૧ | ૨૪૪ |
| ડુંગળી સુકી | ૧૭૧૦ | ૫૩ | ૨૩૬ |
| ટમેટા | ૧૦૦૨ | ૮૯ | ૨૦૮ |
| સુરણ | ૧૦ | ૮૧૭ | ૧૦૨૬ |
| કોથમરી | ૩૪૨ | ૨૦૭ | ૪૧૧ |
| સકરીયા | ૨૯ | ૫૦૬ | ૭૧૨ |
| મુળા | ૫૭ | ૪૧૮ | ૬૦૭ |
| રીંગણા | ૪૩૧ | ૨૫૯ | ૪૫૬ |
| કોબીજ | ૩૮૧ | ૭૭ | ૧૧૮ |
| ફલાવર | ૨૫૨ | ૨૧૯ | ૪૫૭ |
| ભીંડો | ૧૧૦ | ૬૨૮ | ૯૪૯ |
| ગુવાર | ૧૪૮ | ૬૬૭ | ૧૦૧૪ |
| ચોળાસીંગ | ૯૧ | ૬૨૬ | ૧૦૪૭ |
| વાલોળ | ૧૩૩ | ૪૩૬ | ૬૮૮ |
| ટીંડોળા | ૪૪ | ૩૩૨ | ૬૪૩ |
| દુધી | ૩૧૧ | ૧૬૨ | ૨૮૧ |
| કારેલા | ૨૦૨ | ૫૧૮ | ૬૨૫ |
| સરગવો | ૫૩ | ૨૦૨ | ૪૪૫ |
| તુરીયા | ૩૭ | ૩૩૧ | ૫૪૨ |
| પરવર | ૨૦ | ૧૨૦૧ | ૧૪૧૮ |
| કાકડી | ૩૩૧ | ૧૬૧ | ૩૫૨ |
| ગાજર | ૩૫૪ | ૨૦૧ | ૨૯૨ |
| વટાણા | ૨૨૧ | ૬૦૭ | ૧૦૦૨ |
| ગલકા | ૧૨૧ | ૪૨૬ | ૫૩૨ |
| બીટ | ૨૨૧ | ૯૩ | ૧૭૯ |
| મેથી | ૨૭૨ | ૨૧૧ | ૪૧૮ |
| વાલ | ૫૭ | ૬૧૭ | ૮૨૪ |
| ડુંગળી લીલી | ૨૫૨ | ૨૪૧ | ૪૧૨ |
| આદુ | ૨૮૦ | ૯૧૩ | ૧૧૨૨ |
| મરચા લીલા | ૧૧૨૫ | ૪૧૩ | ૬૩૧ |
| લસણ લીલું | ૨૫ | ૫૨૨ | ૮૩૩ |
| મકાઈ લીલી | ૧૭૯ | ૧૩૯ | ૨૨૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૪૧૦ | ૧૬૪૭ |
| જુવાર સફેદ | ૦ | ૯૮૦ | ૧૦૩૪ |
| જુવાર પીળી | ૦ | ૪૫૦ | ૫૧૦ |
| બાજરી | ૪ | ૨૫ | ૩૦૦ |
| ચણા પીળા | ૦ | ૯૨૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૦ | ૧૧૧૦ | ૧૭૩૦ |
| અડદ | ૮૦ | ૯૦૦ | ૧૭૮૦ |
| મગ | ૯૦ | ૮૦૦ | ૧૭૭૦ |
| વાલ દેશી | ૩૦ | ૫૫૦ | ૯૮૬ |
| વટાણા | ૧૫૬૦ | ૮૪૦ | ૧૧૫૧ |
| કળથી | ૧૩ | ૩૫૦ | ૫૭૫ |
| રાજમા | ૨૭૫ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૨૦ | ૧૫૩૫ | ૨૦૯૮ |
| મગફળી જાડી | ૪૮૦ | ૧૦૭૫ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૪૮૦ | ૧૦૧૧ | ૧૫૦૪ |
| તલી | ૫૨૦ | ૧૫૦૦ | ૨૧૮૦ |
| સુરજમુખી | ૨૫ | ૬૫૦ | ૯૯૯ |
| સોયાબીન | ૩૬ | ૮૦૦ | ૧૦૩૦ |
| સીંગફાડા | ૪૬૦ | ૧૧૭૦ | ૧૭૫૬ |
| કાળા તલ | ૪૦ | ૨૫૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૩૦૦ | ૮૫૦ | ૧૪૫૦ |
| વરીયાળી | ૧૨ | ૧૦૦૦ | ૧૮૫૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૪૦૦ | ૪૩૦૦ |
| રાય | ૦ | ૧૦૭૦ | ૧૨૭૦ |
| અશેરીયો | ૧૪ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| કલોંજી | ૨૨૦ | ૨૧૫૦ | ૩૨૫૦ |
| રાયડો | ૦ | ૧૦૨૦ | ૧૧૭૧ |

# વિંછીયાના ગોરૈયા ગામે બે વર્ષથી પ્રેક્ટિસ કરતો ઝોલાછાપ તબીબ ઝડપાયો

## ગ્રેજ્યુએશન કરી ડોક્ટર બની બેઠેલા શખ્સને દવા, ઈન્જેકશન સહિતના મેડિકલ સાધનો સાથે રૂરલ એસઓજી ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

વિછીંયાના ગોરૈયા ગામે બે વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ તબીબને રૂરલ એસઓજીની ટીમે દબોચી મેડિકલ સાધનો કબ્જે કર્યા હતાં.ગ્રેજ્યુએશન કરેલ શખ્સ તબીબ બની ક્લિનિક ચલાવવા લાગ્યો હતો.



દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ પલાળીયા અને વિજયભાઈ વેગડને વિછીંયાના ગોરૈયા ગામ બસસ્ટેન્ડની પાછળ, ચબુતરાની બાજુમાં મેરૂભાઈ ખાંભલ્યાના ભાડાના મકાનમાં ધર્મેશભાઈ ડેરવાળીયા નામનો શખ્સ કોઈપણ મેડીકલ ડીગ્રી ધરાવતો ન હોવા છતા ગેરકાયદેસર કલીનીક ચલાવે છે અને હાલે તેની પ્રેક્ટીસ ચાલુ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે દરોડો પાડી ક્લિનિકમાં તપાસ કરતાં ખુરશી ઉપર ગળામાં સ્ટેથોસ્કોપ સાથે બેઠેલ એક શખ્સને અટકમાં લઈ તેનું નામ પુછતા પોતાનુ નામ ધર્મેશ હરજીભમ ડેરવાળીયા (ઉ.વ.૩૫, હાલ રહે, વિંછીયા સત્યજીત સોસાયટી, વિંછીયા, મુળ રહે, સુરકા ગામ, બોટાદ) હોવાનુ જણાવેલ હતું.

એસઓજીની ટીમે તે શખ્સ પાસે મેડીકલ પ્રેક્ટીશને લગતી કોઈ ડીગ્રી હોય તો રજુ કરવાનું કહેતા તેની પાસે કોઈ મેડિકલ ડિગ્રી ન હોવાનું જણાવ્યું હતું અને પોતે આ કલીનીક દોઢેક વર્ષથી ચલાવતો હોવાનુ અને કલીનીકમાં તપાસ કરતા કલીનીકમાંથી જુદા-જુદા દર્દો મટાડવાની ટેબ્લેટસ તથા ઈન્જેકશનો તથા સીરીજ તથા નીડલ તથા મેડીકલ પ્રેકટીશને લગતા અન્ય સાધનો તથા દવાઓ મળી આવેલ હતાં. પોલીસે કુલ રૂ.૨૪૫૫૪ ના મેડિકલ સાધનો કબ્જે કરી બોગસ તબીબની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કરેલ છે અને તે બે વર્ષથી બોગસ તબીબ બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનું સામે આવ્યું છે.

# જલારામ ચોકમાં પટેલવાડી ખાતે કાલે નિઃશુલ્ક સર્વરોગ અને કેન્સર નિદાન કેમ્પ

## સરદાર પટેલ સેવા સમાજ-સોશિયલ ગ્રુપ અને મહિલા સેવા સમિતિની પહેલ

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં જલારામ ચોક નજીક સ્થિત પટેલવાડી ખાતે કાલે નિઃશુલ્ક સર્વરોગ અને કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પ સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ, સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ અને મહિલા સેવા સમિતિના સંયુકત ઉપક્રમે આયોજન કરાયું છે. દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કરાયો છે.

આ કેમ્પમાં સિનિયર ન્યુરો સ્પાઈન સર્જન ડો. પ્રકાશ મોઢા, સ્પાઈન ઓર્થોપેડીક નિષ્ણાંત ડો. કલ્પેશ બજાણીયા, ચામડી રોગના નિષ્ણાંત ડો. ઓમદેવસિંહ ગોહિલ, નેફ્રોલોજિસ્ટ ડો. વિપુલ પરમાર, ક્રિટીકલ કેર વિભાગના ડો. આકાશ કોરવાડિયા, ઈએનટી સર્જન ડો. વૈભવ હાપલીયા, ફિઝિયોથેરાપીસ્ટ ડો. મીત ગરધરીયા પોતાની સેવા આપશે આ ઉપરાંત કેન્સર રોગ નિદાન માટે ડો. અશ્વિની જસાણી, ડો.સારંગ વાઘમારે, ડો.વિજયહરિશચંદ્ર તિવારી સેવા આપશે. કેમ્પનો સમય સવારે ૮ કલાકથી બપોરે ૧ કલાક સુધીનો રહેશે. કેમ્પમાં નામ નોંધણી માટે મીનાબેન પરસાણા ૯૯૦૪૯૨૪૨૩૪નો સંપર્ક સાધવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગીર ગઢડામાં અઢી, ઉનામાં અર્ધો ઈંચઃ આજથી વાતાવરણ ચોખ્ખુ થશે

## સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં આજથી ગરમીનું જોર વધશેઃ સવારના સમયે વાતાવરણમાં ઠંડકઃ વિજળી પડતા ભેંસનું મોત ત્રણ મહિલાઓ દાઝી

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે રાજયમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગુરુવારે ૧૨૧ તાલુકાઓમાં વરસાદ ડ્યા બાદ શુક્રવારે માવઠાનું જોર ઘટયું હતું. ગઈકાલે માત્ર બે તાલુકામાં કમોસમી વરસાદ પડયો હતો. ગીર ગઢડામાં જાણે ચોમાસુ બેઠુ હોય તેમ અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો જયારે ઉનાના અર્ધા ઈંચ પાણી પડયું હતું. આજથી માવઠાનું જોર ઘટી જશે. વાતાવરણ ચોખ્ખુ થઈ જશે ગરમીનું જોર વધશે.

ગીર વિસ્તારમાં અચાનક વાતાવરણ પલટો, ખેડૂતો ચિંતામાં ગીર ગઢડાના ખીલાવડ ધોકડવા બેડીયા સહિત ગીર વિસ્તારમાં કમોસમી વરસાદ પડયો હતો.

ખેડૂતોમાં દોડધામ મચી ગઈ હતી.

બાગાયતી પાકને લઈને ખેડૂતોમાં ચિંતા વધી ગઈ છે. આ વર્ષે કેસર કેરીમાં પણ ભારે નુકસાની થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ભારે પવનના કારણે ઘણી જગ્યાએ કેરી જમીન પર પડી ગઈ છે.

જેના કારણે કેરીની ગુણવત્તા પર અસર પડશે અને કેરી ખાટી થવાની શક્યતા પણ વધી ગઈ છે.હજુ સુધી શિયાળાની અસર અને અગાઉના નુકસાનમાંથી ખેડૂત બહાર આવી શક્યા નથી, ત્યારે ઉનાળામાં પણ વરસાદની દહેશત ખેડૂતોને ચિંતામાં મૂકી રહી છે.


તસવીરઃ મનુ કવાડ, ગીર ગઢડા

**કમોસમી વરસાદ અને વાવાઝોડાએ કેરીની મીઠાશ બગાડી**

ખેડૂતોના મુખ્ય પાક જેમ કે ચણા, ઘઉં, બાજરી, તલ, જુવાર અને મકાઈ પર પણ આ બદલાયેલા વાતાવરણની અસર થવાની શક્યતા છે.

કમોસમી વરસાદ સાથે ભારે પવનથી ભડેશ્વર મંદિરના પતરા ઉડ્યા હતા.

ભારે પવનના ઝોકામાં મંદિરના પતરા ઉડી ગયા હતા, જેના કારણે મંદિર પરિસરમાં નુકસાન થયું છે. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

ઉના અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં સામતેર , સનખડા , ભાચા , કંસારી, અંજાર, દેલવાડા, નવાબંદર, સિમર, સૈયદ રાજપરા, કેસરિયા, વાસોજ , વિગેરે ગામો માં એક થી દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે પવન સાથે વરસાદ વરસતા આંબાના ના ઝાડ ઉપર રહેલ કેસર કેરી ખરી ગઈ છે. કેરી ના પાક ને મોટું નુકશાન થયું છે. તેમજ ખેતર માં વાવેલ ઘઉં, ડુંગળી, ઉનાળુ બાજરી, તલ, અડદ, કેળા ના પાક ને પણ ભારે નુકશાન થયું છે. ખેડૂત ના મોઢે આવેલ કોળિયો ઝૂંટવાઈ ગયો છે. ખેડૂત ચિંતા માં મુકાઈ ગયો છે.

ગીર ગઢડા શહેર અને તાલુકા ના ગામો ઝાંખિયા, બાબરીયા, ભાખા , થોરડી, જામવાળા, કોદીયા , ફાટસર, ઈટવાયા, દ્રોણ, જુડ વડલી, વડવિયાળા, ખાપટ, જરગલી, સનવાવ, ઉમેદ પરા, હરમડીયા, વિગેરે ગામો પણ ભારે પવન સાથે વરસાદ એક થી અઢી ઈંચ વરસાદ વરસ્યો ના અહેવાલ મળ્યા છે. તેમજ ખેતર માં ખેતીના પાક અને બાગાયત પાક

(અનુ. આઠમા પાને)

### હાશ... ટાટા પાવરનો છૂટકારો કરતી "સરકાર"

# મુંદ્રા સ્થિત ૫ રાજયોને વીજળી પૂરી પાડતો ટાટા પ્લાન્ટ કાર્યરત થશે

## ઉનાળામાં વીજળી મોંઘા ભાવે બહારથી ખરીદવી પડતી હતી, તેના બદલે હવે રાજ્યમાં જ સસ્તી વીજળી ઉત્પન્ન થશે

**અબતક, દિલ્હી**

છેલ્લા ૨૭૦ દિવસથી જે પાવર પ્લાન્ટના યુનિટો બંધ પડ્યા હતા, જેના કારણે કંપનીને દરરોજ કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવું પડતું હતું, તે મડાગાંઠનો હવે અંત આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા પૂરક કરારને મંજૂરી મળતા જ ટાટા પાવરને માત્ર આર્થિક નુકસાનીમાંથી જ નહીં, પણ વર્ષો જૂની કાનૂની અને વહીવટી ગૂંચવણોમાંથી પણ મોટો 'છૂટકારો' મળ્યો છે.

૯ મહિના સુધી પ્લાન્ટ બંધ રહેવાને કારણે કંપનીને જાળવણી ખર્ચ અને વ્યાજના કારણે અબજો રૂપિયાનું ભારણ હતું. સરકારે મધ્યસ્થી કરીને વીજ દર નક્કી કરવાની નવી ફોર્મ્યુલા આપી, જેનાથી કંપનીને હવે ઘરના ખર્ચે વીજળી વેચવી નહીં પડે. ઉનાળામાં વીજળી મોંઘા ભાવે બહારથી ખરીદવી પડતી હતી, તેના બદલે હવે રાજ્યમાં જ સસ્તી વીજળી ઉત્પન્ન થશે.

છેલ્લા ઘણા સમયથી જે પ્રોજેક્ટ પર સૌની નજર હતી, તે ગુજરાત સરકારે ટાટા પાવર સાથે પૂરક પાવર પરચેઝ એગ્રીમેન્ટને લીલી ઝંડી આપી દીધી છે. આ નિર્ણયને કારણે કચ્છના મુંદ્રામાં આવેલો ૪,૦૦૦ મેગાવોટનો વિશાળ પાવર પ્લાન્ટ આવતા અઠવાડિયાથી ફરી શરૂ થઈ શકે છે. ટાટા પાવર અને ગુજરાત સરકાર વચ્ચે જૂના કરારમાં સુધારા કરવામાં આવ્યા છે.



હવે નવા નિયમો મુજબ વીજળીના ભાવ નક્કી થશે.

ટાટા પાવરને પણ હવે કોલસાના બદલાતા ભાવ સામે રક્ષણ મળશે. ટાટા પાવર જેવી મોટી કંપનીનો પ્લાન્ટ ફરી શરૂ થવો એ રાજ્યના ઉધોગો અને સ્ટોક માર્કેટ માટે પોઝિટિવ સમાચાર છે. આ કરારથી વીજળીનો પૂરવઠો સતત જળવાઈ રહેશે, જે સામાન્ય જનતા અને ખેડૂતો માટે જરૂરી છે.

### શા માટે અત્યાર સુધી મંજૂરી નહોતી મળતી?

મુંદ્રા પ્લાન્ટ સંપૂર્ણપણે ઈન્ડોનેશિયાથી આવતા આયાતી કોલસા પર નિર્ભર છે. ૨૦૧૧માં ઈન્ડોનેશિયા સરકારે તેના કોલસાના ભાવ આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડી દીધા, જેના કારણે કોલસો ઘણો મોંઘો થઈ ગયો. ટાટા પાવરે ૨૦૦૭માં જે કરાર કર્યો હતો તેમાં વીજળીના ભાવ ફિક્સ હતા. કોલસાના ભાવ વધ્યા છતાં કંપની ગ્રાહક રાજ્યો પાસેથી વધુ પૈસા વસૂલી શકતી નહોતી. પરિણામે ટાટા પાવરને દરેક યુનિટ દીઠ મોટું નુકસાન થવા લાગ્યું. ટાટા પાવરે નુકસાન ભરપાઈ કરવા માટે વધારાના ભાવની માંગ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનમાં આ મામલો લાંબો સમય ચાલ્યો. રાજ્યો વધારાના ભાવ આપવા તૈયાર નહોતા કારણ કે તેનાથી જનતા પર બોજ વધે તેમ હતો. હાલમાં ઉનાળાની સિઝન નજીક હોવાથી વીજળીની ભારે અછત સર્જાય તેવી શક્યતા છે. આથી, ગુજરાત સરકારે મધ્યસ્થી કરી અને પૂરક કરાર મંજૂરી આપી.

# સૌરાષ્ટ્રના ૩૧ સહિત રાજયના ૮૦ નાયબ મામલતદારોની બદલી

## રાજકોટના દિગ્વીજયસિંહ પી. ડોડીયા અને બલવંતકુમાર જે ડાભીની બોટાદમાં બદલી

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના ૩૧ સહિત ૮૦ નાયબ મામલતદારોની જિલ્લા ફેર બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત મહેસુલ કારકુન અને મહેસુલી તલાટીને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

પોરબંદરના નાયબ મામલતદાર કે.બી. રાવલની છોટા ઉદેપુરમાં, જામનગરના રશ્મીકાંત ચૌહાણની અમદાવાદમાં, દેવભૂમિ દ્વારકાના વી.સી. મોલાડીયાની બોટાદમાં દેવભૂમિ દ્વારકાના પુજાબેન બેલાણીની અમદાવાદમાં, પોરબંદરના નિકુંજ હાડીયાની ડાંગ ખાતે, દેવભૂમિ દ્વારકાના નરેશભાઈ વંકરની નર્મદા જિલ્લામાં, દેવભૂમિ દ્વારકામાં વિક્રમસિંહ ગોહિલની ગાંધીનગર ખાતે પોરબંદરના નાયબ મામલતદાર એ.આર. કુમારની ભરુચ જિલ્લા ખાતે બદલી કરવામાં આવી છે.

રાજકોટના નાયબ મામલતદાર દિગ્વીજયસિંહ પી. ડોડીયાની બોટાદ ખાતે, જુનાગઢના કિંજલ વી. મકવાણાની અમદાવાદ ખાતે, રાજકોટના બલવંતકુમાર જે. ડાભીની બોટાદ ખાતે, બોટાદના કે.સી. ચૌહાણની અમદાવાદ ખાતે,

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાંધણગેસ માટે લાઈન લગાવવાની જરૂર નથી

## મોબાઈલના એક ક્લિકથી ઘરે આવશે સિલિન્ડર, વોટ્સએપ, મિસ્ડકોલ, એસએમએસ, ઓનલાઈન બુકિંગ અને સ્માર્ટફોન એપથી બુકિંગ થશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના દિશાનિર્દેશનમાં રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી છે. ગેસ એન્જસીઓ તરફથી એલપીજી સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઈને લાઇનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

નાગરિકોને મોબાઈલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે. બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કોલ, એસએમએસ બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે. તે સિવાય પાર્ટનર વોલેટ અને બેન્કિંગ એપની મદદથી

(અનુ. આઠમા પાને)


# યુસીસીનો અમદાવાદમાં વિરોધ

## ઈદની નમાજ અદા કર્યા બાદ જામા મસ્જીદની બહાર એઆઈએમઆઈએમના કાર્યકરોએ પ્લે કાર્ડ બતાવી વિરોધ કર્યો

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં હવે ટુંક સમયમાં યુનિફોર્મ સિવીલ કોર્ડ લાગુ કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. આવતા સપ્તાહે વિધાનસભા ગૃહમાં યુસીસી બીલ મૂકવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. જેની સામે વિરોધ શરુ થઈ ગયો છે.આજે રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં જામા મસ્જીદ ખાતે આજે સવારે ઈદની વિશેષ નમાજ અદા કર્યા બાદ મસ્જીદની બહાર એઆઈએમઆઈએમના કાર્યકરો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હાથમાં યુસીસીનો વિરોધ કરતા પ્લે બોર્ડ દેખાડવા હતા. મસ્જીદની બહાર બંદોબસ્ત માટે હાજર રહેલા પોલીસ કર્મચારીઓ દ્વારા એઆઈએમઆઈએમના કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. યુસીસી બીલનો વિરોધ રાજયના અન્ય કોઈ શહેર સુધી ન પહોચે તે માટે સરકાર સજજ બની ગઈ છે. યુસીસી માટે રચાયેલી કમિટીએ રાજય સરકારને આખરી અહેવાલ રિપોર્ટ સુપરત કર્યા બાદ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગત બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં યુસીસી બીલને બહાલી આપી દેવામાં આવી હતી. દરમિયાન આગામી ૨૪મી માર્ચના રોજ આ બીલ ગૃહમાં રજુ કરી દેવામાં આવશે.





હાર્દિક અભિનંદન

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ કિશાન મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી થવા બદલ **શ્રી સુરેશભાઈ વસરા**ને ખૂબ ખૂબ અભિનંદન...!

**ગૌસેવા એજ પ્રભુ સેવા**ના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરી, નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર કર્મનિષ્ઠ યુવા અગ્રણીને આ નવી જવાબદારી મળવી એ ગૌરવની વાત છે. ઈશ્વર તેમને ખેડૂત હિત અને સમાજ સેવાના કાર્યોમાં ઉત્તરોત્તર સફળતા અર્પે તેવી મંગલ કામના સહ ખૂબ-ખૂબ શુભેચ્છા...!

આ નિમણૂંક બદલ ભાજપ પ્રદેશ અધ્યક્ષ **શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા** અને પ્રદેશ કિશાન મોરચાના પ્રમુખ **શ્રી હિરેનભાઈ હિરપરા**નો આભાર વ્યક્ત કરીએ છીએ...

**શ્રી સુરેશભાઈ વસરા**
ઉપાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ કિશાન મોરચો
ભારતીય જનતા પાર્ટી

:: શુભેચ્છકો ::

| | | | |
|---|---|---|---|
| વિજયભાઈ સુરાભાઈ ધ્રાંગુ<br>ગામઃ સણખલા | કાનાભાઈ આલાભાઈ કરંગીયા<br>સિધ્ધી-વિનાયક ડેવલોપર્સ - કૃષ્ણગઢ | રણમલભાઈ મેરગભાઈ કાંબરીયા<br>પ્રમુખશ્રી આહિર સમાજ, જામનગર | મહેશભાઈ મેરામણભાઈ નંદાણીયા<br>રૂદ્ર એન્ટરપ્રાઈઝ - ભીંડા |
| હીતેશભાઈ જેશાભાઈ ગાગલીયા<br>ગામઃ લાંબા | ભાવેશભાઈ હમીરભાઈ ગાગીયા<br>ગાગીયા એન્ડ સન્સ - વિલાસપુર | ધરણાંતભાઈ નારણભાઈ સોલંકી<br>ગામઃ રૈયાણ | નરેશભાઈ ધનાભાઈ કરમુર<br>શ્રધ્ધા સ્ટેશનરી - જામ આંબરડી |
| કારુભાઈ સાજણભાઈ પાંઉ<br>ભાજપ ગૌ સંવર્ધન સેલ - જામનગર | રાજુભાઈ નારણભાઈ ચોચા<br>ગામઃ મોટી ભલસાણ | હીરેનભાઈ કિશનભાઈ માડમ<br>ગામઃ જામનગર | જીગરભાઈ ગોવિંદભાઈ માડમ<br>શિવ કન્ટ્રક્શન - જામનગર |
| જેશાભાઈ રામભાઈ ચાવડા<br>ગામઃ જામનગર | દેવાતભાઈ ભાયાભાઈ બંધીયા<br>ગામઃ લાખાસર | હેમતભાઈ નથુભાઈ જોગલ<br>ન્યુ મોમાઈ એન્ટરપ્રાઈઝ - સણોસરી | કરશનભાઈ હરદાસભાઈ કેર<br>ગામઃ મોટી ખોખરી |
| કિશોરભાઈ રામભાઈ રાવલીયા<br>ક્રિષ્ના ડેવલોપર્સ - સતાપર | કુંભનભાઈ કાનાભાઈ ગાગલીયા<br>ગામઃ જશાપર | વિજયભાઈ રાજેશભાઈ બોદર<br>ક્રિષ્ના બંગ્લોઝ - નંદાણા | ધર્મેશભાઈ સવદાસભાઈ આંબલીયા<br>ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ-જામનગર ગામઃ નંદાણા |
| રમેશભાઈ ગોવાભાઈ ગાગલીયા<br>જય ખોડિયાર કો-ઓર્ડિનેટ - મોટા કાલાવડ | ગોવિંદભાઈ લાખાભાઈ કોટા<br>ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ - જામનગર | રાજુભાઈ વજશીભાઈ આંબલીયા<br>રૂદ્ર ઈન્ફોટેક - ગઢકા | રામશીભાઈ લખમણભાઈ કંડોરીયા<br>શ્રીરામ ગૃપ - પટેલકા |
| વિજયભાઈ સામતભાઈ કરમુર<br>આદર્શ કન્ટ્રક્શન - જામ હાબરડી | શૈલેષભાઈ જેઠાભાઈ ગોજીયા<br>ગામઃ જામનગર | નીલેશભાઈ પીઠાભાઈ કંડોરીયા<br>ધાર્વી માર્કેટીંગ - ચારણતુંગી | નારણભાઈ મારખીભાઈ પોપાણીયા<br>ગામઃ મોટી ભલસાણ |
| નીલેશભાઈ લખુભાઈ કનારા<br>ક્રિષ્ના કન્ટ્રક્શન - મોડપર | પરબતભાઈ પાલાભાઈ માડમ<br>ક્રિષ્ના ગ્લોબલ સ્કુલ - પીંડારા | પ્રવિણભાઈ ધાનાભાઈ ભારવાડીયા<br>શ્રી દ્વારકાધીશ મેટલ - કલાણપર | હેમલભાઈ હરદાસભાઈ ચાવડા<br>બંસી & મનન બંગ્લોઝ-જામનગર - નંદાણા |
| અનિલભાઈ રામભાઈ કંડોરીયા<br>આતુલ્યમ હેવન - પટેલકા | બાબુભાઈ રામભાઈ ભારવાડીયા<br>ગામઃ આંબરડી મેઘપર | પીયુશભાઈ જેશાભાઈ ગોજીયા<br>ગામઃ માટેલા | લખનભાઈ પાંચાભાઈ ડાંગર<br>બંસી વિદ્યાલય-ગુલાબનગર-નેશડા |
| દિપકભાઈ હરીભાઈ જાટીયા<br>વે-બ્રિજ - રામપર | ભરતભાઈ બેડીયાવદરા<br>ગામઃ બાકોડી | જયેશભાઈ વજશીભાઈ નંદાણીયા<br>જે. એન. એસોસીએશન - ભીંડા | વીરમભાઈ બેરા<br>ગામઃ માંડપર |
| ખીમાણંદ વારોતરીયા<br>ગામઃ સુર્યાવદર | સંજયભાઈ રાવલીયા<br>ગામઃ લાંબા | ધાર્મિકભાઈ કાંબરીયા<br>ગામઃ વાવડી | સામતભાઈ બેડીયાવદરા<br>ગામઃ કેશુપર |